અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૭ જુલાઈ ૨૦૨૫, સોમવાર
વિક્રમ સંવત ૨૦૮૧, અષાઢ સુદ ૧૨

વર્ષ : ૧૭
અંક : ૦૮

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાનું એલાન

## લોક જનશક્તિ પાર્ટી બિહારમાં ૨૪૩ વિધાનસભા સીટ પર ચૂંટણી લડશે

### NDA માં સામેલ લોક જનશક્તિ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષે વિધાનસભાની ચુંટણી પહેલા આપેલું આ નિવેદન બીજેપી અને જેડીયુની મુશ્કેલી વધારી શકે

। (એજન્સી) પટણા, તા.૬ ।

કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને રવિવારે કહ્યું એ તે બિહારના હિત માટે આગામી વિધાનસભાની ચુંટણી લડવા ઈચ્છે છે. તેમને કહ્યું તેના વિરોધીઓ તેમના રસ્તામાં અડચણો લાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. રવિવારે છપરાના રાજેન્દ્ર સ્ટેડિયમમાં યોજવામાં આવેલ નવ સંકલ્પ મહાસભા ને સબોધિત કરતાં લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ) ના અધ્યક્ષે આ મોટું એલાન કરી દીધુ. ચિરાગ પાસવાને કહ્યું કે તેમની પાર્ટી બિહારની ૨૪૩ વિધાનસભાની સીટો પર ચુંટણી લડશે. NDA માં સામેલ લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ) ના રાષ્ટ્રીય અધ્યક્ષ ચિરાગ પાસવાનનું વિધાનસભાની ચુંટણી પહેલા આપેલું આ નિવેદન બીજેપી અને જેડીયુની મુશ્કેલી વધારી શકે છે.



**જનશક્તિ પાર્ટી (રામવિલાસ)ના અધ્યક્ષે આ મોટું એલાન કરી દીધુ**

**રવિવારે છપરાના રાજેન્દ્ર સ્ટેડિયમમાં યોજવામાં આવેલ નવ સંકલ્પ મહાસભાને સબોધિત કરતાં લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ) ના અધ્યક્ષે આ મોટું એલાન કરી દીધુ. ચિરાગ પાસવાને કહ્યું કે તેમની પાર્ટી બિહારની ૨૪૩ વિધાનસભાની સીટો પર ચુંટણી લડશે. NDAમાં સામેલ લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ) ના રાષ્ટ્રીય અધ્યક્ષ ચિરાગ પાસવાનનું વિધાનસભાની ચુંટણી પહેલા આપેલું આ નિવેદન બીજેપી અને જેડીયુની મુશ્કેલી વધારી શકે છે.**

ચિરાગ પાસવાને બિહારની રાજધાની પટનામાં ઉદ્યોગપતિ ગોપાલ ખેમકાની હત્યા પર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું, આવી ઘટનાઓ એવી સરકારમાં બની રહી છે જે સુશાસન માટે જાણીતી છે. હું પણ તે સરકારને ટેકો આપું છું. આ ખરેખર ચિંતાનો વિષય છે. હું આ પ્રશ્નથી ભાગવાનો પ્રયાસ કરીશ નહીં, અને આપણી સરકારે પણ એવું કરવાનો પ્રયાસ કરવો જોઈએ નહીં. જો આટલી મોટી ઘટના શહેરી વિસ્તારોમાં ખુલ્લેઆમ બને છે, જો તે આવા પોશ વિસ્તારમાં બને છે, તો તે ખૂબ જ ગંભીર બાબત છે. હું સરકાર તેમજ સ્થાનિક વહીવટીતંત્રના સંપર્કમાં છું પરંતુ આવી ઘટનાઓ આપણી ચિંતામાં વધારે છે. જો (ગોપાલ ખેમકાના) પરિવાર ડરી ગયો છે, તો તે વાજબી છે. આ એક એવો પરિવાર છે જેણે પહેલા પણ આનો સામનો કર્યો છે. શું સ્થાનિક વહીવટીતંત્રે પરિવારને સુરક્ષા પૂરી પાડી હતી?... તે વહીવટીતંત્રની જવાબદારી હતી.

### લોકસભા ચૂંટણી દરમિયાન વિપક્ષે પણ અનામતના નામે ભ્રમ ફેલાવ્યો હતો



**ચિરાગ પાસવાને કહ્યું કે હત્યા રાજધાની પટનામાં થાય કે બિહારના કોઈ દૂરના ગામમાં, કાયદો અને વ્યવસ્થા માટે સરકારે જવાબદાર બનવું પડશે. ચિરાગે કહ્યું કે સરકાર જવાબદારીથી ભાગી શકે નહીં. શહેરી વિસ્તારોમાં ખુલ્લેઆમ ઘટનાઓ બને છે. પોલીસ સ્ટેશન બાજુમાં હતું, અધિકારીઓ એક જ વિસ્તારમાં રહે છે. જો આવી ઘટના આવા પોશ વિસ્તારમાં બને છે, તો તે ચિંતાનો વિષય છે. આપણે જોવું પડશે કે સુશાસનના શાસનમાં ગુનેગારોને આટલી બધી શક્તિ ક્યાંથી મળી. સરકારે ગંભીર બનવું પડશે. એલજેપી પ્રમુખે કહ્યું કે બિહારમાં ડોમિસાઇલ નીતિ લાગુ થવી જોઈએ, હું તેના સમર્થનમાં છું. તેજસ્વી યાદવનું નામ લીધા વિના તેમણે કહ્યું, જ્યારે ૨૦૨૩માં બિહારમાં મહાગઠબંધન સરકાર સત્તામાં હતી, ત્યારે આરજેડીના નાયબ મુખ્યમંત્રી અને આરજેડીના શિક્ષણ મંત્રી હતા, જેમણે ડોમિસાઇલ નીતિનો અંત લાવ્યો હતો. તેમણે વિપક્ષી પક્ષો પર લોકસભા ચૂંટણી દરમિયાન અનામત અંગે ભ્રમ ફેલાવવાનો આરોપ લગાવ્યો. ચિરાગ પાસવાને કહ્યું, વિપક્ષે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લોકોને ભ્રમિત કરવા માટે ઘણી ખોટી વાતો ચલાવી છે. લોકસભા ચૂંટણી દરમિયાન વિપક્ષે પણ અનામતના નામે ભ્રમ ફેલાવ્યો હતો. વિધાનસભા ચૂંટણી દરમિયાન વિપક્ષ ફરીથી ભ્રમ ફેલાવશે. જ્યાં સુધી ચિરાગ પાસવાન જીવિત છે, ત્યાં સુધી અનામત કે બંધારણને કોઈ ખતરો નથી. હું ખાતરી કરીશ કે જ્યારે હું ચોકીદારની ભૂમિકામાં હોઈશ. હું સમાજમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, પછાત, અત્યંત પછાત, વંચિત વર્ગના લોકો માટે ચોકીદાર છું.**

### ભારત અંગે ટ્રમ્પ લેશે અંતિમ નિર્ણય

## પહેલી ઓગસ્ટથી એક ઝાટકે ૧૦૦ દેશો પર ટેરિફ લગાવશે અમેરિકા

### ડોનાલ્ડ ટ્રમ્પે ૧૨ દેશો પર ટેરિફ બોમ્બ ફોડવાની તૈયારી કરી છે, જેની જાહેરાત સોમવારે થવાની સંભાવના છે



। (એજન્સી) વોશિંગ્ટન, તા.૬ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા વિવિધ દેશો પર લાદવામાં આવેલા રેસિપ્રોકલ ટેરિફમાં આપવામાં આવેલી ૯૦ દિવસની રાહત ૯ જુલાઈના રોજ પૂર્ણ થવા જઈ રહી છે. આ ડેડલાઈન પૂર્ણ થાય તે પહેલાં જ અમેરિકાએ ચોંકાવનારી જાહેરાત કરી છે. આગામી ૧ ઓગસ્ટથી વિશ્વના આશરે ૧૦૦ દેશોમાંથી આયાત પર ટ્રમ્પ ટેરિફ લાદવાની જાહેરાત કરી છે, જે ૧૦ ટકા રહેશે. અમેરિકાના ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટે આ અંગે માહિતી આપી હતી. સ્કૉટ બેસેન્ટે ગ્લોબલ ટ્રેડ સ્ટ્રેટેજીનો હવાલો આપતાં જણાવ્યું હતું કે, બેઝલાઈન ટેરિફ વ્યાપક રૂપે લાગુ થશે. આ ટેરિફ એવા દેશો પર પણ લાગુ થશે, જેની સાથે વોશિંગ્ટન હાલ વાટાઘાટ કરી રહ્યું છે. અમે જોઈશું કે, પ્રમુખ ટ્રમ્પ ટ્રેડ ડીલ કરનારા દેશો સાથે કેવો વ્યવહાર રાખે છે. મારા મત મુજબ અમે ૧૦૦ દેશો પર લઘુત્તમ ૧૦ ટકાનો ટ્રમ્પ ટેરિફ લાદીશું. બેસેન્ટની આ સ્પષ્ટતાથી ભારતની ચિંતા વધી છે. જો કે, અંતિમ નિર્ણય ટ્રમ્પ લેશે.

ડોનાલ્ડ ટ્રમ્પે ૧૨ દેશો પર ટેરિફ બોમ્બ ફોડવાની તૈયારી કરી છે. જેની જાહેરાત સોમવારે થવાની સંભાવના છે. રિપોર્ટ્સ અનુસાર, ટ્રમ્પે જણાવ્યું હતું કે, આશરે એક ડઝન દેશો માટે વેપાર પત્ર પર હસ્તાક્ષર કર્યા છે. યાદીમાં સામેલ ઘણા દેશોને આ પત્ર 'ટેક ઈટ ઓર લીવ ઈટ' (સ્વીકાર કરો અથવા છોડી દો)ના અલ્ટીમેટમ સાથે આગામી સપ્તાહના પ્રથમ દિવસે મોકલવામાં આવશે. આ યાદીમાં સામેલ દેશોની હાલ જાહેરાત થઈ નથી. ન્યૂજર્સી જતી વખતે એરફોર્સ વનમાં પત્રકારો સાથે વાતચીત કરતાં ટ્રમ્પે ૧૨ દેશો પર ટેરિફ બોમ્બ ફોડવાનો સંકેત આપ્યો હતો. આ યાદીમાં કથિત રૂપે ભારત, જાપાન અને યુરોપિયન યુનિયનના દેશો સામેલ હોઈ શકે છે. ઉલ્લેખનીય છે, ૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ ટ્રમ્પે વિવિધ દેશો પર રેસિપ્રોકલ ટેરિફ લાદ્યો હતો. તેમજ ૧૦ ટકા બેઝ ટેરિફ પણ લાદ્યો હતો. જેમાં રેસિપ્રોકલ ટેરિફમાં ૯૦ દિવસની રાહત આપી હતી. જે હવે પૂર્ણ થવાના આરે છે. જ્યારે ૧૦ ટકાનો બેઝ ટેરિફ તો લાગુ જ છે. એવામાં આ વધારાનો ૧૦ ટકા ટ્રમ્પ ટેરિફ ઘણા દેશોના નિકાસ વેપાર પર બોજો વધારશે. ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ સકારાત્મક ધોરણે આગળ વધી રહી હોવાના બંને દેશોએ સંકેત આપ્યા છે. પરંતુ હજી સુધી કોઈ ઠોસ નિર્ણય જાહેર થયો નથી. કોઈ વચગાળાનો કરાર ન થતાં ૯ જુલાઈ બાદ ભારતની અમેરિકા નિકાસ પર અસર થઈ શકે છે. બંને દેશો વચ્ચે ટ્રેડ ડીલ અમેરિકા દ્વારા કૃષિ અને ડેરી ક્ષેત્રે મુદ્દે બજાર ખુલ્લુ મુકવાની માગ વચ્ચે અટવાઈ હોવાના અહેવાલો છે. આ સિવાય ભારતે ટેક્સટાઈલ, લેધર અને જેમ્સ-જ્વેલરી મુદ્દે માર્ગ મોકળો કરવાની માગ કરી છે.

### નેશન ફર્સ્ટ અમારો મૂળ મંત્ર છે : કૃષિ મંત્રી શિવરાજસિંહ

। નવી દિલ્હી, તા.૬ ।

ભારત અને અમેરિકા વચ્ચે ચાલી રહેલી વેપાર મંત્રણા મુદ્દે અમેરિકા ગયેલી ભારતીય પ્રતિનિધિની ટીમ પરત આવી ચૂકી છે. થોડા સમયમાં બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય વેપાર મુદ્દે સકારાત્મક ચર્ચાઓ ચાલી રહી હતી. પરંતુ અમુક મુદ્દાઓ પર વાત અટવાતા અંતિમ સહમતિ થઈ નથી. આ મામલે કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પીયુષ ગોયલ બાદ કૃષિ મંત્રી શિવરાજ સિંહે પણ આડકતરી રીતે અમેરિકાને ચેતવણી આપી દીધી છે કે, ભારત કોઈના પણ દબાણમાં આવશે નહીં. પોતાના મૂળ હિતો સાથે ક્યારેય સમાધાન કરીશું નહીં.

ભારત અને અમેરિકા વચ્ચે થઈ રહેલી વેપાર મંત્રણા અંતિમ તબક્કામાં છે. કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ભારત સરકારનું વલણ સ્પષ્ટ કરતાં કહ્યું કે, દેશ પોતાના મૂળ હિતો સાથે સમાધાન કરશે નહીં. નેશન ફર્સ્ટ અમારો મૂળ મંત્ર છે. કોઈપણ પ્રકારની કોઈ વાતચીત દબાણમાં આવીને કરીશું નહીં. ભારતીય ખેડૂતોના હિતોને ધ્યાનમાં વાતચીત થશે. અમે કોઈપણ પ્રકારના દબાણમાં આવીશું નહીં. શિવરાજ સિંહ ચૌહાણ પહેલાં કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પીયુષ ગોયલે સરકારના આ વલણ સ્પષ્ટ કર્યા હતાં.

### સુપ્રીમ કોર્ટે સરકારને પત્ર લખ્યો

## રિટાયરમેન્ટના ૮ મહિના પછી પણ પૂર્વ CJI ચંદ્રચુડે બંગલો ખાલી ન કર્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

સુપ્રીમ કોર્ટે ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડના અત્યાર સુધી સરકારી નિવાસસ્થાનમાં રહેવા પર કડક વલણ અપનાવ્યું છે. કોર્ટ પ્રશાસને કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રાલયને પત્ર લખીને ચંદ્રચુડને નિવાસસ્થાન ખાલી કરવા જણાવ્યું છે. પત્રમાં કહેવામાં આવ્યું છે કે, નિયમો અનુસાર, નિવૃત્તિ પછી કોઈ પણ વ્યક્તિ આટલા લાંબા સમય સુધી સરકારી નિવાસસ્થાનમાં રહી શકતું નથી.



૨ વર્ષ ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા રહ્યા બાદ ચંદ્રચૂડ ૧૦ નવેમ્બર ૨૦૨૪થી નિવૃત થયા હતા.આ પદ પર રહેતા તેમણે ચીફ જસ્ટિસના મકાન ૫ કૃષ્ણ મેનન માર્ગ બંગલો મળ્યો હતો. નિવૃત્તિ પછી તેમને નિયમો મુજબ કામચલાઉ નિવાસ તરીકે ટાઈપ ૭ બંગલો ફાળવવામાં આવ્યો હતો, પરંતુ તે સુપ્રીમ કોર્ટ પ્રશાસનને વિનંતી કરીને, તેમણે ૩૦ એપ્રિલ ૨૦૨૫ સુધી ૫ કૃષ્ણ મેનન માર્ગ બંગલામાં રહેવાની પરવાનગી મેળવી. આ સમયગાળો પૂર્ણ થયા પછી પણ, વર્તમાન મુખ્ય ન્યાયાધીશ બીઆર ગવઈએ તેમને ૩૧ મે સુધી નિવાસસ્થાનમાં રહેવાની મંજૂરી આપી હતી.

સુપ્રીમ કોર્ટે પ્રશાસન તરફથી લખેલા પત્ર મુજબ રિટાયરમેન્ટના ૮ મહિના બાદ પણ ચંદ્રચૂડે બંગલો ખાલી કર્યો નથી. તેની વિંનતી પર સુપ્રીમ કોર્ટે ૩૧ મે સુધી બંગલામાં રહેવાની પરવાનગી આપી હતી. હવે આ સમય પણ પૂર્ણ થઈ ગયો છે. નવા જજને મકાન આપવામાં સમસ્યા થઈ રહી છે. ત્યારે પૂર્વ સીજેઆઈ પાસેતી જલ્દી બંગલો ખાલી કરાવવો જોઈએ.

### પીએમ મોદી બ્રાઝિલ પહોંચ્યા, રિયો ડી જેનેરિયોમાં થયું સ્વાગત

। નવી દિલ્હી, તા.૬ ।


વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૭માં બ્રિક્સ શિખર સંમેલનમાં ભાગ લેવા માટે બ્રાઝિલના રિયો ડી જેનેરિયો પહોંચ્યા છે, જ્યાં તેમનું ગેલિયોના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર જોરદાર સ્વાગત થયું. વડાપ્રધાનની આ બ્રાઝિલની યાત્રા બે તબક્કામાં રહેશે, જે માટે બ્રાઝિલના પ્રમુખ લુઈઝ ઈનાસિયો લૂલા દા સિલ્વાએ નિમંત્રણ આપ્યું હતું. આ યાત્રા દરમિયાન વડાપ્રધાન રિયો બ્રિક્સ સમિટમાં હાજરી આપ્યા બાદ રાજધાની બ્રાસિલિયાની રાજ્યની મુલાકાત લેશે.

### વધતી ઉંમરને કોઈ દવા ન રોકી શકે

## શેફાલીના નિધન બાદ એન્ટી એજિંગ દવાઓ પર પ્રતિબંધ મુકવાની માગ

। (એજન્સી) મુંબઈ, તા.૬ ।

અભિનેત્રી શેફાલી જરીવાલાના અકાળ મૃત્યુ પછી, નિષ્ણાતોએ કોસ્મેટિક પ્રક્રિયાઓની અસરો અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. તેમના મતે એન્ટી એજિંગ દવાઓ ગંભીર સ્વાસ્થ્ય જોખમો પેદા કરી શકે છે અને તેના પર પ્રતિબંધ મૂકવાની જરૂર છે.



પ્રાપ્ત માહિતી પ્રમાણે શેફાલીએ લગભગ ૮ વર્ષ સુધી ત્વચાને સફેદ કરવા અને એન્ટી એજિંગ સારવાર, ખાસ કરીને ગ્લુટાથિઓન અને વિટામિન સીનો ઉપયોગ કર્યો હોવાનું કહેવાય છે, પરંતુ આ બધું સક્રિય તબીબી દેખરેખ વિના થયું. કેરળ રાજ્ય IMAના સંશોધન સેલના સંયોજક રાજીવ જયદેવને કહ્યું કે, એન્ટી એજિંગ કોઈ વૈજ્ઞાનિક શબ્દ નથી. વધતી ઉંમરને કોઈ દવા ન રોકી શકે. જોકે કેટલીક દવાઓથી ત્વચાને ગોરી કરવી શક્ય છે, પરંતુ તે એન્ટી એજિંગ જેવું નથી.

AIIMSના પૂર્વ ડિરેક્ટર ડૉ. રણદીપ ગુલેરિયાએ જણાવ્યું કે, એન્ટી એજિંગ દવાઓ ઝડપથી લોકપ્રિય થઈ રહી છે. ઘણા ઉત્પાદનો કોઈપણ યોગ્ય વૈજ્ઞાનિક અભ્યાસ વિના અસરકારક હોવાનો દાવો કરે છે, અને આમાંથી કેટલાક ઉત્પાદનો હાનિકારક સાઈડ ઈફેક્ટ પણ કરી શકે છે, ખાસ કરીને જો તેને લાંબા સમય સુધી લેવામાં આવે તો.

### અમેરિકાના ટેક્સાસમાં કુદરતનો કહેર

## ભારે વરસાદના લીધે પૂરની સ્થિતિ, કુલ ૪૯ લોકોના મોત

। (એજન્સી) ટેક્સાસ, તા.૬ ।

અમેરિકાના ટેક્સાસમાં કુદરતનો કહેર જોવા મળ્યો છે. શુક્રવારે અચનાક આવેલા પૂરના પગલે હિલ કન્ટ્રીમાં ભારે તબાહી મચાવી દીધી હતી. ભારે વરસાદને કારણે ગુઆડાલુપ નદીમાં અચનાક પૂર આવ્યું છે. જેમાં ૪૯ લોકોના મોત નિપજ્યાં છે. તેમજ ઘણા લોકો ગુમ થયા છે. પૂરગ્રસ્ત વિસ્તારોમાં ગુમ થયેલા લોકોની ઓળખ માટે બચાવ ટીમો ઝડપથી કામ કરી રહી છે. વાસ્તવિકતામાં, ગુઆડાલુપે નદીની આસપાસના વિસ્તારમાં એક મહિના જેટલો વરસાદ માત્ર થોડા કલાકોમાં પડ્યો, જેના કારણે નદીનું પાણીનું સ્તર ૨૯ ફૂટ વધી ગયું અને આ ભયાનક પરિસ્થિતિ ઊભી થઈ. આ ભયાનક પૂરને કારણે ૧૫ બાળકો સહિત ૪૯ લોકોએ જીવ ગુમાવ્યા. ઘણા લોકો હજુ પણ ગુમ છે. ગુમ થયેલા લોકોમાં કેમ્પ મિસ્ટિક સમર કેમ્પમાં જતી ૨૭ છોકરીઓનો પણ સમાવેશ થાય છે. મળતી માહિતી મુજબ, મૃતકોમાંથી ૮ લોકોની ઓળખ હજુ સુધી થઈ શકી નથી.

### હવે અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પને આપશે સીધી ટક્કર

## એલન મસ્કે નવી રાજકીય પાર્ટી બનાવવા જાહેરાત કરી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૬ ।

અમેરિકાના ૨૪૯મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બહુચર્ચિત વન બિગ બ્યુટીફુલ કાયદો લાગુ કર્યો છે. આ દરમિયાન, તેમના ભૂતપૂર્વ સાથી અને ઉદ્યોગપતિ એલન મસ્કે અમેરિકા પાર્ટી નામનો એક નવો રાજકીય પક્ષ બનાવવાની જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે આ પક્ષ અમેરિકાના લોકોને એક પાર્ટી સિસ્ટમમાંથી મુક્ત કરશે. મસ્કની આ જાહેરાત બાદ, અમેરિકન રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. મસ્કે X પર એક નવો રાજકીય પક્ષ બનાવવાની જાહેરાત કરી છે. તેમની X પોસ્ટમાં, તાજેતરના સર્વેના પરિણામો ટાંકીને, તેમણે લખ્યું કે આજે અમેરિકા પાર્ટી તમને તમારી સ્વતંત્રતા પાછી આપવા માટે બનાવવામાં આવી છે. તેમણે દાવો કર્યો કે સર્વેમાં, જનતાએ ૨:૧ ના ગુણોત્તરમાં એક નવા રાજકીય વિકલ્પની ઈચ્છા વ્યક્ત કરી છે. તમે એક નવો રાજકીય પક્ષ ઈચ્છો છો અને હવે આ રાજકીય પાર્ટી તમારી સામે છે. પોતાની જાહેરાતમાં, મસ્કે વર્તમાન રાજકીય વ્યવસ્થાની ટીકા કરી અને કહ્યું કે જ્યારે આપણા દેશને કચરો અને ભ્રષ્ટાચારથી નાદાર કરવાની વાત આવે છે, ત્યારે આપણે લોકશાહીમાં નહીં, પણ એક-પક્ષીય વ્યવસ્થામાં જીવી રહ્યા છીએ. તેમણે એમ પણ કહ્યું કે અમેરિકા પાર્ટીની રચના તમારી ખોવાયેલી સ્વતંત્રતા પાછી લાવવા માટે કરવામાં આવી છે.

### જેલ વહીવટીતંત્રમાં દોડધામ મચી

## તિહાર જેલમાંથી ખૂંખાર સીરિયલ કિલર ફરાર થયો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૦૬ ।

દિલ્હીની તિહાર જેલમાં સજા કાપી રહેલો સીરિયલ કિલર સોહરાબ ફરાર થઈ ગયો છે. સોહરાબ ત્રણ દિવસ માટે પેરોલ પર જેલમાંથી બહાર આવ્યો હતો, પરંતુ જેલ પાછો ફર્યો નહીં. લખનઉ પોલીસ સાથે મળીને જેલ પ્રશાસન સોહરાબને શોધી રહ્યું છે. સોહરાબ ખૂંખાર સીરિયલ કિલર છે. તેણે ઘણી હત્યાઓ કરી છે. સમાજવાદી પાર્ટીની સરકાર દરમિયાન સોહરાબએ લખનઉના સઆદતગંજમાં પૂર્વ સાંસદ શફીકુર રહેમાન બર્કના પૌત્રની હત્યા કરાવી હતી. આ ઉપરાંત સોહરાબ એક પૂર્વ કાઉન્સિલરની હત્યાના કાવતરામાં પણ સામેલ રહ્યો છે. સોહરાબ લખનઉના અમીનાબાદમાં શૂટરને ભાડે રાખીને ભાજપના કાઉન્સિલર પપ્પુ પાંડેની હત્યા કરાવી હતી. વર્ષ ૨૦૦૫માં સોહરાબના નાના ભાઈ શહજાદેની લખનઉના હુસૈનગંજમાં હત્યા કરવામાં આવી હતી. હત્યા બાદથી સોહરાબ અને તેના બે ભાઈઓએ હત્યારાઓને મારી નાખવાનો પ્લાન ઘડ્યો હતો.

## ન્યૂઝ બ્રિફ

### ૭ જુલાઈથી ફેસલેસ લર્નિંગ લાયસન્સ સેવા શરૂ થશે

। (એજન્સી) અમદાવાદ,તા.૬ ।

ડ્રાઈવિંગ લાયસન્સ બનાવવું લોકો માટે એક પડકાર બની ગયો છે. લાંબી લાઈનોમાં ઊભા રહેવું પડતું હોવાની વ્યાપક ફરિયાદો ઉઠતી રહી છે. તેમાંય લર્નિંગ લાઈસન્સ કઢાવવું હોય તેને તો ઘણી સમસ્યાનો સામનો કરવો પડતો હતો. નવા ડ્રાઈવિંગ લાયસન્સ ઈચ્છુક માટે સારા સમાચાર આવ્યા છે. હવે ઘરે બેઠા જ લર્નિંગ લાયસન્સ કાઢી શકશે. RTO દ્વારા લર્નિંગ લાયસન્સ માટે હવે ફેસલેસ સેવા શરૂ થશે. આ સેવા ૭ જુલાઈથી ફેસલેસ લર્નિંગ લાયસન્સ સેવાનો પ્રારંભ થશે. લર્નિંગ લાયસન્સની જૂની પદ્ધતિ પણ યથાવત્ રહેશે. ઘર બેઠા જ RTO લર્નિંગ લાઈસન્સ નીકળી શકશે.

### વાડજમાં ૧ મહિના પહેલા થયેલી મહિલાની હત્યા કેસના બે આરોપીઓ ઝડપાયા

। (એજન્સી) અમદાવાદ,તા.૬ ।

૧ જુનના રોજ અમદાવાદના વાડજના ઓડ વાસમાં ફુલીબેન ઓડની તેમના જ ઘરની બહાર તિક્ષ્ણ હથિયારના ઘા મારી હત્યા કરવામાં આવી હતી. જોકે માતાને બચાવવા જતા પુત્રને પણ ઈજાઓ પહોંચી હતી. જે ગુનામાં ઝોન ૧ ન્ઝ્રએ રાહુલ ઉર્ફે ચાંદો ઓડ અને પ્રદીપ ઉર્ફે પંકજ ઓડની ધરપકડ કરી છે. મહત્વનું છે કે રાહુલ ઉર્ફે ચાંદો મૃતક ફુલીબેનનો પાડોશી છે અને રૂપિયાની જરૂર હોવાથી લૂંટના ઈરાદે ફુલી બેન પર હુમલો કર્યો હતો. હુમલા પહેલા આરોપી પંકજે ઘરની મેન સ્વીચ બંધ કરી પાવર સપ્લાય રોકી લીધો હતો.

જે બાદ તીક્ષ્ણ હથિયારના ઘા મારી હત્યા નીપજાવી હતી. પરંતુ ફુલીબેનના દાગીનાની આરોપીઓ લૂંટ કરે તે પહેલા તેમનો પુત્ર જાગી જતા આરોપીઓ નાસી છૂટ્યા હતા. હત્યાના ગુનાની તપાસ કરતી પોલીસના શંકાના દાયરામાં મૃતક ફુલીબેનનો પુત્ર હતો.

પરંતુ ટેકનિકલ એનાલિસિસ વડે તપાસ કરતા પોલીસને ૪૦૦ જેટલા શકમંદો મળી આવ્યા હતા. જેઓ બનાવ સમય તે વિસ્તારમાં હાજર હતા. તે તમામની તપાસ કર્યા બાદ પોલીસે રાહુલ ઉર્ફે ચાંદો અને પ્રદીપ ઉર્ફે પંકજની ધરપકડ કરી છે. રાહુલની પૂછપરછમાં સામે આવ્યું કે તેને દેવું થઈ ગયું હોવાથી રૂપિયાની જરૂર હતી અને મૃતક ફુલીબેન દાગીના પહેરતા હોવાથી તે દાગીનાની લૂંટ કરવા લાંભા ખાતે રહેતા તેના મિત્ર પ્રદીપને બોલાવ્યો હતો. હત્યા બાદ મૃતકનો પુત્ર જાગી જતા બંને આરોપીઓ સાંકડી ગલીમાંથી નાસી છૂટ્યા હતા અને હત્યામાં વપરાયેલું હથિયાર પણ ત્યાં નાખી દીધું હતું.

# હાઉસિંગ બોર્ડના મકાન અપાવવાની લાલચે છેતરપિંડી

## બંને ભાઈઓએ અંદાજિત ૨૦થી વધુ લોકો સાથે ઠગાઈ કરી હોવાનું તપાસમાં સામે આવ્યું છે

। અમદાવાદ,તા.૬ ।

ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાન અપાવવાની લાલચે છેતરપિંડી કરતા બે ભાઈઓની આનંદ નગર પોલીસે ધરપકડ કરી છે. બંને ભાઈઓએ અંદાજિત ૨૦થી વધુ લોકો સાથે ઠગાઈ કરી હોવાનું તપાસમાં સામે આવ્યું છે. આરોપીઓ વિરુદ્ધ ન માત્ર આનંદ નગર પરંતુ ક્રાઈમ બ્રાન્ચ, સેટેલાઈટ અને વાસણામાં પણ અરજીઓ નોંધાઈ છે. જેની તપાસ શરૂ કરવામાં આવી છે. સાથે જ બનાવટી લેટર બનાવનાર વધુ એક ફરાર આરોપીનું નામ સામે આવતા પોલીસે તેની શોધખોળ શરૂ કરી છે.

અમદાવાદના આનંદ નગર પોલીસની કસ્ટડીમાં રહેલા આ બંને આરોપી ભાઈઓના નામ વંદિત સુરેશ શાહ અને વિશાંત સુરેશ શાહ છે. જે બંને આનંદ નગર વિસ્તારના રહેવાસી છે. આરોપીઓએ ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાનો આપવાની લાલચે ફરિયાદી રવિ શર્મા અને નીરવ ઉપાધ્યાય પાસેથી ૧૦.૪૦ લાખની છેતરપિંડી કરી હતી. જોકે ભોગ બનનારને રૂપિયા કે મકાન ન મળતા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જે ગુનામાં અગાઉ પૂર્વ શાહ નામના આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. પરંતુ બંને ભાઈઓ ફરાર હોવાથી પોલીસે આરોપીઓ વિરુદ્ધ કલમ ૭૨ મુજબનું વોરંટ મેળવી તેમની ધરપકડ કરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે આરોપીઓ વિરુદ્ધ કુલ ૧૮થી ૨૦ જેટલા ભોગ બનનાર લોકોએ ક્રાઈમ બ્રાન્ચ, વાસણા, સેટેલાઈટ અને આનંદ નગર પોલીસ સ્ટેશનમાં અરજીઓ કરી હતી.

ઝડપાયેલા બંને ભાઈ વંદિત અને વિશાંતની ધરપકડ કરી પૂછપરછ કરતા હકીકત સામે આવી કે બંને આરોપીઓ ગુજરાત હાઉસિંગ બોર્ડના નાયબ સેક્સન ઓફિસર પી.ડી.ઝાલા અને એચ. એમ. ઝાલા તરીકેની ઓળખ આપતા હતા. આ ઉપરાંત ટાઈટેનિયમ સિટી સેન્ટરમાં પોતાની ઓફિસ ખોલી લોકો સાથે ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાન આપવાના બહાને ઠગાઈ કરતા હતા. આ ઉપરાંત પણ આરોપીઓ ભોગ બનનારને જણાવતા હતા કે ગાંધીનગર ખાતે તેમનું સેટિંગ હોવાથી સાયન્સ સિટીની શિવાલિક અને થલતેજની તક્ષશિલા નામની ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાનોમાંથી ૧૦૦ મકાનો તેને અલોટ કરવાની મંજૂરી મળી હોવાની વાત કરી લોકો પાસેથી રૂપિયા પડાવતો હતો.

ઉપરાંત જો કોઈ વ્યક્તિ એલોટમેન્ટ લેટર અથવા તો ડોક્યુમેન્ટની માગણી કરે તો આ કેસના ફરાર આરોપી જોન્ટી સૈજા પાસેથી ડોક્યુમેન્ટ બનાવી આપતો હોવાનો પણ ખુલાસો થયો છે. જેથી પોલીસે તેની શોધખોળ શરૂ કરી છે.

છેતરપિંડીના ગુનામાં ઝડપાયેલા બંને ભાઈઓની પૂછપરછ કરતા હકીકત સામે આવી ગઈ અને આરોપીઓએ ન માત્ર મકાન આપવાના બહાને પરંતુ કસ્ટમના મોબાઈલ સસ્તા ભાવે આપવાની લાલચે પણ લોકો સાથે ઠગાઈ કરતા હતા. જે ફોનની માર્કેટ કિંમત ૭૫,૦૦૦ કે તેનાથી વધુ હોય તેવા ફોન ૫૦,૦૦૦માં આપવાની લાલચ આપી લોકો પાસેથી એડવાન્સ રૂપિયા લઈ મોબાઈલ ફોન ન આપી શકાય કરતા હોવાનું સામે આવ્યું છે. આ સાથે જ આરોપીઓ વિરુદ્ધ અરજીના કામે પણ વધુ ગુના નોંધાઈ શકે છે.

### અમિત શાહ ફરી એક વખત ગુજરાતની મુલાકાત

## અમિત શાહે આણંદમાં દેશની પ્રથમ ત્રિભુવન સહકારી યુનિવર્સિટીનું ભૂમિપૂજન કર્યુ



। (એજન્સી) આણંદ,તા.૬ ।

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ ફરી એક વખત ગુજરાતની મુલાકાતે છે. આણંદમાં અમિત શાહના હસ્તે રાષ્ટ્રીય સ્તરની ત્રિભોવન યુનિવર્સિટીનું ભૂમિપૂજન અને શિલાન્યાસ થયો છે. તેમણે આ પ્રસંગે જણાવ્યુ હતુ કે સહકાર ક્ષેત્રે આજનો દિવસ ખૂબ મહત્વનો છે.સહકાર મંત્રાલયની સ્થાપનાને ૪ વર્ષ પૂર્ણ થયા છે. તેમને જણાવ્યુ કે મોદી સરકાર દ્વારા સહકાર મંત્રાલયની સ્થાપના કરવામાં આવી છે. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ ફરી એક વખત ગુજરાતની મુલાકાતે છે. આણંદમાં અમિત શાહના હસ્તે રાષ્ટ્રીય સ્તરની ત્રિભોવન યુનિવર્સિટીનું ભૂમિપૂજન અને શિલાન્યાસ થયો છે. તેમણે આ પ્રસંગે જણાવ્યુ હતુ કે સહકાર ક્ષેત્રે આજનો દિવસ ખૂબ મહત્વનો છે.સહકાર મંત્રાલયની સ્થાપનાને ૪ વર્ષ પૂર્ણ થયા છે. તેમને જણાવ્યુ કે મોદી સરકાર દ્વારા સહકાર મંત્રાલયની સ્થાપના કરવામાં આવી છે. જેના પગલે હવે અનેક નવી ડેરીઓ બની રહી છે.સહકારના માધ્યમથી ખેડૂતોની આવક વધશે. અમિત શાહે દેશની સૌ પ્રથમ સહકાર યુનિવર્સિટીના શિલાન્યાસ કરવાની સાથે જાહેરાત કરી કે આ યુનિવર્સિટીમાં અનેક નવા પ્રકારના કોર્સ શરુ થશે. ૧ વર્ષમાં કુલ ૬ નવા કોર્સ શરુ કરવાનું આયોજન છે.આ યુનિવર્સિટીમાંથી પાસ થનાર વિદ્યાર્થીને જ નોકરી મળશે તેવુ પણ તેમણે જણાવ્યુ હતુ. આ સાથે જ અમિત શાહે કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યુ હતુ કે આ યુનિવર્સિટીને ત્રિભોવનદાસ નામ આપવા મુદ્દે કોંગ્રેસે વિરોધ કર્યો હતો. વિરોધ કરનારને ખબર નહોતી કે ત્રિભુવનદાસ કોંગ્રેસના જ નેતા હતા. મહત્વનું છે કે તેઓ આવતીકાલે સહકાર મંત્રાલયના ૪ વર્ષ પૂરા થવા પર અમૂલ ડેરીમાં આયોજિત કાર્યક્રમમાં પણ હાજરી આપશે અને અમૂલ ડેરી ખાતેથી જનતાને સંબોધન કરશે. ચાલુ વર્ષે બજેટ સત્રમાં, સંસદમાં ત્રિભુવન સહકારી યુનિવર્સિટી બિલ, ૨૦૨૫ પસાર કરાયું હતું.

### ટ્રિપલ અકસ્માતની ઘટના સામે આવી

## મહીસાગરમાં ટ્રિપલ અકસ્માત બાદ કારમાં આગ લાગી

। (એજન્સી) મહીસાગર,તા.૬ ।

મહીસાગર જિલ્લામાં ટ્રિપલ અકસ્માતની ઘટના સામે આવી છે. બાઈક અને ૨ કાર વચ્ચે સર્જાયો હતો. આ અકસ્માતમાં એક વ્યક્તિનું ઘટના સ્થળે મોત થયું છે. અકસ્માત થતાની સાથે કારમાં આગ લાગી હતી. અકસ્માતમાં ઘાયલ લોકોને તાત્કાલીક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણ ફાયર વિભાગને કરતા તાત્કાલીક ઘટના સ્થળે દોડી આવી હતી અને આગ પર કાબુ મેળવ્યો હતો. પોલીસે હાલ આ ઘટનામાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

લુણાવાડા મલેકપુર રોડ પર ટ્રિપલ અકસ્માતની ઘટના સામે આવી છે. અકસ્માત થતાની સાથે કારમાં આગ લાગી હતી. કારમાં આગ લાગતા એક વ્યક્તિ કારમાં હોવાનું અનુમાન કરવામાં આવ્યું છે. આ અકસ્માતમાં એકનું મોત થયું છે. અકસ્માતમાં ઈજાગ્રસ્ત લોકોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મહીસાગરમાં અકસ્માતની ઘટનામાં એક વ્યક્તિનું ઘટના સ્થળે મોત થયું છે. અકસ્માત થતાની સાથે કારમાં આગ લાગી હતી. ફાયર વિભાગે કારમાં લાગેલી આગ પર કાબુ લીધો છે.આ અકસ્માતમાં એકનું મોત થયું છે. અકસ્માતમાં ઈજાગ્રસ્ત લોકોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### દમણગંગા નદીમાં ડેમમાંથી ૪૬,૮૪૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું

## ઉપરવાસમાં ભારે વરસાદને લઇ મધુબન ડેમમાં પાણી આવક થઈ

। (એજન્સી) વલસાડ,તા.૬ ।

વલસાડ જિલ્લામાં ઉપરવાસમાં ભારે વરસાદને લઈ મધુબન ડેમમાં પાણી આવક થઈ રહી છે. ઉપરવાસમાં ભારે વરસાદના પગલે મધુબન ડેમની સપાટી ૭૦.૭૫ મીટરે પહોંચી છે. ડેમના ૮ ગેટ ખોલી દમણગંગા નદીમાં ડેમમાંથી ૪૬,૮૪૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. દમણગંગા નદીના જળ સ્તરમાં વધારો થતા નદીના નીચાણવાળા વિસ્તારમાં લોકોને કિનારે ન જવા અપીલ કરવામાં આવી છે.

ગુજરાતમાં હાલ ભારે વરસાદ પડી રહ્યો છે. ભારે વરસાદના પગલે ડેમ તથા નદીઓમાં પાણીની આવકમાં વધારો થયો છે. વલસાડ જિલ્લામાં ઉપરવાસમાં ભારે મધુબન ડેમમાં પાણી આવક થઈ રહી છે. મધુબન ડેમની સપાટી ૭૦.૭૫ મીટરે પહોંચી છે. દમણગંગા નદીમાં ડેમમાંથી ૪૬,૮૪૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે.મધુબન ડેમમાં પાણી આવક થઈ રહી છે. પાણીની સતત આવકના પગલે ડેમમાં પાણીનું સ્તર જાળવી રાખવા માટે ડેમમાંથી પાણી છોડવામાં આવી રહ્યું છે. ડેમના ૮ ગેટ ખોલી દમણગંગા નદીમાં ડેમમાંથી ૪૬,૮૪૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. નીચાણવાળા વિસ્તારમાં લોકોને કિનારે ન જવા અપીલ કરવામાં આવી છે.

## ૯ વર્ષની બાળકીનું ૧૭ વર્ષના સાવકા પિતાએ શોષણ કર્યું

### પોલીસે સાવકા પિતાને દબોચી લીધો છે અને તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

। (એજન્સી) સુરત,તા.૬ ।

સુરતઃ શહેરના લીંબાયત વિસ્તારમાંથી એક ચોંકાવનારો બનાવ પ્રકાશમાં આવ્યો છે. અહીંયા એક ૯ વર્ષની નાની બાળકી તેના સાવકા પિતાના યૌન શોષણનો શિકાર બની છે. અશ્લીલ વીડિયો બતાવ્યા બાદ યુવકે બાળકીને શારીરિક રીતે હેરાન કર્યા હોવાની ફરિયાદ મા દ્વારા નોંધાવાયા બાદ પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરતાં આરોપીની ધરપકડ કરી લીધી છે. પોલીસે ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જોકે, આ બનાવને લઈને હાલ શહેરમાં ચકચાર મચી જવા પામી છે. ૩૪ વર્ષની ફરિયાદી મહિલા અગાઉના લગ્નમાંથી બે સંતાનોની મા છે. છ મહિના અગાઉ તે લીંબાયતના રહેવાસી અને ૧૭ વર્ષના યુવક સાથે પ્રેમ સંબંધમાં આવી હતી અને બંનેએ નિકાહ પણ કર્યો હતો. ત્યારબાદ મહિલા તેના સંતાનો સાથે યુવકના ઘરે રહેવા લાગી હતી. જોકે, આ સંબંધ લાંબો સમય નહીં ટકી શક્યો અને બંને વચ્ચે વિમુખતા આવી ગઈ હતી. ગુરુવારે, મહિલાએ લીંબાયત પોલીસ મથકે પહોંચી તેમની પુત્રી પર થયેલા દુષ્કર્મની ફરિયાદ નોંધાવી. બાળકીએ પોલીસ સમક્ષ કહ્યું કે ૧૧મી મેના રોજ તે ન્હાઈને બાથરૂમમાંથી નીકળી ત્યારે તેના સાવકા પિતાએ તેને ખોળામાં બેસાડી અશ્લીલ વીડિયો બતાવ્યો અને અડપલાં કર્યા. બાળકીના કહેવા પ્રમાણે, આરોપીએ તેને માથા પર ચુંબન કર્યું અને ''કોઈને કહેશે તો મારી નાખીશ'' એવી ધમકી આપી હતી. ઉલ્લેખનીય છે કે સમગ્ર મામલે બાળકીએ એવું પણ જણાવ્યું કે શાળાએ જતા પણ આરોપી તેનો પીછો કરતો રહ્યો.

### નવયુવાનોએ પોતાનું જીવન ટૂંકાવ્યું

## શાપર વેરાવળ ખાતે બે મિત્રોએ એસિડ ગટગટાવ્યું

। (એજન્સી) રાજકોટ,તા.૬ ।

રાજકોટમાં એક વિચિત્ર કિસ્સો સામે આવ્યો છે. આ કિસ્સામાં બે યુવાનોએ એસિડ પી આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું છે. બંને યુવાનોએ ગતમોડી રાત્રે એસિડ પી આપઘાત કર્યો.

આ ઘટનાની પોલીસને જાણ થતાં ઘટનાસ્થળ પર પહોંચી ગઈ અને યુવાનોને ૧૦૮ એમ્બ્યુલન્સમાં સારવાર માટે હોસ્પિટલમાં મોકલી આપ્યા. જ્યાં સારવાર દરમિયાન બંને યુવાનનું મોત નિપજ્યું. આ ઘટના વિચિત્ર એટલે છે કે બંને યુવાનો મિત્ર છે અને તેમણે એકસાથે એસિડ ગટગટાવ્યું. સમગ્ર મામલે પોલીસે તપાસ હાથ ધરી. રાજ્યમાં યુવાનોમાં હાર્ટએટેકના કિસ્સા વધ્યા છે. આની પાછળનું કારણ બદલાયેલી જીવનશૈલી હોવાનું ડોક્ટરો જણાવે છે. યુવાનોમાં આજે માનસિક તણાવ વધારે જોવા મળે છે. અને તેના કારણે કેટલીક વખત યુવાનો આપઘાત પણ કરે છે. ૩ જુલાઈ ગુરૂવારના રોજ શાપર વેરાવળ ખાતે બે નવયુવાનોએ પોતાનું જીવન ટૂંકાવ્યું ઘટના સામે આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી. આ બંને મિત્રો છે અને તેમના નામ યુવરાજ રાઠોડ અને વિશાલ પરમાર હોવાનું સામે આવ્યું.

પશ્ચિમ રેલવે-વડોદરા મંડળ

વિવિધ રોડ ઓવર બ્રિજનું સ્ટીલ સ્ટ્રક્ચર

ઈ-ટેન્ડર સૂચના નંબર DYCE-BR-BRC-08-2025-26; ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ઈ-ટેન્ડર ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બ્રિજ-લાઈન) વડોદરા, પશ્ચિમ રેલ્વે, પ્રતાપનગર, વડોદરા-૩૯૦ ૦૦૪ દ્વારા નીચેના કામો માટે આમંત્રિત કરવામાં આવે છે. ક્રમક નંબર (1) DYCE-BR-BRC-08-2025-26; કામનું નામ : વિવિધ રોડ ઓવરબ્રિજનું સ્ટીલ સ્ટ્રક્ચર : વિવિધ રોડ ઓવરબ્રિજસ ૨૨૬યુપી/ડીએન, ૨૯એયુપી, ૨૯ડીએન, ૯૪ડીએન, ૧૨૦ડીએન, ૧૪૫ડીએન, ૫૧૯ (૨૦ માત્રા) નું સ્ટીલ સ્ટ્રક્ચરની સૂચિત પેંટિંગ અને ગર્ડર બ્રિજસ (૦૮ માત્રા) ખુલી વેબમાં સાઈડ પાથવે પૂરો પાડવો. કામની અંદાજિત કિંમત રૂા. ૨,૮૬,૮૯,૭૨૮,૮૯/- બિડ સિક્યોરિટી જમા કરાવવાની રહેશે : રૂા.૨,૯૩,૫૦૦.૦૦/- ઈ-ટેન્ડર સબમિટ કરવાની અને ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમય : ઓનલાઈન ટેન્ડર ૦૮.૦૮.૨૦૨૫ ક્લાક પહેલા સબમિટ કરવાના છે અને તે જ તારીખે ૧૫.૦૦ ક્લાકે ખોલવાના છે. વેબસાઈટની વિગતો અને સંપૂર્ણ વિગતો જોઈ શકાય તેવા સ્થાન માટેની સૂચના વગેરે : વેબસાઈટ @www.ireps.gov.in ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બ્રિજ લાઈન) વડોદરા પશ્ચિમ રેલ્વે, પ્રતાપનગર, વડોદરા- ૩૯૦ ૦૦૪

095

અમને લાઇક કરો: facebook.com/WesternRly

## વિશેષ


### RTO ઇન્સ્પેક્ટ વી. કે. પરમારની દાદાગીરોનો વીડિયો સામે આવ્યો

# દાહોદમાં RTO ઇન્સ્પેક્ટરની દાદાગીરી, ટ્રક ડ્રાઈવરને હાઈવે પર જ ઢોર માર માર્યો, RTO ઇન્સ્પેક્ટ વી. કે. પરમારની દાદાગીરોનો વીડિયો સામે આવ્યો

। (માહિતી) દાહોદ,તા.૬ ।

ઈન્દોર-અમદાવાદ હાઈવે પર RTO ઈન્સ્પેક્ટરની દાદાગીરીનો એક ગંભીર બનાવ સામે આવ્યો છે. અહીં દાહોદ RTOમાં ફરજ બજાવતા ઈન્સ્પેક્ટરે અન્ય બે સ્ટાફ કર્મચારીઓ સાથે મળીને ટ્રક ડ્રાઈવરને મુખ્ય હાઈવે પર જ ઢોર માર માર્યો હતો. આ ઘટનાનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, જેમાં ઈન્સ્પેક્ટર ટ્રક ડ્રાઈવરને નિર્દયતાથી લાકડીથી મારતા જોવા મળે છે.મળતી માહિતી મુજબ આ ઘટના ગઈકાલે (૪ જુલાઈ) સવારે દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાના અસાયડી ગામ નજીક ઈન્દોર-અમદાવાદ હાઈવે પર બની હતી. જ્યાં દાહોદના RTO ઈન્સ્પેક્ટરે વી. કે. પરમાર અને અન્ય સાથી કર્મચારીઓ મળીને ટ્રકનો પીછો કરી બેરિકેડ ફેંકીને ટ્રકને રોકવાનો પ્રયાસ કર્યો હતો. ટ્રક રોકાયા બાદ ઈન્સ્પેક્ટર અને તેમના સાથીઓએ ડ્રાઈવરને ટ્રકની કેબિનમાંથી બહાર ખેંચીને લાકડી વડે માર માર્યો હતો.

આ ગંભીર ઘટનાનો એક રાહદારીએ વીડિયો બનાવી સોશિયલ મીડિયામાં વાયરલ કરતા સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો. વીડિયોમાં જોવા મળે છે કે, ડ્રાઈવરને લાકડી વડે ગંભીર રીતે મારવામાં આવી રહ્યો છે, જેથી ડ્રાઈવર પીડાથી કણસતો અને જોર-જોરથી બૂમો પાડતો જોવા મળે છે. દરમિયાન વીડિયો બનાવનાર શખ્સ ઈન્સ્પેક્ટરને પૂછ્યું કે ડ્રાઈવરને કેમ મારો છો, પરંતુ ઈન્સ્પેક્ટર કોઈ જવાબ આપતો નથી અને સામે સવાલ કરે છે કે, તમે કોણ છો?વીડિયો વાયરલ થતા ઈ્ ઈન્સ્પેક્ટર વી. કે. પરમારે ટ્રક ડ્રાઈવર પર ચેકિંગ દરમિયાન ટ્રક ન રોક્યાનો



આક્ષેપ મૂકીને ટ્રક ડ્રાઈવર સામે જ પોલીસ ફરિયાદ નોંધાવી છે. RTO ઈન્સ્પેક્ટરનું કહેવું છે કે, 'અમે પહેલા ટ્રક ઊભી રાખવાનો પ્રયાસ કર્યો, પરંતુ ટ્રક ચાલકે ટ્રક રોકી નહીં, તેથી અમે બેરિકેડિંગ મૂકી હતી, આ બેરિકેડિંગને ટક્કર મારી ડ્રાઈવરે ભાગવાનો પ્રયાસ કર્યો, જેના કારણે ટ્રકનું ટાયર પંચર થઈ ગયું હતું. જે બાદ અમે પાઈપ બતાવીને તેને માત્ર ડરાવવાનો પ્રયાસ કર્યો, મારપીટ કરી નથી.' જોકે વાયરલ વીડિયોમાં સ્પષ્ટ દેખાય છે કે, તે બેહરમીપૂર્વક ડ્રાઈવરને મારી રહ્યો છે.

બીજી તરફ પીડિત ટ્રક ડ્રાઈવરનું કહેવું છે કે, ઈ્ના અધિકારીઓ હંમેશા ટોલનાકે ઊભા રહીને એન્ટ્રીના નામે પૈસા માંગે છે, મહિનામાં જેટલી વાર અહીંથી પસાર થઈએ, ત્યારે અહીં દરેક વખતે ૧૦૦૦ રૂપિયા આપવા પડે છે. આ સમયે તેમણે પૈસા ન માંગ્યા અને અચાનક પાછળથી આવીને આ આખા બનાવને અંજામ આપ્યો. ઘટનામાં ડ્રાઈવરને એટલી ગંભીર ઈજાઓ પહોંચી હતી કે તેને ૧૦૮ મારફતે તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડવો પડ્યો હતો.

આ ઉપરાંત, ઘટના સમયે ડ્રાઈવર સાથે તેનો એક સાથી પણ હાજર હતો. તેણે પણ આરોપ મૂક્યા છે કે, તેના પર પથ્થર વડે હુમલો કરાયો હતો. જેનાથી તેને પણ ડાઢીના ભાગે ઈજાઓ પહોંચી છે. વધુમાં તેણે, એન્ટ્રીના નામે ૧૦૦૦થી લઈને ૨૦૦૦૦ સુધી વસૂલતા હોવાના આક્ષેપો ઈન્સ્પેક્ટરો પર મૂક્યા છે, જોકે ઘટના સોશિયલ મીડિયામાં વાયરલ થતા લોકો રોષે ભરાયા છે અને કડક કાર્યવાહીની માંગ ઉઠી રહી છે. આ ઘટનાએ ફરી એક વાર RTO અધિકારીઓની કામગીરી અને અધિકારના દુરુપયોગના મુદ્દે સવાલો ઊભા કર્યા છે. બીજી તરફ પીડિત ટ્રક ડ્રાઈવરનું કહેવું છે કે, ઈ્ના અધિકારીઓ હંમેશા ટોલનાકે ઊભા રહીને એન્ટ્રીના નામે પૈસા માંગે છે, મહિનામાં જેટલી વાર અહીંથી પસાર થઈએ, ત્યારે અહીં દરેક વખતે ૧૦૦૦ રૂપિયા આપવા પડે છે. આ સમયે તેમણે પૈસા ન માંગ્યા અને અચાનક પાછળથી આવીને આ આખા બનાવને અંજામ આપ્યો. ઘટનામાં ડ્રાઈવરને એટલી ગંભીર ઈજાઓ પહોંચી હતી કે તેને ૧૦૮ મારફતે તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડવો પડ્યો હતો. આ ઉપરાંત, ઘટના સમયે ડ્રાઈવર સાથે તેનો એક સાથી પણ હાજર હતો. તેણે પણ આરોપ મૂક્યા છે કે, તેના પર પથ્થર વડે હુમલો કરાયો હતો. જેનાથી તેને પણ ડાઢીના ભાગે ઈજાઓ પહોંચી છે. વધુમાં તેણે, એન્ટ્રીના નામે ૧૦૦૦થી લઈને ૨૦૦૦૦ સુધી વસૂલતા હોવાના આક્ષેપો ઈન્સ્પેક્ટરો પર મૂક્યા છે, જોકે ઘટના સોશિયલ મીડિયામાં વાયરલ થતા લોકો રોષે ભરાયા છે અને કડક કાર્યવાહીની માંગ ઉઠી રહી છે. આ ઘટનાએ ફરી એક વાર RTO અધિકારીઓની કામગીરી અને અધિકારના દુરુપયોગના મુદ્દે સવાલો ઊભા કર્યા છે. ૧૦૮ મારફતે તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડવો પડ્યો હતો. આ ઉપરાંત, ઘટના સમયે ડ્રાઈવર સાથે તેનો એક સાથી પણ હાજર હતો. તેણે પણ આરોપ મૂક્યા છે કે, તેના પર પથ્થર વડે હુમલો કરાયો હતો. જેનાથી તેને પણ ડાઢીના ભાગે ઈજાઓ પહોંચી છે. વધુમાં તેણે, એન્ટ્રીના નામે ૧૦૦૦થી લઈને ૨૦૦૦૦ સુધી વસૂલતા હોવાના આક્ષેપો ઈન્સ્પેક્ટરો પર મૂક્યા છે, જોકે ઘટના સોશિયલ મીડિયામાં વાયરલ થતા લોકો રોષે ભરાયા છે અને કડક કાર્યવાહીની માંગ ઉઠી રહી છે. આ ઘટનાએ ફરી એક વાર RTO અધિકારીઓની કામગીરી અને અધિકારના દુરુપયોગના મુદ્દે સવાલો ઊભા કર્યા છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન: ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨





ઇંગ્લેન્ડના બર્મિંગહામના એજબેસ્ટન ખાતે ઇંગ્લેન્ડ અને ભારત વચ્ચે રમાઈ રહેલી બીજી ક્રિકેટ ટેસ્ટ મેચના ત્રીજા દિવસે ભારતના મોહમ્મદ સિરાજ ઇંગ્લેન્ડના જો રૂટને આઉટ કર્યાની ઉજવણી કરે છે.

## મેક્સિકોના મેયરને મગર સાથે થયો પ્રેમ, દુલ્હન બનાવી કર્યા લગ્ન

। (એજન્સી) મેક્સિકો, તા.૬ ।

મેક્સિકોના દક્ષિણ ઓક્સાકા રાજ્યમાં સ્થિત સાન પેડ્રો હુઆમેલુલા શહેરમાં એક અનોખી અને સદીઓ જૂની પરંપરાએ વિશ્વભરનું ધ્યાન ખેંચ્યું છે. અહીંના મેયર, ડેનિયલ ગુટીરેઝે ૩૦ જૂન, ૨૦૨૫ ના રોજ પ્રતીકાત્મક રીતે માદા મગર સાથે લગ્ન કર્યા હતા. આ ૨૩૦ વર્ષ જૂની વિધિ ચોન્ટલ અને હુઆવે સ્વદેશી સમુદાયો વચ્ચે એકતાનું પ્રતીક છે અને સારી લણણી, વરસાદ અને સમૃદ્ધિની ઈચ્છા માટે કરવામાં આવે છે.

આ રંગીન સમારોહમાં, મગરને દુલ્હનની જેમ સફેદ લગ્નના ગાઉન પહેરાવવામાં આવ્યો હતો અને મેયરે તેના કપાળ પર ચુંબન કર્યા પછી નાચતો પણ જોવા મળ્યો હતો.

ચોન્ટલ અને હુઆવે સ્વદેશી સમુદાયો વચ્ચે શાંતિ સ્થાપનાની યાદમાં ૧૭૮૯ થી સાન પેડ્રો હુઆમેલુલામાં આ અનોખી પરંપરા ચાલી રહી છે. સ્થાનિક લોકવાયકા અનુસાર, ચોન્ટલ રાજા (મેયર દ્વારા રજૂ કરાયેલ) એ હુઆવે રાજકુમારી (મગર તરીકે રજૂ કરાયેલ) સાથે લગ્ન કર્યા, જેનાથી બંને સમુદાયો વચ્ચે લાંબા સમયથી ચાલતા સંઘર્ષનો અંત આવ્યો. આ પ્રતીકાત્મક લગ્ન પૃથ્વી માતા અને માનવતા વચ્ચેના જોડાણનું પ્રતિનિધિત્વ કરે છે, જેમાં મગર પૃથ્વી માતાનું પ્રતીક છે. આ ધાર્મિક વિધિ દ્વારા, સમુદાય વરસાદ, સારી લણણી, માછલીઓની વિપુલતા અને અન્ય કુદરતી સંસાધનો માટે પ્રાર્થના કરે છે. આ અનોખા લગ્ન સમારોહની શરૂઆત મગરથી થાય છે, જેને સ્થાનિક લોકો "લા નીના પ્રિન્સેસા" (નાની રાજકુમારી) કહે છે, જેને શહેરના ઘરોમાં લઈ જવામાં આવે છે. મગરને રંગબેરંગી પરંપરાગત પોશાક પહેરાવવામાં આવે છે.

## લારી સાથે કારની ટક્કર થતાં ભીડે યુવકને મારી નાખ્યો

। (એજન્સી) ભીલવાડા, તા.૬ ।

રાજસ્થાનના ભીલવાડામાં શુક્રવારે (ચોથી જુલાઈ) રાત્રે કાર અને લારી વચ્ચે થયેલી નજીવી ટક્કર બાદ ટોળાએ કારચાલકને ઢોર માર માર્યો હતો. જેમાં કારચાલકનું મૃત્યુ નીપજ્યું હતું. મૃતક ટોંકના કેન્ટોનમેન્ટ ટાઉનનો રહેવાસી હોવાનું સામે આવ્યું છે. છે. આ ઘટના બાદ શહેરમાં તણાવનો માહોલ જોવા મળ્યો હતો. બજારો બંધ રહી હતી અને ગુસ્સે ભરાયેલા લોકોએ મોડી રાત સુધી પોલીસ સ્ટેશનની બહાર ધરણા કર્યા હતા. પરિસ્થિતિને કાબુમાં લેવા માટે આ વિસ્તારમાં પોલીસની ટીમ તહેનાત કરાઈ હતી. પોલીસના જણાવ્યાનુસાર, ટોંક કેન્ટોનમેન્ટનો રહેવાસી ૨૫ વર્ષીય સીતારામ કીર તેના ત્રણ મિત્રો સિકંદર, દિલખુશ અને દીપક સાથે એક સંબંધીને મળવા જહાજપુર આવ્યા હતા. શુક્રવારે સાંજે લગભગ ૭:૩૦ વાગ્યે, તેમની કાર બસ સ્ટેન્ડ પાસે શાકભાજીની લારી સાથે અથડાઈ, જેના કારણે લારી પલટી ગઈ અને તેના કારણે લારીના માલિક શરીફ મોહમ્મદ સાથે દલીલ થઈ, જે અચાનક હિંસક ઝઘડામાં ફેરવાઈ ગઈ હતી. સ્થાનિક લોકોના જણાવ્યાનુસાર, ઝઘડા દરમિયાન, એક પક્ષના લગભગ ૨૦ લોકો સ્થળ પર ભેગા થયા અને તેમણે કાર ચાલક સીતારામને બહાર કાઢ્યો અને રસ્તા પર તેને બેરહેમીથી માર મારવાનું શરૂ કર્યું.

### રુપિયા ૫૫ લાખ માગવાના કેસમાં કરાઈ ધરપકડ

# PCIમાં ભ્રષ્ટાચાર મામલે 3 ડોક્ટર સહિત કુલ ૬ લોકોની ધરપકડ

### અમદાવાદમાં ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના અધ્યક્ષ મોન્ટુ પટેલ સામે તપાસ હાથ ધરવામાં આવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયામાં ભ્રષ્ટાચારના મામલામાં તપાસના ધમધમાટ વચ્ચે ઝૈંએ ૬ વ્યક્તિની ધરપકડ કરી છે. ૩ ડૉક્ટર સહિત કુલ ૬ લોકોની ધરપકડ કરવામાં આવી છે. ગઈકાલે અમદાવાદમાં ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના અધ્યક્ષ મોન્ટુ પટેલ સામે તપાસ હાથ ધરવાના સમાચાર સામે આવ્યા હતા. CBIએ અમદાવાદમાં સ્થિત મોન્ટુ પટેલના બંગલા પર દરોડા પાડ્યા હતા. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર કોલેજોને માન્યતા આપવાના મુદ્દે લાંચ લેવાના આરોપ લગાવ્યો છે. તપાસ વચ્ચે ગુજરાત ફાર્માસિસ્ટ એસોસિએશનના પ્રમુખ રજનીકાંત ભારતીયએ ગંભીર આક્ષેપો લગાવ્યા છે. તેમણે રાજ્ય સરકાર મોન્ટુ પટેલને છાવરતી હોવાનો આક્ષેપ કર્યો છે.તેમણે કહ્યુ કે મોટા માથાઓના સહયોગ વિના કૌભાંડ શક્ય જ નથી.મોન્ટુ પટેલ ગુજરાત ફાર્મસી કાઉન્સિલના પ્રમુખ



હતા ત્યારે પણ ફરિયાદો ઊઠી હતી. અન્ય રાજ્યોમાંથી આવતી ડિગ્રીના રજિસ્ટ્રેશન માટે રૂપિયા લેવાતા હતા. ફરિયાદો છતાં ગુજરાત સરકાર દ્વારા કોઈ કાર્યવાહી કરાઈ નથી. ચૂંટણીમાં હાર્યા બાદ પણ મોન્ટુ પટેલનું વર્ચસ્વ અકબંધ રાખવા પ્રયાસો કર્યા છે.

ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા એટલે કે PCIના અધ્યક્ષ મોન્ટુ પટેલ દ્વારા ૪ હજાર કરોડથી પણ વધુનું કૌભાંડ આચરાયાના આક્ષેપો ઊઠ્યા છે. ત્યારે CBIએ હાથ ધરેલી તપાસમાં હાલ ૬ વ્યક્તિઓની ધરપકડ કરાઈ છે. ફરિયાદની વાત કરીએ તો ગાંધીનગરના કલોલમાં આવેલ સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યુટ ઑફ મેડિકલ સાયન્સીઝ એન્ડ રિસર્ચના "સ્વામી ભક્તવત્સલદાસ"નું નામ ફરિયાદમાં આરોપી તરીકે ૩પમાં નંબરે છે. તો છત્તીસગઢ શ્રીરાવતપુરા સરકાર ઈન્સ્ટિટ્યુટ ઑફ મેડિકલ સાયન્સીઝ અને રિસર્ચના હોદ્દેદારોના નામ પણ ફરિયાદમાં સામેલ છે. તો બીજી તરફ ફાર્મસી હિત રક્ષક સમિતિના પ્રમુખ અને ફરિયાદી રાજેશ પટેલનો આરોપ છે કે જે કોલેજોમાં કોઈ સગવડ ન હોય લેબ ન હોય લાઈબ્રેરી કે પ્રિન્સિપાલ પણ ન હોય તેવી કોલેજોને રૂપિયા લઈને મોન્ટુ પટેલે પરવાનગી આપી. તો વર્ષ ૨૦૨૫માં કોલેજોને પરવાનગી આપવામાં જાણી જોઈને એટલે વિલંબ કરાયો કે જેથી તે નાણાં મેળવી શકે. રૂપિયા મોન્ટુ પટેલના એજન્ટો દ્વારા ઉઘરાવાતા હોવાનો અને તે આંગડિયા મારફતે મોન્ટુ પટેલ સુધી પહોંચતા હોવાનો પણ આક્ષેપ છે. ઉલ્લેખનીય છે કે મોન્ટુ પટેલ ભાજપના યુવા મોરચા સાથે સંકળાયેલ છે. કોલેજોને માન્યતા આપવાના મુદ્દે લાંચ લીધાની મોન્ટુ પટેલ સામે ફરિયાદ નોંધાઈ છે. માળખા વગરની ૨૩ કોલેજોને મંજૂરી આપ્યાના આક્ષેપો ઉઠ્યા છે.

# ટેક્સસમાં અચાનક આવેલા પૂરથી ૨૪ લોકોનાં મોત થયા

### યુએસ મીડિયાના રિપોર્ટ અનુસાર સેન્ટ્રલ ટેક્સસમાં ગણતરીના કલાકોમાં જ દસેક ઈંચ જેટલો વરસાદ પડ્યો

। (એજન્સી) ટેક્સસ, તા.૬ ।



ટેક્સસમાં કદાચ સદીના સૌથી ભીષણ કહી શકાય તેવા ફ્લેશ ફ્લડ એટલે કે આકસ્મિક પૂરને કારણે ૨૪ લોકોનાં મોત થયા હોવાની પુષ્ટિ થઈ ચૂકી છે જ્યારે સમર કેમ્પમાં ભાગ લેવા ગયેલી ૨૦ જેટલી છોકરીઓનો કોઈ અતોપતો નથી. આ છોકરીઓ સિવાય બીજા પણ સેંકડો લોકો ગુમ થયા હોવાનું મનાઈ રહ્યું છે અને હાલ તેમને શોધવાની કામગીરી ચાલી રહી છે, જેના માટે હેલિકોપ્ટર્સ પણ કામે લગાડવામાં આવ્યા છે.આ ફ્લડની સૌથી વધુ અસર કેર કાઉન્ટીમાં થઈ છે, કેરવીલમાં છેલ્લે ૧૯૩૨માં આવું ભીષણ પૂર આવ્યું હતું તેવો પણ કેટલાક રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવી રહ્યો છે.

સેન્ટ્રલ ટેક્સસમાં ગુરુવાર રાતથી શરૂ થયેલા ધમધોકાર વરસાદને કારણે ગ્વાડાલુપે નદીમાં રાતોરાત ઘોડાપૂર આવતા ગાંડીતૂર બનેલી આ નદીએ આસપાસના વિસ્તારોને ઝપેટમાં લઈ લેતા કેટલાય મકાનો પાણીમાં ડૂબી ગયા હતા અને ગાડીઓ નદીમાં તણાતી જોવા મળી હતી.

યુએસ મીડિયાના રિપોર્ટ અનુસાર સેન્ટ્રલ ટેક્સસમાં ગણતરીના કલાકોમાં જ દસેક ઈંચ જેટલો વરસાદ પડી ગયો હતો. મતલબ કે આ સ્ટેટમાં બે-ચાર મહિનામાં પણ જેટલો વરસાદ નથી પડતો તેટલો માત્ર એક જ રાતમાં પડી જતાં ગ્વાડાલુપે નદીની સપાટી ૨૦ ફીટ સુધી પહોંચી ગઈ હતી.

ભારે વરસાદ બાદ જે ૨૦ છોકરીઓ ગુમ થઈ છે તે નદીના પટમાં આવેલી જગ્યામાં જ કેમ્પિંગ કરી રહી હતી અને તેમનો કેમ્પ પાણીમાં તણાઈ ગયા બાદ આઠ-દસ વર્ષની આ છોકરીઓને શોધવાની કામગીરી ચાલી રહી છે, પરંતુ ગ્વાડાલુપે નદીએ જે તોફાની સ્વરૂપ ધારણ કર્યું હતું તેને જોતાં તેમાં તણાઈ ગયેલી છોકરીઓના બચવાની શક્યતા ખૂબ જ અલ્પ લાગી રહી છે.

જો આમ થયું તો કદાચ આ પૂર ટેક્સસનું અત્યારસુધીનું સૌથી ખતરનાક ફ્લડ સાબિત થશે. આ ફ્લડની ભયાનકતા દર્શાવતા કેટલાક ચોંકાવનારા વિડીયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે જેમાં જોઈ શકાય છે કે કઈ રીતે અનેક મકાનો તેમજ વાહનો તણખલાની જેમ પાણીમાં તણાઈ રહ્યા છે.

### નેહલને ભારત લાવવાની કવાયત તેજ

# નીરવ મોદીનો ભાઈ નેહલ મોદી અમેરિકામાં ઝડપાયો

### નેહલ મોદીની ધરપકડ ED અને CBI દ્વારા સંયુક્ત પ્રત્યાર્પણની વિનંતી કરાયા બાદ કરવામાં આવી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

પંજાબ નેશનલ બેંક (PNB) કૌભાંડ સાથે જોડાયેલા વધુ એક આરોપીને ઝડપી પાડવામાં આવ્યો છે. અમેરિકી અધિકારીઓએ ભાગેડું નીરવ મોદીના ભાઈ નેહલ મોદીની ૪ જુલાઈ ૨૦૨૫ના રોજ ધરપકડ કરી છે. આ અંગેની માહિતી અમેરિકી ન્યાય વિભાગ (યુનાઈટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ)એ ભારતીય એજન્સીઓને આપી છે. નેહલ મોદીની ધરપકડ ભારતના એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) અને સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) દ્વારા સંયુક્ત પ્રત્યાર્પણની વિનંતી કરાયા બાદ કરવામાં આવી છે. યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટે પુષ્ટિ કરી છે કે, નેહલ મોદીની ધરપકડ ભારત સરકાર દ્વારા પ્રત્યાર્પણની વિનંતી કરાયા બાદ કરવામાં આવી છે અને હવે તેના પ્રત્યાર્પણની પ્રક્રિયા અમેરિકામાં શરૂ થઈ ગઈ છે. નેહલ મોદી પર ભારતના પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA), ૨૦૦૨ની કલમ ૩ હેઠળ મની લોન્ડરિંગનો આરોપ છે. એટલે કે, તેણે ગેરકાયદેસર રીતે કમાયેલા પૈસાને વિવિધ માધ્યમો દ્વારા કાયદેસર બતાવવાનો પ્રયાસ કર્યો હતો. નેહલ મોદી પર ભારતીય દંડ સંહિતાની કલમ 120-B અને ૨૦૧ હેઠળ ગુનાહિત કાવતરું કરવાનો અને પુરાવાનો નાશ કરવાનો આરોપ છે. તપાસ એજન્સીઓનું માનવું છે કે, નેહલે જાણીજોઈને કૌભાંડમાં સામેલ થઈને તપાસને ખોટી દિશામાં ભટકવાનો પ્રયાસ કર્યો હતો. નેહલ મોદી પંજાબ નેશનલ બેંક (PNB) કૌભાંડ કેસમાં વોન્ટેડ છે. જે દેશના ઈતિહાસમાં સૌથી મોટા બેંક્ગિં કૌભાંડમાંથી એક છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) અને કેન્દ્રીય તપાસ બ્યુરો (સીબીઆઈ) દ્વારા કરવામાં આવેલી તપાસમાં સામે આવ્યું હતું કે, નીરવ મોદીની ગેરકાયદેસર આવકને કાયદેસર બનાવવામાં નેહલ મોદીએ મદદ કરી હતી..

### Ak-47, IED અને ગ્રેનેડ જેવા હથિયાર જપ્ત

# મણિપુરમાં મોટું ઓપરેશન, ઘાતક ૨૦૩ હથિયારો જપ્ત

### ગેરકાયદેસર હથિયારોની માહિતીના આધારે મણિપુરમાં એક વિશાળ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું

। (એજન્સી) મણિપુર, તા.૬ ।

મણિપુરમાં સુરક્ષા દળોને મોટી સફળતા મળી છે. ગેરકાયદેસર હથિયારોની માહિતીના આધારે મણિપુરમાં એક વિશાળ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ગુરુવાર રાતથી શુક્રવાર સવાર સુધી ચાલેલા વ્યાપક સર્ચ ઓપરેશન દરમિયાન, મોટી માત્રામાં શસ્ત્રો, દારૂગોળો અને વિસ્ફોટક સામગ્રી જપ્ત કરવામાં આવી હતી. સંયુક્ત સુરક્ષા દળોએ ૨૦૩ હથિયાર, IED અને ગ્રેનેડ જપ્ત કર્યા છે. ઉત્તરપૂર્વમાં પરિસ્થિતિની સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને સુરક્ષા દળો હાઈ એલર્ટ પર છે. આગામી દિવસોમાં શસ્ત્રોના ડેપોને નાબૂદ કરવા અને પ્રદેશમાં શાંતિ જાળવવા માટે સુરક્ષા દળો આવા વધુ ઓપરેશન હાથ ધરે તેવી શક્યતા છે. માહિતી અનુસાર, ચોક્કસ ગુપ્ત માહિતીના આધારે, મણિપુર પોલીસ, આસામ રાઈફલ્સ / આર્મી અને સેન્ટ્રલ સશસ્ત્ર પોલીસ ફોર્સ (CPAPF) ની સંયુક્ત ટીમોએ ટેંગનોપાલ, કાંગપોકપી, ચંદેલ અને ચુરાચંદપુરના પહાડી જિલ્લાઓમાં સંકલિત ઓપરેશન હાથ ધર્યા હતા. આ સર્ચ ઓપરેશન દૂરસ્થ અને અંતરિયાળ વિસ્તારોમાં શંકાસ્પદ છુપાયેલા સ્થળો પર કેન્દ્રિત હતું, જેના પરિણામે તાજેતરના વર્ષોમાં સૌથી મોટી જપ્તી થઈ. ૨૦૩ શસ્ત્રોમાં 21 INSAS રાઈફલ્સ, 11 AK-સિરીઝ રાઈફલ્સ, 26 SLR, ૨ સ્નાઈપર રાઈફલ્સ, ૩ કાર્બાઈન્સ, ૧૭.૩૦૩ રાઈફલ્સ, 2.51 mm મોર્ટાર, 2 MA એસોલ્ટ રાઈફલ્સ, 3 M79 ગ્રેનેડ લોન્ચર્સ, ૩૮ 'પોમ્પી' દેશી બનાવટની બંદૂકો અને અનેક પિસ્તોલ, બોલ્ટ-એક્શન રાઈફલ્સ અને દેશી બનાવટના શસ્ત્રોનો સમાવેશ થાય છે.

### લાખો વોટર્સ મતાધિકાર ગુમાવશે

# ચૂંટણી પંચના નવા નિયમો વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી




। (એજન્સી) નવી દિલ્હી, તા.૦૬ ।

બિહારમાં વૉટર્સ લિસ્ટના રિવિઝન માટે ચૂંટણી પંચના નિર્ણય વિરુદ્ધમાં સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. એસોસિએશન ફૉર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં જણાવ્યું છે કે, ચૂંટણી પંચનો આ પ્રકારનો નિર્ણય મનસ્વી છે અને આમ થવાથી બિહારના લાખો વૉટર્સનો મતાધિકાર છીનવાશે. તમને જણાવી દઈએ કે, બિહારમાં આ વર્ષે ચૂંટણી થવાની છે. જ્યારે ગત ૨૪ જૂનના રોજ ચૂંટણી પંચે બિહારમાં વૉટર્સ લિસ્ટના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ની ઘોષણા કરી હતી. ચૂંટણી પંચના આ પ્રકારના નિર્ણય પર વિપક્ષના નેતાઓએ પણ નારાજગી વ્યક્ત કરી છે. ADR દ્વારા દાખલ કરાયેલી અરજીમાં કહ્યું છે કે, બિહારમાં વૉટર્સ લિસ્ટના રિવિઝનને લઈને ચૂંટણી આયોગના આદેશથી બંધારણના અનુચ્છેદ ૧૪, ૧૯, ૨૧, ૩૨૫ અને ૩૨૬ સાથે-સાથે રિપ્રેઝન્ટેશન ઑફ ધ પીપલ એક્ટ અને રજીસ્ટ્રેશન ઑફ ઈલેક્ટર્સ રૂલ્સ-૧૯૬૦ના નિયમ ૨૧છનું પણ ઉલ્લંઘન થાય છે. જો આ આદેશ રદ કરવામાં નહીં આવે તો લાખો વૉટર્સને મતાધિકારથી વંચિત રાખવામાં આવશે. જેની સીધી અસર ચૂંટણી પ્રક્રિયાની સ્વતંત્રતા અને નિષ્પક્ષતા પર પડશે. આ બંધારણના મૂળ માળખાનું ઉલ્લંઘન ગણાશે. અરજીમાં જણાવાયું છે કે, ચૂંટણી પંચના આદેશમાં વૉટર્સ લિસ્ટમાં પોતાનું નામ શામેલ કરવાની યોગ્યતા સાબિત કરવાની જવાબદારી સરકારની જગ્યાએ નાગરિક પર મુકી છે. જે રીતે ચૂંટણી પંચે વૉટર્સ લિસ્ટમાં નામ દાખલ કરવા માટે આધાર, રેશનકાર્ડ જેવા સામાન્ય ઓળખપત્રને બદલે અન્ય દસ્તાવેજો રજૂ કરવાનું ફરજિયાત કર્યું છે. અને પોતાની તેમજ માતાપિતાની ઓળખ સાબિત કરવા માટે દસ્તાવેજો રજૂ કરવા ફરજિયાત બનાવ્યા છે. આમ આ રીતે સમાજના વંચિત વર્ગના લાખો લોકોના નામ વૉટર્સ લિસ્ટમાંથી કાઢી નાખવામાં આવશે.

# જામનગર-અમૃતસર એક્સપ્રેવેનો ગુજરાતમાં આવેલો ભાગ ધોવાઈ ગયો

### દેશની ધોરી નસ જેવા જામનગર-અમૃતસર એક્સપ્રેસવે પર પડ્યા ગાબડા, સરકારે કોન્ટ્રાક્ટર પર ઠોક્યો દંડ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

એક તરફ સરકાર દેશમાં વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવાનો પ્રયાસ કરી રહી છે, તો બીજી તરફ, દેશના કોન્ટ્રાક્ટરો અને બાંધકામ કંપનીઓ તેને બગાડવામાં કોઈ કસર છોડી રહી નથી. પંજાબના અમૃતસરથી ગુજરાતના જામનગર સુધી બની રહેલા દેશના બીજા સૌથી મોટા એક્સપ્રેસ વેમાં કંઈક આવું જ બન્યું છે. આ એક્સપ્રેસ વેના નિર્માણમાં કોન્ટ્રાક્ટરે હલકી ક્વોલિટીના મટિરિયલનો ઉપયોગ કર્યો હતો, જેના કારણે એક્સપ્રેસ વે શરૂ થાય તે પહેલાં જ તેની હાલ ખખડધજ થવા લાગી હતી. હવે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) એ જવાબદારો સામે કડક કાર્યવાહી કરી છે. હાઈવે અને એક્સપ્રેસ વેના બાંધકામ પર નજર રાખતી સરકારી કંપની NHAI એ માત્ર અમૃતસર-જામનગર એક્સપ્રેસ વેના બાંધકામમાં રોકાયેલા કોન્ટ્રાક્ટરને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કર્યો નથી, પરંતુ તેનું નિરીક્ષણ કરી રહેલા એન્જિનિયર અને ઓથોરિટીના એક અધિકારીને પણ સસ્પેન્ડ કર્યા છે. એક્સપ્રેસ વેના ગુજરાત કોરિડોર વિભાગમાં બેદરકારી અને ગરબડ થયા બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે. NHAIએ પોતાના સ્ટેટમેન્ટમાં જણાવ્યું કે એક્સપ્રેસવેના સાંચોર-સંતલપુરમાં બની રહેલા ૬ લેન કોરિડોર નિર્માણમાં ખરાબ સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ કારણે એક્સપ્રેસવેનું નિર્માણ પૂર્ણ થયા પહેલા જ રસ્તા પરનું બાંધકામ ઉખડવા લાગ્યું છે. આ કોરિડોર ગુજરાતના NH-754Kની પાસે બની રહેલ પેકેજ-૪નો ભાગ છે, જે કિલાનાથી સંતલપુર સુધી બનાવવામાં આવી રહ્યો છે. તેના નિર્માણની જવાબદારી CDS ઈન્ફ્રા પ્રોજેક્ટ લિમિટેડ નામના કોન્ટ્રાક્ટરને સોંપવામાં આવી હતી. CDS ઈન્ફ્રા પ્રોજેક્ટ લિમિટેડને NHAIએ હંમેશા માટે બેન કરી દીધી છે. ઓથોરિટીએ જણાવ્યું કે, ભવિષ્યમાં આ કંપની કોઈ પણ હરાજીમાં ભાગ લઈ શકશે નહીં.

# તંત્રી લેખ...

## વક્ફ સંશોધન બિલ વિરૂદ્ધ રેલી

પટનામાં વક્ફ સંશોધન બિલના વિરૂદ્ધમાં મુસ્લિમ સંગઠનોએ અવાજ ઉઠાવ્યો છે. સંગઠન દ્વારા એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં બિહારના વિરોધ પક્ષના નેતા તેજસ્વી યાદવ પણ સામેલ હતા. પટનામાં ગાંધી મેદાન ખાતે કોન્ફરન્સ દરમિયાન પોતાના ભાષણમાં તેજસ્વી યાદવે વક્ફ બચાવો, રિવાજ બચાવો ના નારા સાથે વિરોધ નોંધાવ્યો હતો. જેમાં તેજસ્વીએ કહ્યું કે, આ દેશ કોઈના બાપનો નથી. આઝાદીની લડાઈમાં તમામ લોકોના પૂર્વજોએ પોતાનું બલિદાન આપ્યું છે. તેમણે કહ્યું કે, બિહારમાં કોઈપણ કિંમતે વક્ફ સંશોધન બિલ લાગુ નહી કરાય. ઉત્તરથી દક્ષિણ હિન્દુસ્તાન સુધીના દરેક વિસ્તારના ઈતિહાસ એ વાતની સાક્ષી છે કે, આપણી સ્વંત્રતા સંગ્રામ લડાઈમાં હિંદુ હોય કે મુસલમાન, સિખ હોય કે ઈસાઈ તમામ લોકોએ દેશની આઝાદી માટે બલિદાન આપ્યું છે. આ દેશ કોઈના બાપનો નથી, આપણા સૌનો દેશ છે. તેજસ્વી યાદવે કહ્યું કે, આ દેશ માટે તમામ લોકોના બલિદાનથી આપણને આઝાદી મળે છે. સૌથી મહત્ત્વપૂર્ણ વાત એ છે કે, તમારી જમીન છીનવાઈ રહી છે. હવે ભાજપ સત્તામાંથી જવાની છે. લઘુમતી, ગરીબ, પછાત, અતિ પછાત અને દલિતોના મત છીનવી લેવાના પ્રયાસો થઈ રહ્યા છે. યાવદના અનુસાર, તાજેતરમાં નવા ચૂંટણી પંચનું નોટિફિકેશન આપ્યું છે કે, તે ૮ લાખ મતદારોની ફરીથી યાદી બનાવવા જઈ રહ્યા છે. આ લોકો મતાધિકાર છીનવવાનો પ્રયાસ કરી રહ્યા છે. પરંતુ આપણે સાથે મળીને લડીશુ અને જીતીશું. તમને જણાવી દઈએ કે, વક્ફ બિલ સંશોધનના વિરોધ મુસ્લિમ સમાજના લોકો પટનામાં એકઠા થયા હતા.

## પ્રધાનમંત્રી મોદીએ આચાર્ય વિદ્યાનંદજી મહારાજની શતાબ્દી સમારોહને સંબોધિત કર્યો

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં આચાર્ય શ્રી વિદ્યાનંદજી મહારાજના શતાબ્દી સમારોહને સંબોધિત કર્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત લોકોને સંબોધતા પ્રધાનમંત્રીએ કહ્યુ કે રાષ્ટ્ર ભારતની આધ્યાત્મિક પરંપરામાં એક મહત્વપૂર્ણ પ્રસંગ જોઈ રહ્યું છે, જેમાં આચાર્ય શ્રી વિદ્યાનંદજી મુનિરાજના શતાબ્દી સમારોહની પવિત્રતા પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. તેમણે કહ્યુ કે પૂજ્ય આચાર્યની અમર પ્રેરણાથી ભરપૂર આ કાર્યક્રમ એક અસાધારણ અને પ્રોત્સાહક વાતાવરણ બનાવી રહ્યો છે. પ્રધાનમંત્રીએ ઉપસ્થિત સૌને શુભેચ્છા પાઠવી અને કાર્યક્રમમાં હાજર રહેવાની તક આપવા બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. આજનો દિવસ બીજા કારણોસર પણ વિશેષ મહત્વ ધરાવે છે તેનો ઉલ્લેખ કરતા, શ્રી મોદીએ યાદ કર્યુ કે ૨૮ જૂન ૧૯૮૭ના રોજ આચાર્ય શ્રી વિદ્યાનંદજી મુનિરાજને ઔપચારિક રીતે 'આચાર્ય'નું બિરુદ આપવામાં આવ્યું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આ માત્ર એક બિરુદ નથી પરંતુ એક પવિત્ર પ્રવાહની શરૂઆત છે. જેણે જૈન પરંપરાને વિચાર, શિસ્ત અને કરુણા સાથે જોડ્યો છે. પ્રધાનમંત્રીએ કહ્યુ કે જ્યારે આખો દેશ આચાર્ય વિદ્યાનંદજી મુનિરાજની શતાબ્દી ઉજવી રહ્યો છે, ત્યારે આ તારીખ આપણને તે ઐતિહાસિક ક્ષણની યાદ અપાવે છે. આચાર્ય શ્રી વિદ્યાનંદજી મુનિરાજને શ્રદ્ધાંજલિ આપતા, શ્રી મોદીએ દરેકને આચાર્યના આશીર્વાદ મળે તેવી શુભેચ્છા પાઠવી હતી. પ્રધાનમંત્રીએ કહ્યુ કે શ્રી વિદ્યાનંદજી મુનિરાજની શતાબ્દી ઉજવણી કોઈ સામાન્ય ઘટના નથી, તે એક યુગની સ્મૃતિ છે અને એક મહાન તપસ્વીના જીવનનો પડઘો છે. તેમણે આ ઐતિહાસિક પ્રસંગની ઉજવણી માટે ખાસ સ્મારક સિક્કા અને ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી છે તે વાત પર પ્રકાશ પાડ્યો હતો. શ્રી મોદીએ આચાર્ય શ્રી પ્રજ્ઞા સાગરજીનો ખાસ આભાર માન્યો અને કહ્યુ કે તેમના માર્ગદર્શન હેઠળ, લાખો અનુયાયીઓ પૂજ્ય ગુરુ દ્વારા બતાવેલા માર્ગ પર ચાલી રહ્યા છે. શ્રી મોદીએ કહ્યુ કે આ પ્રસંગે તેમને 'ધર્મ ચક્રવર્તી'નું બિરુદ આપવામાં આવ્યું છે અને નમ્રતાપૂર્વક કહ્યુ કે ભારતીય પરંપરા આપણને સંતો પાસેથી મળેલી દરેક વસ્તુને આશીર્વાદ તરીકે સ્વીકારવાનું શીખવે છે. તેથી, તેમણે નમ્રતાપૂર્વક આ બિરુદ સ્વીકાર્યુ અને તેને ભારત માતાના ચરણોમાં સમર્પિત કર્યુ છે. દિવ્ય આત્મા જેમના શબ્દો જીવનભર માર્ગદર્શક સિદ્ધાંતો તરીકે સેવા આપે છે તેમની સાથેના તેમના ઊંડા ભાવનાત્મક બંધન પર પ્રતિબિંબ પાડતા પ્રધાનમંત્રીએ કહ્યું કે આવા પૂજ્ય વ્યક્તિ વિશે વાત કરવાથી સ્વાભાવિક રીતે જ ઊંડી લાગણીઓ જાગે છે. તેમણે વ્યક્ત કર્યુ કે શ્રી વિદ્યાનંદજી મુનિરાજ વિશે વાત કરવાને બદલે, તેઓ ઈચ્છતા હતા કે તેમને ફરી એકવાર તેમને સાંભળવાનો લહાવો મળે. શ્રી મોદીએ કહ્યુ કે આવા મહાન વ્યક્તિત્વની યાત્રાને શબ્દોમાં વર્ણવવી એ સરળ કાર્ય નથી. તેમણે કહ્યું કે આચાર્ય વિદ્યાનંદજી મુનિરાજનો જન્મ ૨૨ એપ્રિલ ૧૯૨૫ના રોજ કર્ણાટકની પવિત્ર ભૂમિ પર થયો હતો અને તેમને આધ્યાત્મિક નામ 'વિદ્યાનંદ' આપવામાં આવ્યું હતું. તેમણે ભાર મૂક્યો કે આચાર્યનું જીવન જ્ઞાન અને આનંદનો એક અનોખો સંગમ હતો. તેમની વાણી ગહન જ્ઞાનથી ભરેલી હતી, છતાં તેમના શબ્દો એટલા સરળ હતા કે કોઈપણ તેમને સમજી શકે. પ્રધાનમંત્રીએ આચાર્ય શ્રી વિદ્યાનંદજી મુનિરાજને 'યુગ દૃષ્ટા' ગણાવ્યા હતા. તેમણે કહ્યું કે તેમને આચાર્યના આધ્યાત્મિક આભાનો વ્યક્તિગત રીતે અનુભવ કરવાની અને સમય જતાં તેમનું માર્ગદર્શન અને આશીર્વાદ મેળવવાની તક મળી હતી. તેમણે કહ્યું કે આ શતાબ્દી ઉજવણીમાં, તેઓ હજુ પણ પૂજ્ય આચાર્ય પ્રત્યે એ જ સ્નેહ અને નિકટતા અનુભવી શકે છે. મોદીએ કહ્યું, ''ભારત વિશ્વની સૌથી જૂની જીવંત સભ્યતા છે, આપણો દેશ હજારો વર્ષોથી ટકી રહ્યો છે કારણ કે તેના વિચારો, દાર્શનિક વિચારસરણી અને વિશ્વ દૃષ્ટિકોણ શાશ્વત છે.'' તેમણે કહ્યું કે આ સ્થાયી દ્રષ્ટિ ઋષિઓ, સંતો અને આચાર્યોના જ્ઞાનમાં મૂળ ધરાવે છે. તેમણે ભાર મૂક્યો કે આચાર્ય શ્રી વિદ્યાનંદ જી મુનિરાજ આ કાલાતીત પરંપરાના આધુનિક દીવાદાંડી તરીકે ઉભા હતા. પ્રધાનમંત્રીએ કહ્યું કે આચાર્ય ઘણા વિષયોમાં ઊંડી કુશળતા ધરાવતા હતા અને ઘણા ક્ષેત્રોમાં શ્રેષ્ઠતા દર્શાવી હતી. તેમણે આચાર્યના આધ્યાત્મિક કૌશલ્ય, વિશાળ જ્ઞાન અને કન્નડ, મરાઠી, સંસ્કૃત અને પ્રાકૃત જેવી ભાષાઓ પર પ્રભુત્વની પ્રશંસા કરી. સાહિત્ય અને ધર્મમાં આચાર્યના યોગદાન, શાસ્ત્રીય સંગીત પ્રત્યેની તેમની નિષ્ઠા અને રાષ્ટ્ર સેવા પ્રત્યેની તેમની અતૂટ પ્રતિબદ્ધતા પર પ્રકાશ પાડતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે જીવનનું કોઈ પણ પાસું એવું નહોતું જેમાં આચાર્યએ અનુકરણીય ધોરણો સ્થાપિત ન કર્યા હોય. તેમણે ભાર મૂક્યો કે આચાર્ય વિદ્યાનંદજી માત્ર એક મહાન સંગીતકાર જ નહીં પરંતુ એક પ્રખર દેશભક્ત અને સ્વતંત્રતા સેનાની અને એક અડગ દિગંબર મુનિ પણ હતા, જે સંપૂર્ણ ત્યાગનું પ્રતિક હતા. તેમણે તેમને જ્ઞાનના ભંડાર અને આધ્યાત્મિક આનંદના સ્રોત તરીકે વર્ણવ્યા. શ્રી મોદીએ ભાર મૂક્યો કે સુરેન્દ્ર ઉપાધ્યાયથી આચાર્ય શ્રી વિદ્યાનંદજી મુનિરાજ સુધીની સફર એક સામાન્ય માણસથી દિવ્ય આત્મામાં પરિવર્તનની સફર હતી.

**મહાકવિ કાલિદાસ ના જન્મ દિવસનો સંદર્ભ લઈ કહ્યું હતું કે એ મૂર્ખ માંથી મહાન બન્યા, તો સામાન્ય માનવી ને મહાન બનાવનારું પરિબળ ક્યું છે?**

## તત્વતઃ વિદ્યા એ જીવને બુદ્ધિ થી આગલી કક્ષામાં લઈ જતી ભાવ શક્તિ છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**આપણાં મનની શાંતિ માટે આપણે બીજું કંઈ જ કરવાનું નથી, માત્ર અંતરમાં વસુધૈવ કુટુંબની ભાવના દ્રઢ કરવાની છે, એટલે કે માત્ર મારા લાભ હાનિનું નહીં સૌનાં હિત માટે મારો સ્વાર્થ ત્યજવો, અને સૌની શાંતિનો સંકલ્પ કરવો, એ એક જ માર્ગ છે! આપણે સૌ અષાઢ નવરાત્રીમાં આ રીતે મનોભાવથી શુદ્ધ થઈ વિશ્વ શાંતિનો સંકલ્પ કરી શકીએ.**

આપણે આ અષાઢી નવરાત્રી પર્વમાં મા જગત જનની જગદંબાના ચરણે કોટી કોટી વંદન કરી શક્તિ ના નિર્મળ ગુપ્ત ભાવને પારખી એક શક્તિ કવચ બનાવી ક્ષણિક સુખને શાંતિ સુધી લઈ જવા, યા દેવી સર્વ ભૂતેષુ શક્તિ થી શાંતિ સુધીની સફર તય કરવાની છે. સ્થૂળ શરીરને ચલાવવાં માટે શક્તિ અને બુદ્ધિ બંને પરિબળ અતિ મહત્વનાં છે, અને એને વિશે ગઈકાલે આપણે ચિંતનમાં વાત કરી. પણ આપણે અત્યારે એકવીસમી સદીમાં પહોંચી ગયાં છીએ, અને વિજ્ઞાનનો વિકાસ હરણફાળ ભરી આકાશને આંબવા સુધી પહોંચ્યો છે, ત્યારે માત્ર બળ બુદ્ધિ બેથી ન ચાલે! બુદ્ધિને આગળનાં પડાવ વિદ્યા સુધી લઈ જવી પડે. અત્યારના સંદર્ભમાં લગભગ દરેકમા કોઈ ને કોઈ ટેલેન્ટ છે, પણ આપણે તેને વિદ્યા કહી શકીએ નહીં! કારણકે દરેકનું ટેલેન્ટ શુભ કર્તા નથી હોતું, એ લાભ માટે પણ હોય છે. જ્યારે વિદ્યામાં હંમેશા શુભ સમાયેલું હોય છે, અને એટલે વિદ્યા અને અવિદ્યા એમ એને વિભાજિત કરવામાં આવે છે. અવિદ્યા શુભ કર્તા નથી હોતી, અજ્ઞાન અને પતન તરફ દોરનારી હોય છે. આપણે મહાકવિ કાલિદાસ ના જન્મ દિવસનો સંદર્ભ લઈ કહ્યું હતું કે એ મૂર્ખ માંથી મહાન બન્યા, તો સામાન્ય માનવી ને મહાન બનાવનારું પરિબળ કયું છે? એનાં જવાબમાં આપણે વિદ્યા કહી શકીએ ! પણ તત્વતઃ વિદ્યા એ બુદ્ધિથી આગલી કક્ષામાં લઈ જતી ભાવ શક્તિ છે. વિદ્યાઃ બુદ્ધિની જેમ જ વાણી એક એવું પરિબળ છે, જે મનુષ્યને અન્ય જીવ સૃષ્ટિમાંથી જુદું પાડે છે, અને વાણી ને કારણે આપણું જીવન આસાન બને છે, અને વ્યવહાર પણ સરળ બને છે, આ ઉપરાંત આપણે વિદ્યાવાન અથવા વિદ્વાન બની શકીએ છીએ. વિદ્યા એવું પરિબળ છે જેને કારણે જેમ આકાશમાં સૂર્યની હાજરી કોઈને બતાવવી પડતી નથી, એમ વિદ્યા સ્વયં પ્રકાશિત હોય છે, અને એને કારણે વ્યક્તિ થી વ્યક્તિત્વ સુધીની સફર આસાન બને છે. પણ વિદ્યા સુધી પહોંચવા માટે વાણીની સાથે સાથે વિનય અને વિવેકની બહુ જરૂર પડે છે, અને એટલે વિદ્યા વિનયથી શોભે, એવું એક સૂત્ર પણ છે, વાણી વર્તન અને વિચારમાં સાતત્ય આવે ત્યારે વ્યક્તિ વિદ્યાવાન બને.સામાન્ય રીતે વિદ્યાની દેવી તરીકે આપણે ત્યાં મા સરસ્વતીને માનવામાં આવે છે. વિદ્યા એટલે શું? એવો કોઈ પ્રશ્ન થાય તો વિદ્યા એટલે કે નિશ્ચિત જ્ઞાન ! કે જે મને મારી મંઝિલ સુધી લઈ જાય! એટલે કે બુદ્ધિનો એક ઠહેરાવ, એવું કહી શકાય. મનની ચંચળતા ઓછી થતી જાય, અને વ્યક્તિની સમજ પરિપક્વ બને, અને એ પડાવ પર એનો મુકામ સ્થિર બને. આમ તો કેટલીય વિદ્યા ઓની શાખાઓ આજકાલ સમાજમાં જોવા મળે છે, જે મોટેભાગે ટેલેન્ટ બની રહે છે, પરંતુ આપણે શાંતિ સુધી પહોંચવું છે, માટે આધ્યાત્મક અભિગમથી જોઈએ તો બુદ્ધિમાં વિવેક આવે ત્યારે જ ઠહેરાવ આવે અને પછી જ એકાગ્રતા એટલે કે પોતાનાં લક્ષ્ય સુધી પહોંચવાની ઝંખના તીવ્ર બને છે. એકાગ્રતા જળવાઈ રહે, એ માટે કોઈ મંત્રનું નિરંતર સ્મરણ રહેવું જોઈએ. હાલાકી શાસ્ત્રના મંત્રો અહીં સકારાત્મક બળ પૂરું પાડે છે, પરંતુ આપણી એવાં મંત્રમાં રૂચી ન હોય તો આપણે કોઈ વિચારને પણ દ્રઢ પણે અનુસરી શકીએ, અને કેટલાય મહાનુભાવો આ રીતે મંજિલ સુધી પહોંચી શક્યાં છે. દાખલા તરીકે આઝાદ ભારતની પરિકલ્પના માટે દરેક ભારતીયોનો આઝાદી એ મહામંત્ર બન્યો હતો, અને એટલે જ આઝાદી પ્રાપ્ત થઈ. શક્તિથી બુદ્ધિ, બુદ્ધિથી વિવેક બુદ્ધિ, જે વિદ્યાના આયામ સુધી પહોંચવા બહુ જ જરૂરી છે, અને બુદ્ધિમાં વિવેક આવે પછી જ એકાગ્રતા સાધી શકાય છે! એકાગ્ર બુદ્ધિ એ વિદ્યા માટેની પ્રથમ પ્રાથમિકતા છે. વિદ્યાવાન કે વિદ્વાનની બુદ્ધિ મેધા ના આયામ સુધી પહોંચી જાય છે, જ્યાં સંસારને લગતાં તમામ મોહ, માયા, મમતા, સમાપ્ત થાય છે, અને જીવ શાશ્વત સત્યને અનુસરવા કટિબદ્ધ થાય છે. એટલે કે અત્યાર સુધી જે વ્યક્તિ હતી, એ હવે આ સૃષ્ટિનાં અસંખ્ય જીવ માનો એક જીવ બની ગઈ! એટલે કે અહમ પર વિજય પ્રાપ્ત થયો, અને પોતાપણાનું જ્ઞાન, એ જ ખરી વિદ્યા છે, એ પ્રાપ્ત થાય છે, જે પછી કહેવાતી અન્ય વિદ્યાઓ પર પ્રભુત્વ પ્રાપ્ત કરવામાં સફળ બનાવે છે. આગળની ભાવ શક્તિ માટે ઘણાં દયા કે સેવા નામ આપે છે, પણ જે સામેવાળાને બેબસી કે લાચારીનાં ભાવમાં રાખે છે, અને એટલે મૈત્રી એ સુંદર પ્રકલ્પ છે, જ્યાં સામેવાળા થોડો હક્ક પણ જમાવે છે.

મૈત્રીઃ કોઈ મંત્ર કે વિચારને દ્રઢ પણે અનુસરીને વ્યક્તિમાંથી એ જીવ સુધી પહોંચી જાય છે. વિદ્યા એ અહમને સમાપ્ત કરનારું પરિબળ છે, પરંતુ આજકાલ સમાજમાં વિદ્વાનને સૌથી વધુ અહમ જોવા મળે છે, જે તેની વિદ્યાને અવિદ્યા સુધી લઈ જાય છે. પોતે પણ આ જીવસૃષ્ટિમાં એક પામર જીવ માત્ર છે, અને જેની સમગ્ર ક્રિયાઓનું સંચાલન એક પરમશક્તિ દ્વારા થઈ રહ્યું છે, એવું સીધું સાદુ જ્ઞાન પ્રાપ્ત થતાં, એનામાં અહીં વસનારા અન્ય જીવો પ્રત્યે મૈત્રીની ભાવ શક્તિ કેળવાય છે, જે શક્તિનું એવું કવચ છે, જે સર્વના હિત માટે હંમેશા પ્રયત્નશીલ રહે છે. બે ચાર વ્યક્તિઓ સાથે મિત્રતાનો ભાવ રાખવો એ વાતને અહીં રાખી નથી, પણ સમજવા માટે જેમ આપણે આપણાં મિત્ર માટે બધું જતું કરીએ છીએ, એની હર મુશ્કેલીમાં સાથે ઉભા રહીએ છીએ, એની ખુશી માટે સતત પ્રયત્ન કરીએ છીએ, અને એની પર ક્યારેય કોઈ સંકટ આવે નહીં એવી પ્રાર્થના કરીએ છીએ, એમ આપણી આસપાસના પરિસરમાં રહેતા સૌકોઈ માટે વિચારવાની વાત છે. બિલકુલ ચિત્રભાનુ મહારાજની રચના, મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે... વાળી મૈત્રી ભાવ શકતિની વાત છે! અને એ આજના સમયમાં બહુ જરૂરી છે. જ્યાં જુઓ ત્યાં પોતાના ખોટા અહમને કારણે લડાઈ ઝઘડાં અને સતત સંઘર્ષનું વાતાવરણ છે. સમાજ પણ સતત કોઈને કોઈ ગુનાખોરીને કારણે અશાંત છે, અને સમગ્ર વિશ્વમાં દરેક દેશ પોતાનું સ્થાન તથા સત્તાને મહાસત્તા બનાવવા યુદ્ધના નગારા વાગાડે છે, ત્યારે જો દરેકમાં આ મૈત્રીની ભાવ શક્તિ ખીલે તો જ વિશ્વ શાંતિ તરફ આગેકૂચ કરે. પણ કદાચ આપણું વિઝન વિશ્વ શાંતિ ન બની શકે! પણ જ્યાં રહીએ છીએ, એ પરિવારથી કુટુંબ, અને કુટુંબથી શેરી મહોલ્લો, એટલાં વિસ્તાર માટે તો આ ભાવ કેળવી સૌના શુભ અને હિતનું વિચારીને જીવી શકાય તો પણ ઘણું પરિણામ મળે. આમ પરિવારનું વર્તુળ વધારતા વધારતા વસુધૈવ કુટુંબની ભાવના દ્રઢ બની શકે.

આપણાં મનની શાંતિ માટે આપણે બીજું કંઈ જ કરવાનું નથી, માત્ર અંતરમાં વસુધૈવ કુટુંબની ભાવના દ્રઢ કરવાની છે. એટલે કે માત્ર મારા લાભ હાનિનું નહીં સૌનાં હિત માટે મારો સ્વાર્થ ત્યજવો, અને સૌની શાંતિનો સંકલ્પ કરવો, એ એક જ માર્ગ છે! આપણે સૌ અષાઢ નવરાત્રીમાં આ રીતે મનોભાવથી શુદ્ધ થઈ વિશ્વ શાંતિનો સંકલ્પ કરી શકીએ એવી અભ્યર્થના સાથે વિરમું છું. જય સીયારામ.

**શ્રીકૃષ્ણની કથા જ એવી દિવ્ય છે કે તે સર્વને આનંદ આપે છે, શ્રીકૃષ્ણ કથામાં એવો આનંદ આવવા લાગ્યો કે, મારું રમવાનું છૂટી ગયું**

## વૃદ્ધાવસ્થાએ એવી અવસ્થા છે, જ્યારે તમને બધાસવાલોના જવાબ આવડતા હોય, પણ પૂછવાવાળુ કોઈ હોતુ નથી...?



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**સામાન્ય મનુષ્યોથી અનુસરી શકાય તેવો સહેલો માર્ગ એછેકે સર્વ સાથે પ્રેમ કરો અથવા એક પ્રભુ સાથે જ પ્રેમ કરો, આત્મા-પરમાત્મા એક છે, મારા ગુરુદેવ તો પ્રેમની મૂર્તિ હતા, ગુરુજી ઊઠતાં પહેલાં હું ઊઠતો, ગુરુજી સેવા કરે ત્યારે ફૂલ તુલસી હું લઈ આવતો, મારા ગુરુજી દિવસમાં બે વખત કીર્તન કરે, સવારે બ્રહ્મસૂત્રની ચર્ચા કરે, પણ રોજ રાત્રે શ્રીકૃષ્ણકથા શ્રીકૃષ્ણ કીર્તન કરે, કનૈયો તેમને બહુ વહાલો મારા ગુરુદેવના ઇષ્ટદેવ બાલકૃષ્ણ હતા.**

આજે અષાઢ મહિનાનો પહેલો સોમવાર અષાઢી ગુપ્ત નવરાત્ર ચાલી રહયા છે. વર્ષમાં આવતી ચાર નવરાત્રિનું વિશેષ મહત્ત્વ રહેલું છે. અષાઢી ગુપ્ત નોરતાંને ગાયત્રી કે શાકંભરી નવરાત્રિ પણ કહેવાય છે અને ગુપ્ત નવરાત્રિમાં આત્મ બળ ઊર્જાની પ્રાપ્તિ માટે દેવીની મહાવિદ્યાની સાધના કરવાનું માહાત્મ્ય રહેલું છે. જ્યોતિષાચાર્યના જણાવ્યા અનુસાર શાસ્ત્રોમાં ચાર નવરાત્રિ નું વિશેષ વર્ણન છે, જેમાં ચૈત્ર માસમાં આવતી ચૈત્રી નવરાત્રિ, આસો માસમાં આવતી શારદીય (આસો) નવરાત્રિ તેમજ માઘ અને અષાઢ માસમાં આવતી ગુપ્ત નવરાત્રિ કહેવાય છે. શક્તિ એટલે ઊર્જા આત્મબળ અને એ જ ઊર્જા અને આત્મબળની પ્રાપ્તિ દેવીસાધના વિના શક્ય નથી.આ નવરાત્રિ પર્વમાં કૂળદેવી, ચામુંડામાતાજી કે ગાયત્રીમાતાજી નું અનુષ્ઠાન પણ કરવામાં આવે છે.આ નવરાત્રિમાં સવાલાખ મંત્ર નું અનુષ્ઠાન કરાય છે.ઘણાભક્તો ગાયત્રી ચાલીસા,ગાયત્રીશતક, ચંડીપાઠ,દેવીઅથર્વ શીર્ષના પાઠ પણ કરે છે.આજે આપ ણેભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએતો શ્રીકૃષ્ણ કથા અને શ્રીકૃષ્ણકીર્તન વિના કળિયુગમાં બીજો કોઈ તરવાનો ઉપાય નથી કળિયુગમાં મનુષ્યોનો ઉદ્ધાર અન્ય સાધનોથી થઈ શકશે નહીં ફક્ત શ્રીકૃષ્ણ કીર્તન શ્રીકૃષ્ણ સ્મરણથી કળિ યુગમાં મનુષ્યોનો ઉદ્ધાર થશે.પરમાત્માની લીલા કથાનું વર્ણન આપ અતિ પ્રેમપૂર્વક કરો.સર્વ સાધનનું ફળ પ્રભુ પ્રેમ છે.આપ તો જ્ઞાની છો મહારાજ, આપનેવધુ શું કહું? મારી જ કથા આપને કહું છું. હું કેવો હતો અને કેવો થયો આમ કહી નારદજી પોતાના પૂર્વ જન્મની કથા સંભળાવે છે,ને કથા શ્રવણ અને સત્સંગનું ફળ બતાવે છે. નારદજી કહે છે કે, હું દાસીપુત્ર હતો. મને આચારવિચારનું ભાન હતું નહીં, પરંતુ મેં શ્રીકૃષ્ણ-કથા સાંભળી એટલે મારું જીવન પલટાયું. આ બધી મારા ગુરુની કૃપા છે. વ્યાસજી નારદને કહે છે, તમારા પૂર્વજન્મની કથા કહો. નારદજી કહે છેઃ ''સાંભળો, હું ૭-૮ વર્ષનો હતો. મારા પિતા નાનાપણમાં મૃત્યુ પામેલા. મારી મા દાસી તરીકે કામ કરતી હતી. હું ભીલ બાળકો સાથે રમતો. મારા પુણ્યનો ઉદય થતાં અમે જે ગામમાં રહેતા હતા, ત્યાં ફરતાં ફરતાં સાધુઓ આવ્યા. ગામલોકોએ મને સંતોની સેવામાં મૂક્યો. મને સંતોનાં એકલાં દર્શન નહીં પરંતુ સાથે તેઓની સેવા કરવાનો લાભ મળ્યો.કોઈ મહા પુરુષની પ્રત્યક્ષ સેવા ન કરો ત્યાં સુધી મનમાંથી વાસના જતી નથી અંદરના વિકારો જતા નથી. મારા ગુરુ પ્રભુભક્તિમાં રંગાયેલા હતા મને સાચા સંતની સેવા મળી એમના સંગથી મને ભક્તિનો રંગ લાગ્યો. ગુરુએ મારું નામ હરિદાસ રાખ્યું.'' તેમણે કહ્યું કે, સામાન્ય મનુષ્યોથી અનુસરી શકાય તેવો સહેલો માર્ગ એછેકે સર્વ સાથે પ્રેમ કરો અથવા એક પ્રભુ સાથે જ પ્રેમ કરો. આત્મા-પરમાત્મા એક છે. મારા ગુરુદેવ તો પ્રેમની મૂર્તિ હતા. ગુરુજી ઊઠતાં પહેલાં હું ઊઠતો. ગુરુજી સેવા કરે ત્યારે ફૂલ તુલસી હું લઈ આવતો. મારા ગુરુજી દિવસમાં બે વખત કીર્તન કરે. સવારે બ્રહ્મસૂત્રની ચર્ચા કરે, પણ રોજ રાત્રે શ્રીકૃષ્ણકથા શ્રીકૃષ્ણ કીર્તન કરે.કનૈયો તેમને બહુ વહાલો મારા ગુરુદેવના ઈષ્ટદેવ બાલકૃષ્ણ હતા. હું કીર્તનમાં જતો, કથા સાંભળતો હું બહુ ઓછું બોલતો હતો. કારણ હું જાણી ગયો હતો કે,બહુ બોલ નાર સંતોને ગમતા નથી,પણ મૌન રાખી સેવા કરનાર ઉપર સંત કૃપા કરે છે.આ ત્રણગુણ મારામાં હતા. મને રમવાનું બહુ ગમે. એક દિવસ હું કથામાં ગયો. મારા ગુરુદેવ શ્રી કૃષ્ણ કથાનું વર્ણન કરતા હતા. મેં કથામાં બાળલીલા સાંભળી.નાના બાળકો કનૈયાને બહુ વહાલાંલાગે છે.કથા શ્રવણ કરતાં પ્રભુ પ્રત્યે મને સદભાવ જાગ્યો. શ્રીકૃષ્ણ કથા એ પ્રેમકથા છે.શ્રીકૃષ્ણકથા માં યોગીઓને,સ્ત્રીઓને,બાળકો ને સર્વને આનંદ આવે છે. શ્રીકૃષ્ણની કથા જ એવી દિવ્ય છે કે તે સર્વને આનંદ આપે છે. શ્રીકૃષ્ણ કથામાં એવો આનંદ આવવા લાગ્યો કે, મારું રમવાનું છૂટી ગયું. હું રમવાનું ભૂલી ગયો. કૃષ્ણકથામાં ગુરુદેવ પાગલ બને. એ જોઈ હું સમજી ગયોકે મનુષ્ય સંસાર પાછળ પાગલ બન્યો છે. તેમાંથી મુક્ત થઈ ભગવાનપાછળ પાગલ બને,તો જીવ શિવ એક થાય. સંતની આંખ શુદ્ધ હોય છે, પવિત્ર હોય છે. સંતની આંખમાં શ્રીકૃષ્ણ બેઠેલા હોય છે. સંત ત્રણ પ્રકારે કૃપા કરે છે.સંત જેની તરફ વારં વાર નિહાળશે તેનું જીવન સુધરશે માળા કરતાં જેને સંભારશે તેનું જીવન સુધરશે. પ્રેમમાં જેને ભેટી પડશે તેનું કલ્યાણ થશે. મારા ગુરુ મને વારંવાર નિહાળે, કહે, આ છોકરો બહુ ડાહ્યો છે. ગુરુજીને આનંદ થાય કે આ જીવ જાતિ હીન છે, પણ કર્મહીન નથી. સંત જેને પ્રેમથી નજર આપે છે તેનું કલ્યાણ થાય છે. હું દાસીપુત્ર હતો. મને ખાવાનું કોણ આપે? એક દિવસ સંતો જમી રહ્યા પછી હું તેઓના એઠાં પતરાવળાં ઊઠાવતો હતો, ત્યાં ગુરુજીએ પૂછ્યુંઃ હરિદાસ, તેં ભોજન કર્યુ કે નહીં? મેં ના પાડી. ગુરુને મારા પર દયા આવી. ગુરુદેવે મને આજ્ઞા કરી, આ પતરાવળમાં મેં જે રાખ્યું છે તે તારા માટે છે. એ મહાપ્રસાદ છે તે તું જ ખાજે! મેં પ્રસાદ લીધો. શાસ્ત્રની મર્યાદા છે કે ગુરુજીની આજ્ઞા વિના તેમનું ઉચ્છિષ્ટ ખાવું નહીં. સંત કલ્યાણની ભાવનાથી પ્રસાદ આપે તો કલ્યાણ થાય છે. મેં પ્રસાદ ગ્રહણ કર્યો. મારાં સર્વ પાપ નાશ પામ્યાં.મને શ્રીકૃષ્ણપ્રેમ નો લંગ લાગ્યો.તે દિવસે હું કીર્તન માં ગયો. તે વખતે મને નવો જ અનુભવ થયો. હું આનંદમાં થૈ થૈ નાચવા લાગ્યો. અતિ આનંદમાં દેહાધ્યાસ છૂટે છે. કીર્તન ભક્તિ શ્રીકૃષ્ણને અતિશય પ્રિય છે. મને બાલ કૃષ્ણનો અનુભવ થયો. સંપત્તિ આપીને સુખી કરે એ સંત નહીં. પણ તમારા મનને સુધારે, સ્વભાવને સુધારે, તમારી ભક્તિને વધારે અને સુખી કરે તે સંત. નારદ પોતાની વાત આગળ ચલાવતાં કહે, 'હું ઓછું બોલતો હતો એટલે મારા ઉપર સંતની કૃપા થઈ.' સંતો સર્વમાં સદ્ભાવ રાખે છે. પણ ગુરુદેવે મારા ઉપર ખાસ કૃપા કરી મને ગુરુદેવે ગાયત્રી મંત્ર આપ્યો. આ મંત્ર ચિત્તશુદ્ધનો મંત્ર છે. ચાતુર્માસ પૂરો થતાં ગુરુજીને ગામ છોડીને જવાનો દિવસ આવ્યો. ગુરુજી હવે જવાના તે જાણી મને દુઃખ થયું.મેં ગુરુજીને કહ્યુંઃ 'ગુરુજી, આપ મને સાથે લઈ જાવ. હું આપને શરણે છું. હું તમારે ઓટલે પડયો રહીશ. હું તમારું હલકામાં હલકું કામ કરીશ.' ગુરુદેવે કહ્યું કે, 'આ જન્મમાં તારે તારી માતાનું ઋણ ચૂકવવાનું છે, માટે માનો ત્યાગ કરીશ નહીં. નહીં તો તારે ફરીથી જન્મ લેવો પડશે. તું ઘરમાં રહી પ્રભુનું ભજન કર!' ત્યારે મેં તેમને કહ્યુંઃ ''આપે કથામાં કહ્યું હતું કે પ્રભુના ભજનમાં જે સાથ આપે તે જ સગો છે. એ જ સાચો સ્નેહી. મારી માતા જો મારા ભજનમાં વિક્ષેપ કરનારી હોય તો મારે શું મારી માતાનો ત્યાગ ન કરવો? સંસારી માબાપને એવી ઈચ્છા થતી નથી કે મારો પુત્ર પરમાત્મામાં તન્મય થાય, ભાગવતભક્ત થાય, માટે મને તો તમારી જોડે જ લઈ જાઓ!' મીરાંબાઇને લોકોએ બહુ ત્રાસ આપ્યો, ત્યારે મીરાંબાઈએ તુલસી દાસજીને પત્ર લખ્યો. હુંત્રણ વર્ષની હતી, ત્યારથી ગિરધરગોપાલસાથે પરણી છું. આ સગાંસંબંધીઓ મને બહુ ત્રાસ આપે છે. મારે હવે શું કરવું?તુલસીદાસજીએચિત્રકૂટ થી પત્ર લખ્યો કે કસોટી સોનાની થાય છે, પિત્તળની નહીં. તારી આ કસોટી થાય છે.જેને સીતા રામ પ્યારાં ન લાગે,જેને રાધા કૃષ્ણ પ્યારાં લાગે એવો જો સગો ભાઈ હોય તો પણ તેનો સંગ છોડી દેવો. દુસંગ સર્વથા ત્યજવા યોગ્ય છે. મીરાંબાઈએ પત્ર વાંચ્યો પછી મેવાડનો ત્યાગ કર્યો અને વૃંદાવન આવ્યાં. ભક્તિ વધારવી હોય તો મીરાંબાઈનું ચરિત્ર વાંચો. સંસારી મા-બાપ પુત્રને પણ સંસારનું જ્ઞાન આપે છે. એટલે નારદજી કહે છે કે હું માના સંગમાં રહીશ તો ભજનમાં વિક્ષેપ થશે. ત્યારે ગુરુજીએ કહ્યું,તું માનો ત્યાગ કરે એ મને ઠીક લાગતું નથી. ઠાકોરજી બધું જાણે છે.. તારા ભજનમાં જો તારી મા વિક્ષેપ કરશે તો ઠાકોરજી કાંઈક લીલા કરશે. ભક્તિમાં વિઘ્ન કરનારનો ભગવાન વિનાશ કરે છે. કદાચ તારી માને ઉઠાવી લેશે અથવા તારી માની બુદ્ધિ ભગવાન સુધારશે. માટે ઘરમાં રહે અને આ મહામંત્રનો જપ કર.માનો અનાદર કરીશ નહીં. સતત જપ કરવાથી પ્રારબ્ધ ફરે છે. જપની ધારા તૂટે નહીં તે ખ્યાલ રાખજે. મેં ગુરુજીને કહ્યું, આપ જપ કરવાનું કહો છો,પણ હું તો અભણ દાસીપુત્ર છું. જપ કેમ કરીશ? જપની ગણતરી કઈ રીતે કરીશ? ગુરુજીએ કહ્યું, જપ કરવાનું કામ તારું છે.જપ ગણવાનું કામ શ્રી કૃષ્ણ કરશે. જપ તું કરજે અને ગણશે કનૈયો. જે પ્રેમથી ભગવાન નું સ્મરણ કરે છે, તેની પાછળ પાછળ ભગવાન ફરે છે મારા પ્રભુને બીજું કોઈ કામ નથી, જગતની ઉત્પત્તિ, સંહાર વગેરેનું કામ માયાને સોંપી દીધું છે, એમણે ભક્તોને સાંભળવાનું રાખ્યું છે. પરમાત્માનાં નામનો જે જપ કરેછે તેની પાછળ પાછળ પરમાત્મા ફરે છે.

### ભારતના ૮૦ ટકા ગીતો પાકિસ્તાની

# દિલજીત દોસાંઝના સમર્થનમાં જાણીતા સિંગરની વિવાદિત ટિપ્પણી

દિલજીત દોસાંઝને આજકાલ પાકિસ્તાની એક્ટ્રેસ હાનિયા આમિર સાથે તેની આગામી ફિલ્મ 'સરદારજી ૩' માં કામ કરવા બદલ ઘણી ટીકાઓનો સામનો કરવો પડી રહ્યો છે. સિંગર મીકા સિંહ અને બી પ્રાકે પણ દિલજીતની ઘણી ટીકા કરી હતી. પરંતુ પંજાબી ગાયક જસબીર જસ્સી હવે દિલજીતના સમર્થનમાં આગળ આવ્યા છે અને લોકોના બેવડા ધોરણોની ટીકા કરી છે. એક ઈન્ટરવ્યુ દરમિયાન, પંજાબી ગાયક જસબીર જસ્સી દિલજીતના સમર્થનમાં આગળ આવ્યા. તેમણે કહ્યું કે, 'હું જોઈ રહ્યો છું કે દિલજીત દોસાંઝ અને તેની ફિલ્મ સોશિયલ મીડિયા પર વિરોધનો સામનો કરી રહી છે કારણ કે તે ફિલ્મમાં એક પાકિસ્તાની કલાકાર છે. હું લોકોની લાગણીઓનું સન્માન કરું છું કે આપણે આપણા દેશને પ્રેમ કરવો જોઈએ અને આપણે આપણા દેશ સાથે ઊભા રહેવું જોઈએ. પણ આ બેવડા ધોરણો શા માટે? તમે નથી ઈચ્છતા કે કોઈ પાકિસ્તાની કલાકાર ભારતીય ફિલ્મમાં ગીતો ગાય, અભિનય કરે કે કામ કરે અને તમે તેમના પર પ્રતિબંધ મૂકવા માંગો છો. પરંતુ આપણા ઉદ્યોગના ૮૦% ગીતો ચોરેલા છે,



પછી ભલે તે ધૂન હોય કે ગીતના શબ્દો હોય કે આખા ગીતો. આપણી ફિલ્મોમાં ઘણા બધા ગીતો એવા છે જે પાકિસ્તાનના કલાકારો દ્વારા ગવાયેલા છે... તો, આ બેવડા ધોરણો કેમ? જસબીર જસ્સીએ આગળ કહ્યું, 'કાં તો યુટ્યુબ, સ્પોટિફાઈ અને અન્ય ડિજિટલ પ્લેટફોર્મ પરથી બધા ગીતો દૂર કરો. પરંતુ એવું નથી કે તમે કોઈ એક કલાકારને લઈને તેની સામે વિરોધ પ્રદર્શન શરૂ કરી દો. આ એવું છે કે, જાણે કોઈ તમારા ઘરે જમવા આવે અને પછી તમે તેને દુશ્મન કહી દો. પરંતુ, તમે તેની સાથે લાવેલી વસ્તુ અને મીઠાઈ ખાઈ લો છો. જો તમે પાકિસ્તાની કલાકારો પર પ્રતિબંધ મૂકવા ઈચ્છો છો, તો તેમના પર સંપૂર્ણ રીતે પ્રતિબંધ મૂકી દો. દુનિયામાં હાજર તમામ કોન્ટેન્ટને દૂર કરી દો.' હાલમાં, દિલજીતની ફિલ્મ 'સરદાર જી ૩'ની આખી ટીમ ફિલ્મમાં હાનિયા આમિરનો સમાવેશ કરવાને કારણે ભારે ટીકાનો સામનો કરી રહી છે. જોકે, દિલજીત દોસાંઝ અને નીરુ બાજવા અભિનિત આ ફિલ્મ ભારતમાં રિલીઝ નથી થઈ રહી. તે ૨૭ જૂને વિદેશમાં રિલીઝ થશે.

**કંગના રણૌત પર ભડક્યાં મતદારો** | લોકો મદદ માટે તડપી રહ્યા હતા, ત્યારે સાંસદ કંગના ન તો સામે આવ્યા, ન કોઈ સંવેદના વ્યક્ત કરી : લોકો ભડક્યા

# એક્ટ્રેસ કંગના રણૌતની હિમાચલમાં ભયાનક દુર્ઘટના મુદ્દે આંખ ઉઘડી

હિમાચલ પ્રદેશના મંડી સંસદીય વિસ્તારથી સાંસદ અને ફિલ્મ એક્ટ્રેસ કંગના રણૌતની હિમાચલમાં ભયાનક દુર્ઘટના મુદ્દે આંખ ઉઘડી છે. ચારેબાજુથી ટીકા બાદ હવે એક્ટ્રેસે આ મુદ્દે પોતાનું મૌન તોડ્યું છે. સદીનું સૌથી ભયાનક પૂર, ભૂસ્ખલન અને વાદળ ફાટવા જેવી મુશ્કેલીથી સરાજ, થુનાગ, જંઝૈહલી અને મંડીના અન્ય વિસ્તારોમાં જ્યારે લોકો મદદ માટે તડપી રહ્યા હતા, ત્યારે સાંસદ કંગના ન તો સામે આવ્યા, ન કોઈ સંવેદના વ્યક્ત કરી અને ન તો કોઈ મદદની જાહેરાત કરી.



કંગનાની આ ચુપ્પીને લઈને મીડિયામાં ટીકા થઈ હતી. પ્રદેશના યુવાનો, સામાજિક કાર્યકર્તાઓ અને કોંગ્રેસ નેતાઓએ પણ કંગનાના મૌન પર પ્રશ્ન કર્યા હતા. એવામાં હવે કંગનાએ પોતાનું મૌન તોડ્યું છે અને સોશિયલ મીડિયામાં એક પોસ્ટ શેર કરીને કહ્યું કે, હું હિમાચલ જઈ રહી છું. જલ્દી જ પૂરથી પ્રભાવિત વિસ્તારની મુલાકાત લઈશ. કૃપયા નિશ્ચિંત રહો, હું દરેક પરિસ્થિતિમાં હિમાચલ પ્રદેશની સાથે છું, જય હિન્દ. જોકે, કંગનાની આ પોસ્ટ બાદ પણ લોકોનો ગુસ્સો શાંત નથી થઈ રહ્યો. સામાન્ય જનતા પૂછી રહી છે કે, ચાર દિવસ સુધી લોકો કાટમાળમાં ફસાયેલા રહ્યા, રસ્તા તૂટી ગયા, ઘર વેરવિખેર થઈ ગયા, ત્યારે તેમનું સાંસદપણું ક્યાં હતું? હવે તો બધું વહી ગયું છે, હવે મુલાકાત શું કામની?

ચૂંટણી સમયે ખુદને પહાડની દીકરી કહેનાર દુર્ઘટનાના સમયે સંપૂર્ણ રીતે ગાયબ હતા. મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુક્ખૂ, નાયબ મુખ્યમંત્રી મુકેશ અગ્નિહોત્રી, અન્ય મંત્રી, કેન્દ્રીય પ્રતિનિધિ અને સ્થાનિક પ્રશાસન જ્યાં ઘટનાસ્થળે રાહત કાર્યોમાં લાગેલા છે, ત્યાં કંગનાની ગેરહાજરીએ લોકોની લાગણી દુભાવી છે.

### મને પાઠ ભણવા મળશે

# ફિલ્મ પ્રમોશનમાં દૂર રાખ્યા બાદ રામ કપૂરે કરી કબૂલાત

**૨૫ વર્ષમાં પહેલી વખત મારા વ્યક્તિત્વ પર સવાલ ઉઠ્યા છે, તેથી મારી સ્પષ્ટતા પર પણ ધ્યાન આપજો : રામ કપૂર**

ટીવી અને ફિલ્મના જાણીતો કલાકાર રામ કપૂર આજકાલ તેના વેઈટ લોસ અને નવા લૂકને લઈને ઘણો ચર્ચામાં છે. હવે તેની એક સિરીઝ 'મિસ્ટ્રી' ઓટીટી પર આવવાની છે, ત્યારે તે એક નવા વિવાદમાં સપડાયો છે. તેને આ શોના પ્રમોશનથી દુર રહેવા માટે કહેવાયું છે. કારણ કે તેણે મુંબઈમાં ગયા અઠવાડિયે એક અયોગ્ય સેક્સ્યુઅલ નિવેદન કર્યુ હતું. તેના કારણે જિઓ હોટસ્ટારની ટીમ દ્વારા તેના પર પગલાં લેવાયાં છે. ત્યારે હવે રામ કપૂરે આ અંગે પોતાનો મત મુક્યો છે. તેણે ભુલ કરી હોવાનું કબૂલ્યું અને સ્પષ્ટતા પણ કરી કે તેણે આવું નિવેદન કેમ કર્યુ હતું.પોતે આવું નિવેદન કરીને ભુલી કરી હોવાનું કબુલીને રામ કપૂરે કહ્યું, ''પહેલાં હું કહેવા માગું છું કે જે કંઈ પણ કહેવાનો મારા પર આક્ષેપ છે, એ મેં કહ્યું છે. તો હકીકત એ છે કે હું એ ભુલનો ગુનેગાર છું. પરંતુ મારાબચાવમાં મારે આટલું જ કહેવું છે.''રામ કપૂરે આગળ કહ્યું, ''હું જે લોકો સાથે કમ્ફર્ટેબલ છું, એ લોકો સાથે હોઉં ત્યારે હું થોડો બિન્દાસ થઈ જતો હોઉં છું. જે લોકો મને ઓળખે છે અને જેણે મારી સાથે કામ કર્યુ છે એ લોકો જાણે છે કે હું એવો જ છું અને એમાં કોઈને દુઃખી કરવાનો મારો કોઈ હેતુ હોતો નથી.''રામે એવું પણ કહ્યું કે તેને ખ્યાલ નહોતો કે તેના કોઈ નિવેદનથી આટલી હલચલ થઈ જશે, જો તેને પહેલાં



જ ખબર હોત તો એ આવું બોલ્યો ન હોત. રામ કપૂર જે તરફ જોઈને વાત કરવાની હતી, ત્યાં સામે કોઈ છોકરી બેઠી હતી, તેના ડ્રેસ વિશે રામે નિવેદન કર્યુ હતું. તેણે કહ્યું, ''મને જો લાગ્યું હોત કે એ અયોગ્ય છે, તો હું મીડિયાથી ભરેલા હોલમાં આવું નિવેદન કરેત જ નહીં. ૨૫ વર્ષમાં પહેલી વખત મારા વ્યક્તિત્વ પર સવાલ ઉઠ્યા છે, તેથી મારી સ્પષ્ટતા પર પણ ધ્યાન આપજો.''રામ કપૂરે જણાવ્યું કે તેના આ નિવેદનનો હેતુ નિર્દોષ હતો.

# અભિનેત્રી અંકિતા લોખંડેએ જૂથવાદ સામે અવાજ ઊઠાવ્યો



**લોકોને કોઈ પક્ષપાત નથી હોતો પરંતુ હા એવા લોકો ચોક્કસ હોય છે જેમને પોતાના જ લોકો સાથે આગળ વધવું હોય છે**

અંકિતા લોખંડે ટીવીનો જાણીતો ચહેરો છે, તાજેતરમાં અંકિતા લોખંડે અને તેનાં પતિ વિતી જૈને બિગબોસમાં ભાગ લીધો હો, ત્યારે તો ઘણા ચર્ચા અને વિવાદોમાં રહ્યાં હતાં. અંકિતા કંગના રણૌત સાથે 'મણિકર્ણિકા' સહિતની ફિલ્મોમાં કામ પણ કરી ચૂકી છે. એ પછી તેણે રણદીપ હુડા સાથે સ્વાતંર્ત્ય વીર સાવરકરમાં પણ કામ કર્યુ હતું. હવે વિકી જૈન પણ 'ફૌજી' સાથે ફિલ્મમાં ડેબ્યુ કરશે. તાજેતરમાં આ કપલે એલ્વિશ યાદવના યૂટ્યુબ પોડકાસ્ટમાં ભાગ લીધો હતો, ત્યારે અંકિતાએ ઈન્ડસ્ટ્રીમાં જૂથવાદ અંગે પણ વાત કરી હતી. અંકિતાએ કહ્યું, ''લોકોને કોઈ પક્ષપાત નથી હોતો પરંતુ હા એવા લોકો ચોક્કસ હોય છે જેમને પોતાના જ લોકો સાથે આગળ વધવું હોય છે. જૂથવાદ ચોક્કસ છે.''આ વખતે એલ્વિશે કટાક્ષમાં મજાક કરતાં કહ્યું, ''કરણ જોહરને આવું ન કહેશો.''ત્યારે અંકિતાએ તરત જ કહ્યું, ''બધાં એવા જ છે, માત્ર કરણ નહીં. મને લાગે છે કે દરેકનું પોતાનું એક ગ્રૂપ હોય છે.''આ બાબતે વિકી જૈને પણ કહ્યું કે ફિલ્મ ઈન્ડસ્ટ્રીનાં લોકોને એવા લોકો સાથે કામ કરવું હોય છે, અંકિતાએ કહ્યું, લોકોને કોઈ પક્ષપાત નથી હોતો પરંતુ હા એવા લોકો ચોક્કસ હોય છે જેમને પોતાના જ લોકો સાથે આગળ વધવું હોય છે જેમને તેઓ પહેલાંથી જ ઓળખતા હોય, તેથી તેઓ બહારના કોઈ વ્યક્તિને તક આપવામાં માનતા નથી. અંકિતા હાલ વૅબ સિરીઝ 'આમ્રપાલી'ની તૈયારી કરી રહી છે, જેમાં તે પૌરાણિક વૈશાલીની એક રાજનર્તકીનો રોલ કરશે. આ સિરીઝ સંદીપ સિંઘ ડિરેક્ટ કરશે. હાલ તે લાફ્ટર શેફની બીજી સીઝન માટે પણ કામ કરી રહી છે.



### શેફાલી શાહને આપશે ટક્કર

# હુમા કુરેશી દિલ્હી ક્રાઇમ્સની ત્રીજી સીઝનમાં ક્રૂર વિલન બની





**દિલ્હી ક્રાઇમ એક ખુબ લોકપ્રિય ક્રાઇમ ડ્રામા સિરીઝ છે, જેને ઇન્ટરનેશનલ એમી એવોર્ડ પણ મળ્યો છે**

દિલ્હી ક્રાઈમ એક ખુબ લોકપ્રિય ક્રાઈમ ડ્રામા સિરીઝ છે, જેને ઈન્ટરનેશનલ એમી એવોર્ડ પણ મળ્યો છે. ત્યારે હવે આ સિરીઝની ત્રીજી સીઝનની રાહ જોવાઈ રહી છે. ત્યારે હવે શેફાલી શાહની સાથે આ સિરીઝમાં હવે હુમા કુરેશી પણ જોડાઈ છે. મહત્વની વાત એ છે કે હુમા આ સિરીઝમાં ક્રૂર વિલનના રોલમાં જોવા મળશે.સોમવારે આ સીઝનનો ફર્સ્ટ લૂક જાહેર કરવામાં આવ્યો, જેમાં આ વખતનો કેસ પહેલાં કરતાં પણ અઘરો કેસ ગણાવાય છે. તેમજ હુમા કુરેશી તેમાં પહેલાં ક્યારેય ન જોઈ હોય એવા અવતારમાં જોવા મળશે. ૫૮ સેકન્ડની આ ક્લિપમાં વર્તિકા ચતુર્વેદી આસામમાં તપાસ માટે પહોંચેલી દેખાય છે, જ્યાં એક ટ્રક ખોલતાં તેમાંથી યુવાન છોકરીઓ બહાર આવતી દેખાય છે. તાજેતરના અહેવાલો મુજબ હાલ આ સિરીઝનું પોસ્ટ પ્રોડક્શનનું કામ ચાલુ છે, જેમાં હુમા કુરેશી અત્યાર સુધીની સૌથી ક્રૂર વિલનના રોલમાં જોવા મળશે. શેફાલી શાહ એટલે કે ડીસીપી વર્તિકા ચતુર્વેદીને હુમાનો સામનો કરવો પડશે. થોડાં વખત પહેલાં હુમા કુરેશીએ કહ્યું પણ હતું, ''આ આંતરરાષ્ટ્રિય સ્તરે એવોર્ડ મેળવી ચુકેલા શોમાં વિલનના રોલ માટે મેકર્સે મારો સંપર્ક કર્યો એનો મને ઘણો આનંદ અને ગૌરવ છે.'' હુમા અને શેફાલી શાહ ઉપરાંત આ સિરીઝમાં રસિકા દુગ્ગલ, રાજેશ તિલાંગ સહિતના કલાકારો ફરી તેમના જાણીતા પાત્રોમાં જોવા મળશે. આ સિરીઝની ત્રીજી સીઝન તનુજ ચોપરાએ ડિરેક્ટ કરી છે, જેમાં દિલ્હીની એક ઘાતકી ઘટનાની તપાસ કરવામાં આવશે. જ્યારે આ સિરીઝની પહેલી સીઝનમાં ૨૦૧૨ની દિલ્હી ગેંગરેપની ઘટના પર આધારિત સ્ટોરી હતી. જ્યારે બીજી સીઝનમાં કચ્ચા બનિયા ગેંગની વાત હતી. હવે ત્રીજી સીઝનમાં આ વખતે હ્યુમન ટ્રાફિકિંગની વાત હોવાનું જણાય છે. આ સિરીઝની ત્રીજી સીઝન ૨૦૨૫માં જ નેટફિલક્સ પર સ્ટ્રીમ થશે. શનિવારે શેફાલી શાહે આ અંગે પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ લખી હતી.



**મહિલાને લાફો મારવા કે નાભિમાં ચૂંટીયો ખણવા જેવા રોલને હું ના પાડી દઉં છું**

# મેં એ બધાં રોલને હા પાડી હોત તો આજે હું મોટો સ્ટાર હોત !: સિદ્ધાર્થ

સિદ્ધાર્થને દર્શકોએ 'રંગ દે બસંતી' કે પછી 'સ્ટ્રાઈકર' જેવી ફિલ્મમોમાં જોયો છે અને તેના અભિનયના વખાણ પણ થયા હતા, જોકે, તે પછી હિન્દી ફિલ્મોમાં ઓછો અને સાઉથની ફિલ્મોમાં થોડો વધુ દેખાયો. તાજેતરમાં સિદ્ધાર્થ 'ઈન્ડિયન ૨'માં જોવા મળ્યો હતો. તેનું આવું કરવા પાછળ તેની ફિલ્મોને નકારી દેવાની ટેવ જવાબદાર છે. આ અંગે તાજેતરમાં તેણે હૈદરાબાદ લિટરરી ફેસ્ટિવલમાં વાત કરી હતી. તેની સાથે સિદ્ધાર્થની પત્ની અદિતિ રાવ હૈદરી અને જાણીતાં ગાયિકા વિદ્યા રાવે ચર્ચા કરી હતી. સિદ્ધાર્થે કહ્યું હતું કે તે બહુ ધ્યાનપૂર્વક ફિલ્મોની પસંદગી કરે છે અને કેટલાંક રોલ ઈરાદાપૂર્વક નકારી દે છે. સિદ્ધાર્થે કહ્યું, ''મને એવી સ્ક્રિપ્ટ મળતી હતી, જેમાં હું કોઈ મહિલાને લાફો મારતો હોય, આઈટમ સોંગ ગાતો હોય, કોઈની નાભિ પર ચૂંટલીઓ ખણતો હોય, મહિલાને કહેતો હોય, તેણે શું કરવું અને શું નહીં, તેણે ક્યાં જવું જોઈએ, વગેરે..આવા રોલને હું સીધી ના જ પાડી દઉં છું. જો હું થોડો વિચિત્ર હોત તો હું આજે મોટો સ્ટાર બની ગયો હોત. મને જે ગમે છે એ જ કામ હું કરું છું.'' મહિલાઓ પ્રત્યેના તેના સન્માન, વડિલો સાથે સારા અને બાળકો સાથે કાળજીપૂર્વક રહેવાથી તેની ઓડિયન્સ પર કેટલી હકારાત્મક અસર થઈ છે, તે અંગે સિદ્ધાર્થે કહ્યું કે તેની ૧૫ વર્ષ પહેલાં બનેલી ફિલ્મ આજના દર્શકોને પણ કેટલી યોગ્ય લાગે છે અને યુવા પેઢીને પણ જોવી ગમે છે, તેનાથી તેણે આ વર્ષોમાં લોકો પર ઘણી હકારાત્મક અસર કરી છે.તેના આ વલણ સામેના પડકારો અંગે સિદ્ધાર્થે કહ્યું કે તેને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે. તેનાથી તેને જે સંતોષ મળે છે, તેની કોઈ રીતે સરખામણી થઈ શકે તેમ નથી. તેની આસપાસના લોકો જ્યારે ''મર્દ કો દર્દ નહીં હોતા'' અને ''એંગ્રી યંગ મેન'' રોલ કરવામાં વ્યસ્ત હતા ત્યારે તેને પડદા પર રડવામાં કોઈ સંકોચ નહોતો અને તે તો પડદાં પર પણ પુરુષ નબળો પડી શકે છે, તે પ્રકારના રોલ કરતો હતો. ૨૦ વર્ષની કેરિઅરમાં સિદ્ધાર્થે એવા રોલ પસંદ કર્યા છે, જે તેના અભિનયના વિવિધ પાસાં બહાર લાવી શકે. જેની વાર્તા મજાની હોય અને તેમાં સામાન્ય પ્રવાહની કમર્શીયલ ફિલ્મ કરતાં વધુ પડકારો હોય. હાલ તેની 'ટેસ્ટ' નામની તમિલ રોમેન્ટિક ફિલ્મ આવી રહી છે.

**અર્જુન રામપાલના માથા પર તૂટ્યો કાચ** | **સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા વીડિયોમાં**

# સ્ટેજ પર એન્ટ્રી કરતી વખતે અર્જુન રામપાલ ઘાયલ થયો

અર્જુન રામપાલ રૂપેરી પડદેથી લઈને OTT સુધી પોતાનો ચાર્મ બતાવતો રહે છે. તાજેતરમાં, અભિનેતા નેટફિલક્સના 'નેક્સ્ટ ઓન નેટફિલક્સ ૨૦૨૫' કાર્યક્રમમાં હાજરી આપી હતી, જ્યાં તેની સાથે એક અકસ્માત થયો હતો. નેટફિલક્સે તાજેતરમાં એક ઈવેન્ટમાં OTT પ્લેટફોર્મ પર આવનારી ઘણી ફિલ્મો અને સિરીઝની જાહેરાત કરી હતી. આ દરમિયાન, અર્જુન રામપાલની 'રાણા નાયડુ સિઝન ૨' નું ટીઝર પણ રિલીઝ થયું, જેમાં રાણા દગ્ગુબાતી અને વેંકટેશ પણ જોવા મળશે. આ સિરીઝમાં અર્જુન રામપાલ પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકામાં છે. આ જ ઈવેન્ટમાં, અર્જુન રામપાલે કાચ તોડીને ગ્રાન્ડ એન્ટ્રી કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ કાચના ટુકડા અભિનેતાના હાથમાં ઘૂસી ગયા અને અભિનેતાના માથા પર પણ કાચ



તૂટ્યો હતો.સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા વીડિયોમાં, અભિનેતાના હાથમાંથી લોહી નીકળતું જોઈ શકાય છે. સ્ટંટ દરમિયાન, અભિનેતાની આંગળી પર કાચ લાગ્યો, જેના કારણે તેની આંગળીમાંથી લોહી નીકળવા લાગ્યું. એક ઈન્સ્ટાગ્રામ યુઝરે અર્જુન રામપાલની આ ક્લિપ શેર કરી છે, જે હવે વાયરલ થઈ રહી છે. વીડિયોમાં, અભિનેતા પોતાની સિરીઝ 'રાણા નાયડુ સિઝન ૨'ના પ્રમોશન માટે સ્ટેજ પર એક પાતળી કાચની દિવાલ તોડીને પ્રવેશતો જોઈ શકાય છે. તે કાચ તોડીને બહાર આવવાનો પ્રયાસ કરે છે,ત્યારે કાચ તેના માથા પર પણ પડે છે.પરંતુ, આ અકસ્માત પછી પણ, અર્જુન રામપાલના ચહેરા પર દર્દ નથી જોવા મળતું. તે હસતાં હસતાં સ્ટેજ પર આવ્યો અને શોને આગળ વધાર્યો. જોકે, આ સમય દરમિયાન તેની આંગળીમાંથી લોહી નીકળતું હતું, તેથી હોસ્ટ મનીષ પોલે અભિનેતાની આંગળી તરફ ઈશારો કર્યો. આ સમય દરમિયાન, અર્જુને કાળો કુર્તો અને પાયજામા પહેર્યો હતો અને તેના ગળામાં એક સ્ટોલ પહેર્યો હતો.ઘણા યુઝર્સે આ પોસ્ટ પર પ્રતિક્રિયા આપી. એકે લખ્યું, 'રા-વન મોડ એક્ટિવ થઈ ગયો.'

# ઈંગ્લેન્ડ સામેની બીજી ટેસ્ટમાં સિરાજ છવાયો, ૬ વિકેટ ઝડપી ૩૨ વર્ષ બાદ મેળવી મોટી સિદ્ધિ



। (એજન્સી) એજબેસ્ટન, તા.૬ ।

ટીમ ઈન્ડિયાએ એજબેસ્ટન ટેસ્ટ પર પોતાની પકડ મજબૂત કરી લીધી છે. ત્રીજા દિવસે, જ્યારે ઈંગ્લેન્ડના હેરી બ્રુક અને જેમી સ્મિથે શાનદાર બેટિંગ કરીને ભારતીય ચાહકોના હૃદયના ધબકારા વધારી દીધા હતા, ત્યારે મોહમ્મદ સિરાજે પોતાની બોલિંગથી તબાહી મચાવીને ટીમ ઈન્ડિયાને મજબૂત બનાવી હતી. જસપ્રીત બુમરાહની ગેરહાજરીમાં સિરાજે આ વખતે જવાબદારી સારી રીતે નિભાવી પ્રથમ ઈનિંગમાં શાનદાર બોલિંગ કરતા સિરાજે ૬ વિકેટ લઈને એજબેસ્ટનમાં ઈતિહાસ રચ્યો. ટીમ ઈન્ડિયાના ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહને એજબેસ્ટન ટેસ્ટમાં આરામ આપવામાં આવ્યો છે. ત્યારબાદ આ મેચમાં બધી આશાઓ મોહમ્મદ સિરાજ પર છે. સિરાજ પણ પ્રથમ ઈનિંગમાં બધાની અપેક્ષાઓ પર ખરો ઉતર્યો. તેણે પ્રથમ ઈનિંગમાં શાનદાર બોલિંગ કરી અને ૬ વિકેટ લીધી. ૧૯૯૩ પછી આ પહેલીવાર છે જ્યારે કોઈ મેજબાન ટીમના બોલરે એજબેસ્ટન મેદાન પર ૬ વિકેટ લીધી હોય. આ ઉપરાંત, સિરાજ એજબેસ્ટનમાં ૫ વિકેટ લેનાર પાંચમો બોલર બન્યો છે. તેણે પહેલી ઈનિંગમાં જેક ક્રોલી, જો રૂટ, બેન સ્ટોક્સ, બ્રાયડન કાર્સ, જોશ ટોંગ અને શોએબ બશીરને આઉટ કર્યા હતા. પ્રથમ ઈનિંગમાં બેટિંગ કરતી વખતે, ઈંગ્લેન્ડની ટીમ ત્રીજા દિવસે ૪૦૭ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ઈંગ્લેન્ડે ૮૪ રનની અંદર ૫ વિકેટ ગુમાવી દીધી હતી, પરંતુ ત્યારબાદ હેરી બ્રુક અને જેમી સ્મિથે શાનદાર બેટિંગ કરી અને ભારતીય બોલરોની કસોટી કરી. આ બંને બેટર્સએ સેન્ચુરી પણ ફટકારી હતી. આ ઉપરાંત બ્રુક અને સ્મિથ વચ્ચે છઠ્ઠી વિકેટ માટે ૩૦૩ રનની ભાગીદારી થઈ હતી, જેના કારણે ઈંગ્લેન્ડની ટીમ ૪૦૦ રનનો આંકડો પાર કરવામાં સફળ રહી હતી. પહેલી ઈનિંગમાં જેમી સ્મિથ ૧૮૪ રન બનાવીને અણનમ રહ્યો, જ્યારે હેરી બ્રુકે ૧૫૮ રન બનાવ્યા. ભારત તરફથી મોહમ્મદ સિરાજ ઉપરાંત આકાશ દીપે પણ શાનદાર બોલિંગ કરી. બોલિંગ કરતી વખતે આકાશ દીપે પહેલી ઈનિંગમાં ૪ વિકેટ લીધી. જેમાંથી બીજા દિવસે એક જ ઓવરમાં તેણે ૨ વિકેટ લીધી. ત્રીજા દિવસની રમતના અંત સુધીમાં ટીમ ઈન્ડિયાએ ૧ વિકેટ ગુમાવ્યા બાદ ૬૪ રન બનાવી લીધા હતા. ટીમ ઈન્ડિયાને બીજી ઈનિંગમાં યશસ્વી જયસ્વાલના રૂપમાં પહેલો ઝટકો લાગ્યો.

# ૬ બેટર ૦ પર આઉટ છતાં ઈંગ્લેન્ડે બનાવ્યો વર્લ્ડ રેકોર્ડ, ભારત સામે રચ્યો ઈતિહાસ



। (એજન્સી) એજબેસ્ટન, તા.૬ ।

એજબેસ્ટન ટેસ્ટમાં ભારતના ૫૮૭ રનની સામે ઈંગ્લેન્ડની ટીમે ટેસ્ટ ક્રિકેટમાં પહેલી ઈનિંગમાં ૪૦૭ રન ફટકારીને ઈતિહાસ રચ્યો હતો. તમે વિચારી રહ્યા હશો કે ૪૦૭ રન બનાવીને કોઈ ટીમ કેવી રીતે ઈતિહાસ રચી શકે. તો ચાલો તમને જણાવી દઈએ કે, ઈંગ્લેન્ડને આટલા મોટા સ્કોર સુધી પહોંચાડવામાં માત્ર બે બેટ્સમેનોએ મહત્ત્વનો રોલ અદા કર્યો છે. જેમા હેરી બ્રુકે ૧૫૮ રન બનાવ્યા હતા અને જેમી સ્મિથે ૧૮૪ રનની અણનમ ઈનિંગ રમી હતી. આ બંને બેટર વચ્ચે ૩૦૩ રનની ભાગીદારી કરી હતી. જ્યારે બાકીના બેટર માત્ર ૧૦૫ રન જ ઉમેરી શક્યા હતા. નોંધનીય વાત એ છે કે, ઈંગ્લેન્ડની આ ઈનિંગ દરમિયાન ૬ બેટર ખાતું જ ન ખોલી શક્યા અને ૦ પર આઉટ થઈ ગયા હતા. ઈંગ્લેન્ડની ટીમ આ રીતે ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં ૬ કે તેથી વધુ બેટર ૦ પર આઉટ હોવા છતાં ૪૦૦ થી વધુ રન બનાવનારી વિશ્વની પ્રથમ ટીમ બની ગઈ છે. નોંધનીય છે કે, અત્યાર સુધીમાં અન્ય કોઈ ટીમ આવી સિદ્ધિ મેળવી શકી નથી. આ અગાઉ આ રેકોર્ડ બાંગ્લાદેશના નામે હતો, જ્યા તેમણે ૬ બેટર ૦ પર આઉટ થયા છતાં ૩૬૫ રન બનાવ્યા હતા. બાંગ્લાદેશે ૨૦૨૨ માં શ્રીલંકા સામે આ સિદ્ધિ મેળવી હતી. આ મેચમાં મુશફિકુર રહીમે ૧૭૫ રનની અણનમ ઈનિંગ રમી હતી અને લિટન દાસે ૧૪૧ રન બનાવી તેને સાથ આપ્યો હતો. નોંધનીય છે કે, આ ટેસ્ટ ક્રિકેટમાં જ નહીં પરંતુ, ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં પણ એક વર્લ્ડ રેકોર્ડ છે. ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં, છત્તીસગઢનો કર્ણાટક સામે ૬ કે તેથી વધુ બેટર ૦ પર આઉટ થયા છતાં ૩૧૧ રન બનાવવાનો રેકોર્ડ હતો. આ અગાઉ આ રેકોર્ડ બાંગ્લાદેશના નામે હતો, જ્યા તેમણે ૬ બેટર ૦ પર આઉટ થયા છતાં ૩૬૫ રન બનાવ્યા હતા. બાંગ્લાદેશે ૨૦૨૨ માં શ્રીલંકા સામે આ સિદ્ધિ મેળવી હતી. આ મેચમાં મુશફિકુર રહીમે ૧૭૫ રનની અણનમ ઈનિંગ રમી હતી અને લિટન દાસે ૧૪૧ રન બનાવી તેને સાથ આપ્યો હતો. નોંધનીય છે કે, આ ટેસ્ટ ક્રિકેટમાં જ નહીં પરંતુ, ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં પણ એક વર્લ્ડ રેકોર્ડ છે. ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં, છત્તીસગઢનો કર્ણાટક સામે ૬ કે તેથી વધુ બેટર ૦ પર આઉટ થયા છતાં ૩૧૧ રન બનાવવાનો રેકોર્ડ હતો.

## રોકેટગતિએ આવતી બોલેરો દિવાલ સાથે અથડાઈ

# દર્દનાક અકસ્માતમાં વરરાજા સહિત આઠ લોકોના મોત થયા



### બારાતીઓ સંભલથી બદાયૂં જઈ રહ્યા હતા, અકસ્માત સંભલના જુનાવરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં મેરઠ-બદાયૂં રોડ પર થયો

। (એજન્સી) સંભલ, તા.૬ ।

ઉત્તર પ્રદેશના સંભલમાં ગઈકાલે (૪ જુલાઈ) રાત્રે એક દુઃખદ અકસ્માત થયો. બારાતીઓની ઝડપી બોલેરો કાર કોલેજની દિવાલ સાથે અથડાઈ અને પલટી ગઈ. આ અકસ્માતમાં વરરાજા સહિત ૮ લોકોના મોત થયા. બારાતીઓ સંભલથી બદાયૂં જઈ રહ્યા હતા, આ અકસ્માત સંભલના જુનાવરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં મેરઠ-બદાયૂં રોડ પર થયો. મૃતકોમાં બે બાળકોનો પણ સમાવેશ થાય છે.

શુક્રવારે સાંજે લગભગ ૭:૩૦ વાગ્યે, બારાતીઓની બોલેરો કાબૂ બહાર નીકળી ગઈ અને મેરઠ-બદાયૂં રોડ પર ઈન્ટર કોલેજની દિવાલ સાથે અથડાઈ. આ અકસ્માતમાં વરરાજા સૂરજ પાલ (૨૦) સહિત આઠ લોકોના મોત થયા. મૃતકોમાં વરરાજાની બહેન, કાકી, પિતરાઈ ભાઈ અને સંબંધીઓનો પણ સમાવેશ થાય છે. સંભલના જુનાવારી પોલીસ સ્ટેશન વિસ્તારના હરગોવિંદપુર ગામના રહેવાસી સુખરામ, તેમના પુત્ર સૂરજના લગ્ન બદૌન જિલ્લાના બિલસી પોલીસ સ્ટેશન વિસ્તારના સિરસૌલ ગામમાં નક્કી કર્યા હતા.

શુક્રવારે સાંજે, બારાત સિરસૌલ ગામ જઈ રહી હતી. બારાતીઓના ૧૧ વાહનો સિરસૌલ જવા માટે રવાના થઈ ગયા હતા. એક બોલેરો પાછળ રહી ગઈ હતી, જેમાં વરરાજા સહિત ૧૦ લોકો મુસાફરી કરી રહ્યા હતા. રસ્તામાં, બોલેરો જુનાવાઈમાં સ્થિત જનતા ઈન્ટર કોલેજની દિવાલ સાથે અથડાઈ હતી. ટક્કર એટલી ગંભીર હતી કે બોલેરોના ટુકડા થઈ ગયા. વાહનમાં મુસાફરી કરી રહેલા તમામ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. ગામલોકોએ કોઈક રીતે બોલેરોમાંથી ઘાયલોને બહાર કાઢ્યા અને CHC લઈ ગયા. ડોક્ટરોએ વરરાજા સૂરજ પાલ (૨૦), તેની બહેન કોમલ (૧૫), કાકી આશા (૨૬), પિતરાઈ બહેન ઐશ્વર્યા (૩), પિતરાઈ બહેન સચિન (૨૨), હિંગવાડી, બુલંદશહેરના રહેવાસી, સચિનની પત્ની મધુ (૨૦), મામા ગણેશ (૨), પિતા દેવા, ખુર્જા, બુલંદશહેરના રહેવાસી અને ડ્રાઈવર રવિ (૨૮), ગામનો રહેવાસી, મૃત જાહેર કર્યા. જ્યારે ગંભીર રીતે ઘાયલ હિમાંશી અને દેવાને અલીગઢમાં દાખલ કરવામાં આવ્યા હતા. અકસ્માતના સમાચાર મળતા જ લગ્નગૃહમાં અફરાતફરી મચી ગઈ હતી. પરિવારના સભ્યો અને સંબંધીઓ પણ અકસ્માત સ્થળે પહોંચી ગયા હતા. સંભલના એએસપી અનુકૃતિ શર્માએ જણાવ્યું હતું કે અકસ્માત વધુ ઝડપને કારણે થયો હતો. બોલેરો કોલેજની દિવાલ સાથે અથડાઈ હતી. અકસ્માતમાં બોલેરોને ભારે નુકસાન થયું હતું. ઘાયલોને કારમાંથી બહાર કાઢવા માટે ક્રેનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. હરગોવિંદપુરના રહેવાસી સુખરામનો પરિવાર રાજસ્થાનના ભીદ્વારામાં રહે છે અને મજૂરી કામ કરે છે. એક મહિના પહેલા, જ્યારે સૂરજ પાલના લગ્ન નક્કી થયા હતા, ત્યારે પરિવાર તેમના પૈતૃક ગામ આવ્યો અને લગ્નની તૈયારીઓ શરૂ કરી દીધી. પરિવારના સભ્યોનું કહેવું છે કે લગ્નની વિધિ પૂર્ણ કર્યા પછી, પરિવારને રાજસ્થાન પાછા જવું પડ્યું. આ અકસ્માતમાં સુખરામના પુત્ર અને પુત્રીનું મૃત્યુ થયું હતું અને તેમના સાળા દેવા હોસ્પિટલમાં જીવન અને મૃત્યુ વચ્ચે ઝઝૂમી રહ્યા છે. કારમાં ૧૦ લોકો હતા, જેમાંથી ૮ લોકોના મોત થયા હતા અને ૨ ગંભીર રીતે ઘાયલ છે જેમની સારવાર અલીગઢમાં ચાલી રહી છે. તે જ સમયે, આ અકસ્માત પર પીએમઓ દ્વારા એક ટ્વિટ પણ કરવામાં આવ્યું છે. આ ટ્વિટમાં લખવામાં આવ્યું હતું કે- “ઉત્તર પ્રદેશના સંભલમાં થયેલા અકસ્માતમાં લોકોના મોતથી હું ખૂબ જ દુઃખી છું. અકસ્માતમાં પોતાના પ્રિયજનો ગુમાવનારાઓ પ્રત્યે મારી સંવેદના. દરેક મૃતકના પરિવારને પીએમએનઆરએફ તરફથી ૨ લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે. ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયા આપવામાં આવે” તે જ સમયે, આ અકસ્માત પર પીએમઓ દ્વારા એક ટ્વિટ પણ કરવામાં આવ્યું છે. આ ટ્વિટમાં લખવામાં આવ્યું હતું કે- “ઉત્તર પ્રદેશના સંભલમાં થયેલા અકસ્માતમાં લોકોના મોતથી હું ખૂબ જ દુઃખી છું. અકસ્માતમાં પોતાના પ્રિયજનો ગુમાવનારાઓ પ્રત્યે મારી સંવેદના. દરેક મૃતકના પરિવારને પીએમએનઆરએફ તરફથી ૨ લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે. ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયા આપવામાં આવે”

# દવાઓના પેકિંગ અને લેબલના નિયમોમાં ફેરફારની તૈયારી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

દેશમાં દવા નિયમનકાર (ડીજીસીઆઈ) દવાઓના પેકિંગ અને લેબલિંગ સાથે સંકળાયેલા નિયમોમાં મોટાપાયા પર ફેરફાર કરવાની તૈયારીમાં છે. તેના કારણે હવે દવા પર લખેલી એક્સપાયરી ડેટ અને અન્ય જાણકારી વાંચવી સરળ થઈ જશે. તેનો હેતુ દર્દીઓને દવા અંગે સ્પષ્ટ જાણકારી આપવાનો છે, જેથી તે દવા પસંદ કરી શકે. તેના પછી જેનેરિક અને બ્રાન્ડેડ દવાઓ વચ્ચે અંતર કરવું સરળ થઈ જશે. ડીસીજીઆઈની એક ટીમ આ ફેરફારો પર કામ કરી રહી છે અને તેને ઝડપથી લાગુ કરવાની તૈયારીમાં છે. અધિકારીઓના જણાવ્યા મુજબ નિયમનકારને ગ્રાહકો તરફથી સતત ફરિયાદ મળતી હતી કે દવાઓના પેકેટ પર જાણકારી અત્યંત નાના અક્ષરોમાં હોય છે, ચમકદાર લેબલથી વાંચવુ મુશ્કેલ હોય છે,જેનેરિક તેમજ બ્રાન્ડેડ દવાઓ વચ્ચે ફરક કરવો લગભગ અશક્ય છે. આ બધી વાતોને જોતાં આ પહેલ શરૂ કરવામાં આવી છે. આમાં પ્રસ્તાવિત ફેરફારોમાં દવાના પેકેટ પર એક્સ્પાયરી ડેટ અને બેચ નંબર વૃદ્ધ વાંચી શકે તેવા મોટા અક્ષરોમાં છાપવા પડશે. દવાઓના ચમકદાર પેકેજિંગ બંધ કરાશે. દવાની સ્ટ્રિપ પર એક્સ્પાયરી ડેટ એક જ નહીં અનેક સ્થળે છપાશે. નિયામકે પ્રસ્તાવિત નિયમોની સમીક્ષા માટે એક પેટા સમિતિ બનાવી છે. તે ટૂંક સમયમાં રિપોર્ટ સોંપશે. આ સમિતિ દવાઓ અને સૌંદર્ય પ્રસાધન નિયમ ૧૯૪૫માં આ ફેરફારોને સામેલ કરવાના પદ્ધતિ પણ જોઈ રહી છે. આ નિયમ દેશમાં બનેલી, આયાતીત અને વેચવામાં આવતી દવાઓની ગુણવત્તા નિયંત્રિત કરે છે. હાલમાં ઘણા દર્દી બ્રાન્ડનું નામ માંગે છે અથવા મેડિકલ સ્ટોર તેને મોંઘી દવા પધરાવી દે છે. જ્યારે સસ્તી જેનેરિક દવા ઉપલબ્ધ હોય છે.પેકિંગમાં ફરક ન સમજી શકવાના લીધે દર્દી જાણકારીના અભાવમાં મોંઘી દવા ખરીદે છે. તેથી આ ભ્રમને દૂર કરવા માટે ખાસ નિશાન પ્રસ્તાવ લાવવામાં આવ્યો છે. નિષ્ણાતોનું કહેવું છે કે આ ફેરફારથી દવા બજારમાં પારદર્શકતા આવશે, દર્દીઓનો વિશ્વાસ વધશે અને તે પોતાની જરૂરિયાત મુજબ યોગ્ય દવા પસંદ કરી શકશે. આંકડા મુજબ ભારતીય બજારમાં મે ૨૦૨૫માં ૧૯૭૨૦ કરોડ રુપિયાનું વેચાણ નોંધાયું છે, જે ગયા વર્ષની તુલનાએ ૭.૨ ટકા વધારે છે. આ બતાવે છે કે દવાઓની માંગ સતત વધી રહી છે, આવામાં દર્દીઓને યોગ્ય જાણકારી આપવી ઘણી જરૂરી છે.

# દુનિયાના ધનિકોના લિસ્ટમાં મોટો ફેરફાર જોવા મળ્યો

### એલોન મસ્ક, માર્ક ઝુકરબર્ગ અને જેન્સન હુઆંગની કુલ સંપત્તિ લગભગ ૧૦ ટ્રિલિયન ડોલર સુધી પહોંચી



। (એજન્સી) વોશિંગ્ટન, તા.૫ ।

દુનિયાભરના મોટા ઉદ્યોગપતિઓની સંપત્તિમાં ઝડપથી વધારો થયો છે. આ લોકોએ નવી વસ્તુઓ કરીને અને યોગ્ય આયોજન કરીને પોતાની સંપત્તિમાં વધારો કર્યો છે. બદલાતી સંપત્તિની દુનિયામાં, ૫૦૦ સૌથી ધનિક લોકોની કુલ સંપત્તિમાં ભારે વધારો થયો છે. એલોન મસ્ક, માર્ક ઝુકરબર્ગ અને જેન્સન હુઆંગની કુલ સંપત્તિ લગભગ ૧૦ ટ્રિલિયન ડોલર સુધી પહોંચી ગઈ છે. ચાલો જોઈએ કે ફોર્બ્સ અનુસાર જુલાઈ ૨૦૨૫ માં કયા ૧૦ લોકો પાસે સૌથી વધુ સંપત્તિ છે?

એલોન મસ્ક ટેસ્લા અને સ્પેસએક્સના સ્થાપક છે. તાજેતરના ભૂતકાળમાં તેમની સંપત્તિમાં ઘટાડો થયો છે. તેમની આવકનો મુખ્ય સ્ત્રોત ઈલેક્ટ્રિક વાહનો અને અવકાશ ટેકનોલોજી છે. જુલાઈમાં તેમની કુલ સંપત્તિ ઈ૪૦૬.૫ બિલિયન છે. જુલાઈમાં અબજોપતિઓની યાદીમાં મોટો ફેરફાર થયો છે. ઓરેકલના સહ-સ્થાપક લેરી એલિસનની સંપત્તિ જુલાઈ ૨૦૨૫માં વધીને ઈ૨૬૨.૨ બિલિયન થઈ ગઈ. સોફ્ટવેર ક્ષેત્રમાં તેમની મુખ્ય ભૂમિકા છે. માર્ક ઝુકરબર્ગને સોશિયલ મીડિયાના કિંગ કહેવામાં આવે છે. તેઓ ફેસબુકના સ્થાપક છે. જુલાઈ ૨૦૨૫ માં તેમની સંપત્તિ ૫૪.૬ બિલિયન ડોલર સુધી પહોંચી ગઈ. તેમની કંપની સોશિયલ મીડિયા પર પ્રભુત્વ ધરાવે છે. તેઓ યુવાનો માટે પ્રેરણાસ્ત્રોત છે.

આ દિવસોમાં જેફ બેઝોસ તેમના નવા લગ્નને કારણે ખૂબ જ સમાચારમાં છે. એમેઝોનના સ્થાપક જેફ બેઝોસની સંપત્તિ જુલાઈ ૨૦૨૫ માં ઈ૨૩૩.૪ બિલિયન સુધી પહોંચી ગઈ. તેમની કંપની ઓનલાઈન શોપિંગ પર પ્રભુત્વ ધરાવે છે.

રોકાણના જાદુગર તરીકે જાણીતા વોરેન બફેટ બર્કશાયર હેથવેના વડા છે. જુલાઈ ૨૦૨૫ માં તેમની સંપત્તિ ઈ૧૫૧.૬ બિલિયનની નજીક હતી. તેઓ શેરબજારમાં ખૂબ પ્રખ્યાત છે. તેઓ તેમના વિશાળ દાન માટે પણ સમાચારમાં રહે છે.

# મહિલાઓને પ્રેમ જાળમાં ફસાવવા બદલ એક નકલી કોન્સ્ટેબલની ધરપકડ

। (એજન્સી) મુઝફ્ફરનગર, તા.૬ ।

યુપીના મુઝફ્ફરનગર પોલીસે એક નકલી કોન્સ્ટેબલની ધરપકડ કરીને મોટો ખુલાસો કર્યો છે. જે છોકરીઓ અને મહિલાઓને પ્રેમ જાળમાં ફસાવીને શારીરિક શોષણ કરતો હતો. આરોપી પોલીસ યુનિફોર્મ પહેરીને મહિલાઓને ફસાવતો હતો, પછી તેમની સાથે લગ્ન કરતો હતો અને તેમના ઘરેણાં અને પૈસા પડાવી લેતો હતો.

આરોપીની અનેક રાજ્યોમાં ૨૦ થી વધુ ગર્લફ્રેન્ડ છે, જેમાંથી તેણે દસથી વધુ સાથે શારીરિક સંબંધો બનાવ્યા છે. કોતવાલી પોલીસે એક મહિલાની ફરિયાદ પર આરોપીની ધરપકડ કરી અને સમગ્ર મામલો ખુલાસો કર્યો. પોલીસે તેની પાસેથી તેના મોબાઈલમાં ઘણી મહિલાઓના વાંધાજનક વીડિયો અને પોલીસ યુનિફોર્મ કબજે કર્યા છે.

પોલીસ લાઈનમાં માહિતી આપતાં, એસએસપી સંજય કુમાર વર્માએ જણાવ્યું હતું કે એક મહિલાએ શહેર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી હતી કે આરોપી નૌશાદ ત્યાગી ઉર્ફે રિકી ત્યાગી ઉર્ફે રાહુલ ત્યાગી, જે મુર્દાપટ્ટી ગામ, ચરથવલ પોલીસ સ્ટેશનમાં રહે છે, તેણે પોતાને પોલીસ વિભાગમાં કોન્સ્ટેબલ

### નકલી કોન્સ્ટેબલની અનેક રાજ્યોમાં ૨૦ થી વધુ ગર્લફ્રેન્ડ




### તેણે દસથી વધુ સાથે શારીરિક સંબંધો બનાવ્યા : તેના મોબાઇલમાંથી ઘણા અશ્લીલ વીડિયો પણ મળી આવ્યા

તરીકે ઓળખાવીને તેને તેના પ્રેમ જાળમાં ફસાવી હતી. આરોપીએ લગ્નની લાલચ આપીને ૨.૭૫ લાખ રૂપિયા રોકડા અને ૩ લાખ રૂપિયાના દાગીના પડાવી લીધા હતા. પોલીસે ફરિયાદ નોંધીને આરોપીની ચરથવલ રોડ પરથી ધરપકડ કરી હતી.

પોલીસ પૂછપરછ દરમિયાન, આરોપીએ જણાવ્યું હતું કે તેણે આસામ, મેઘાલય, દિલ્હી, ગાઝિયાબાદ, બુલંદશહેર અને મુઝફ્ફરનગરની ઘણી મહિલાઓને તેના પ્રેમ જાળમાં ફસાવી હતી અને તેમની પાસેથી રોકડ અને પૈસા પડાવી લીધા હતા. ગામમાં, તે પોતાને પોલીસ તરીકે ઓળખાવીને દેખાડો કરતો હતો. તેણે ઘણા પોલીસકર્મીઓ સાથે સંબંધો બનાવ્યા છે. છેલ્લા ત્રણ વર્ષથી, આરોપી આ રીતે મહિલાઓને પોતાનો શિકાર બનાવતો હતો. તે મોટે ભાગે તે મહિલાઓને પોતાનો શિકાર બનાવતો હતો જે વિધવા હતી અથવા તેમના પતિથી અલગ રહેતી હતી.

આરોપીની ૨૦ ગર્લફ્રેન્ડ હતી અને તેના મોબાઈલમાંથી વાંધાજનક વીડિયો મળી આવ્યા હતા. પોલીસે ધરપકડ કરાયેલા આરોપીના મોબાઈલની તપાસ કરી ત્યારે તેના મોબાઈલમાંથી ઘણી મહિલાઓના વાંધાજનક વીડિયો મળી આવ્યા હતા. આરોપીએ પોલીસને જણાવ્યું હતું કે તેની ૨૦ ગર્લફ્રેન્ડ છે અને તેણે અત્યાર સુધીમાં દસથી વધુ મહિલાઓને પોતાનો શિકાર બનાવી છે. પોલીસે તેનો મોબાઈલ જપ્ત કરી લીધો છે અને તપાસ શરૂ કરી છે. પોલીસ અન્ય પીડિત મહિલાઓનો પણ સંપર્ક કરવાનો પ્રયાસ કરી રહી છે. આરોપીએ પોલીસ કર્મચારી બનીને સંભલથી તેના મિત્રનો યુનિફોર્મ ચોરી લીધો હતો અને મહિલાઓને પોતાનો શિકાર બનાવી હતી, ત્રણ વર્ષ પહેલા સંભલમાં પોસ્ટ કરેલા તેના મિત્રનો યુનિફોર્મ ચોરી લીધો હતો.

# બેગલેસ ડે : પહેલી વખત હજાર બાળકો સ્કૂલબેગ વગર સ્કૂલે ગયા

## જ્ઞાન સાથે ગમ્મતના અભિગમ પર વિદ્યાર્થીઓને શિક્ષણ પણ અપાયું હતું, ૩૦ ટકા સ્કૂલોમાં અમલ ના થયો

। (એજન્સી) વડોદરા,તા.૬ ।

રાજય સરકારના નિર્ણય બાદ આજે શનિવારના દિવસનો બેગલેસ ડે તરીકે અમલ કરવામાં આવ્યો હતો. વડોદરામાં સેંકડો સ્કૂલોમાં વિદ્યાર્થીઓ બેગ વગર પહોંચ્યા હતા. ભણતરનો ભાર નહીં હોવાથી વિદ્યાર્થીઓના ચહેરા પર આજે ખુશી જોવા મળી હતી.

જોકે પરિપત્રના અમલને લઈને વિસંગતતાઓ પણ જોવા મળી હતી. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની તમામ ૧૨૩ સ્કૂલોમાં બેગલેસ ડેના ભાગરૂપે વિદ્યાર્થીઓને ઈતર પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી. જ્ઞાન સાથે ગમ્મતના અભિગમ પર વિદ્યાર્થીઓને શિક્ષણ પણ અપાયું હતું. તો બીજી તરફ શહેરની સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન સંચાલિત પ્રાથમિક સ્કૂલોમાં બેગલેસ ડે નહોતો રખાયો. આ સ્કૂલોના વિદ્યાર્થીઓ રાબેતા મુજબ જ સ્કૂલ બેગ સાથે સ્કૂલોમાં પહોંચ્યા હતા. ગુજરાત બોર્ડ સંચાલિત પ્રાથમિક સ્કૂલોમાંથી ૭૦ ટકા સ્કૂલોમાં બેગલેસ ડેની સૂચના અગાઉથી અપાઈ હોવાથી વિદ્યાર્થીઓ બેગ વગર સ્કૂલોમાં પહોંચ્યા હતા. હજારો વિદ્યાર્થીઓને બેગનું વજન ઉંચકવું ના પડ્યું હોય તેવું પહેલી વખત બન્યું હતું. જોકે સંખ્યાબંધ સ્કૂલોએ સરકારના પરિપત્રનો અમલ કરવાની દરકાર કરી નહોતી. ખુદ ડીઈઓએ પણ આ વાત સ્વીકારી હતી. ડીઈઓ મહેશ પાંડેએ કહ્યું હતું કે, શહેરની ૩૦ ટકા જેટલી સ્કૂલોમાં આજે બેગલેસ ડે નહોતો રખાયો. કારણકે આ સ્કૂલો શનિવારે કયા પ્રકારની પ્રવૃત્તિ કરવી તેની અવઢવમાં હતી. જોકે આવતા શનિવારથી ૧૦૦ ટકા સ્કૂલોમાં બેગલેસ ડેનો અમલ થશે.એક આચાર્યએ નામ નહીં આપવાની શરતે કહ્યું હતું કે, સ્કૂલને શુક્રવારે સાંજે ડીઈઓ કચેરી તરફથી પરિપત્ર મળ્યો હતો અને ત્યાં સુધીમાં સ્કૂલ છુટી ગઈ હોવાથી વિદ્યાર્થીઓ ઘરે જતા રહ્યા હતા. જોકે શનિવારે અમારી સ્કૂલમાં ઈતર પ્રવૃત્તિના વર્ગો હોય છે જ. પરંતુ અમે બેગ વગર આવવાની સૂચના આપી શક્યા નહોતા. આચાર્ય વિપુલ મહેતાએ કહ્યું હતું કે, અમે આજથી જ સરકારના નિર્ણયનો અમલ કર્યો છે. આજે અમે બાળકોને માત્ર સ્કૂલની ડાયરી જ લઈને આવવા માટે કહ્યું હતું. સ્કૂલમાં બાળકોને યોગા, સમૂહ કવાયત, સાચી જોડણી ઓળખવાની રમત જેવી પ્રવૃત્તિ કરાવી હતી. સીબીએસઈ સ્કૂલના આચાર્ય લીના નાયરે કહ્યું હતું કે, સીબીએસઈ સ્કૂલોને ગુજરાત સરકારનો પિરપત્ર લાગુ પડતો નથી. સીબીએસઈ સ્કૂલોમાં એમ પણ વર્ષમાં સાત દિવસ બેગલેસ ડે રાખવામાં આવે જ છે. જોકે તેમાં શનિવાર નથી હોતો. કારણકે ઘણી સીબીએસઈ સ્કૂલો શનિવારે રજા રાખતી હોય છે. વિપુલ જોષી નામના વાલીએ કહ્યું હતું કે, મારી દીકરીની સ્કૂલમાં આજે બેગલેસ ડે હતો. સ્કૂલ દ્વારા વિદ્યાર્થિનીઓને મહેંદી મૂકતા શીખવાડવામાં આવી હતી તો બીજી તરફ વિદ્યાર્થીઓને એક પ્રોજેક્ટ આપવામાં આવ્યો હતોજે તેમણે અડધો સ્કૂલમાં અને અડધો ઘરે પૂરો કરવાનો હતો.

## ન્યુઝ બોક્ષ

### ડભોઇ પ્રાથમિક શાળાના ૨૦૦૦ના લાંચ કેસમાં પકડાયેલા બે આચાર્ય સસ્પેન્ડ

। (એજન્સી) વડોદરા,તા.૬ ।

વડોદરા જિલ્લામાં ડભોઈ તાલુકામાં પ્રાથમિક શિક્ષકોની શરાફી મંડળીના ઓડિટ માટે લાંચ લેવાના કેસમાં પકડાયેલા બે આચાર્યને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકામાં આવેલી પ્રાથમિક શિક્ષકોની શરાફી મંડળીમાં સરકારી ઓડિટર જયશ્રી હીરાભાઈ સોલંકીને એક શાળા દીઠ ૨૦૦૦ લેખે ૨૦ શાળાના ૪૦,૦૦૦ લાંચ આપવાની ગોઠવણ કરવામાં આવી હતી. જે અંગે એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા છટકું ગોઠવીને એક સ્કૂલની ૨૦૦૦ લાંચ લેતા વસઈ પ્રાથમિક શાળાના આચાર્ય ઘનશ્યામ ભુપેન્દ્રભાઈ પટેલ,નિવૃત્ત શિક્ષક બુધ્ધિસાગર સોમાભાઈ પટેલ, મહેન્દ્રસિંહ ગણપતસિંહ સોલંકી (રહે.ખૂંધિયાપુરા પ્રાથમિક શાળા આચાર્ય) અને નિવૃત્ત શિક્ષક મુકુંદ બાબુભાઈ ચૌહાણને ઝડપી પાડ્યા.

### વડોદરામાં પાન પાર્લરની દુકાનમાં સીસીટીવી કેમેરા ન લગાવનાર સંચાલક સામે કાર્યવાહી

। (એજન્સી) વડોદરા,તા.૬ ।

વડોદરાના પરિવાર ચાર રસ્તા પાસેની પાન પાર્લરની દુકાનમાં સીસીટીવી કેમેરા ન લગાવનાર સંચાલકની પોલીસે જાહેરનામા ભંગ બદલ અટકાયત કરી હતી.

શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા ગુનાઓનું પ્રમાણ ઘટાડી શકાય તે હેતુથી તમામ પાર્ટી પ્લોટ ,પેટ્રોલ ડીઝલ પંપ, ખાનગી કંપનીઓ, શોપિંગ મોલ, હોટલ, રેસ્ટોરન્ટ, મલ્ટિપ્લેક્સ, ફાસ્ટ ફૂડ પાર્લર, ગેસ્ટ હાઉસ, બહુમાળી ઈમારતો વિગેરે સ્થળોએ હાઈડેફીનેશન/નાઈટ વિઝન ધરાવતા સીસીટીવી કેમેરા લગાવવા અંગેનું જાહેરનામું અમલમાં છે. જે અનુસંધાને કપૂરાઈ પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે સમય પરિવાર ચાર રસ્તા પાસેના દિવ્યા આશિષ કોમ્પ્લેક્ષની ક્રિષ્ના ડીલક્ષ પાન પાર્લરની દુકાનમાં સીસીટીવી કેમેરા લગાવેલ ન હોવાનું ધ્યાને આવ્યું હતું. જેથી પોલીસે સંચાલક રાહુલ વિશ્રામભાઈ મારુ (રહે- ભરવાડ વાસ, મોટી બાપોદ ગામ/મૂળ-સાવરકુંડલા)ની જાહેરનામા ભંગ બદલ અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### અતિભારે વરસાદ વરસતા સુરેન્દ્રનગર બેટમાં ફેરવાયું

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૬ ।

સુરેન્દ્રનગર જીલ્લામાં ધોધમાર વરસાદ પડ્યો જે વરસાદ પડ્યા બાદ શહેરમાં વરસાદી પાણી નિકાલની કોઈ યોગ્ય વ્યવસ્થા ન હોઈ અનેક સોસાયટીઓ માં પાણી ભરાઈ રહેતા લોકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે અને રોજ મનપા કચેરીએ ટોળા પાણી નિકાલની માંગ સાથે હલ્લાબોલ કરી રહ્યા છે પરંતુ અધિકારીઓ જાણે લોકોની સમસ્યાઓ માં કોઈ રસ ન હોઈ તેમ થઈ જશે તેવો ઉડાવ જવાબ આપી સંતોષ માને છે. સુરેન્દ્રનગર નવા જંક્શન વિસ્તારમાં વિવેકાનંદ સોસાયટી રામનગર સહિતની સોસાયટીઓ માં પાણી ભરાતા ઘરની બાહાર જવુ મુશ્કેલ બન્યુ છે ત્યારે લોકોની એક જ માંગ છે.

### બૂલેટ ટ્રેનની કામગીરીને લઈને ગિરધરનગર ઓવરબ્રિજ ૨૩ દિવસ રહેશે બંધ

। (એજન્સી) અમદાવાદ,તા.૬ ।

અમદાવાદના પૂર્વમાં ટ્રાફિકથી સૌથી વધુ વ્યસ્ત ઓવરબ્રિજ પૈકીના એક ગિરધર નગર ઓવરબ્રિજને આગામી સમયમાં ૨૩ દિવસ સુધી વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવશે. બૂલેટ ટ્રેનની ચાલતી કામગીરીમાં ટ્રેકના પિલ્લરો પર સેગમેન્ટ લગાવવાનું કામ હાથ ધરવાનું હોવાથી સલામતીના ભાગરૂપે ઓવરબ્રિજ બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. આ અંગેનું જાહેરનામુ પણ પોલીસે બહાર પાડ્યું છે. શાહીબાગ, અસારવા અને અમદાવાદના કોટ વિસ્તારને જોડતા મહત્વના માર્ગ પર આવેલો ગિરધર નગર ઓવરબ્રિજ આગામી ૧૮ જૂલાઈથી ૧૦ ઓગસ્ટ સુધી વાહન વ્યવહાર માટે બંધ રાખવામાં આવશે. જેના વૈકલ્પિક માર્ગ તરીકે કાલુપુર, પ્રેમ દરવાજા તરફથી આવતો ટ્રાફિક ઈદગાહ સર્કલ થઈ અસારવા બ્રિજનો ઉપયોગ કરી ડાબી બાજુ બળિયા લીમડી ચાર રસ્તા થઈને સિવિલ હોસ્પિટલ તરફ જઈ શકશે. જ્યારે શાહીબાગ, ગિરધર નગર તરફથી આવતો ટ્રાફિક ગિરધર નગર સર્કલ કાળકા માતાજીના મંદિર થઈને બળિયા લીમડી ચાર રસ્તાથી સિવિલ હોસ્પિટલ તેમજ અસારવા તરફ જઈ શકશે.

## વિદ્યાર્થીઓ માટે આંખ ઉઘાડતો એક કિસ્સો પ્રકાશમાં

# પાટણમાં નકલી કોલેજનો પર્દાફાશ, BBA-MBAના આપી દેવાયા નકલી સર્ટિફિકેટ

### નવસારીની વિદ્યાર્થિની ડોક્યુમેન્ટ વેરિફિકેશન માટે પાટણ યુનિવર્સિટીમાં આવી હતી જ્યાં ચેક કરતા રેકર્ડમાં કોઈ આવી સંલગ્ન કોલેજ જ નથી તેવું સામે આવ્યું હતું

। (એજન્સી) પાટણ,તા.૬ ।

પાટણમાં નકલી કોલેજનો પર્દાફાશ થયો છે. દરેક વાલીઓ અને વિદ્યાર્થીઓ માટે આંખ ઉઘાડતો એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

જ્યાં નકલી કોલેજ, નકલી સર્ટિફિકેટનું મોટું કૌભાંડ સામે આવ્યું છે. પાટણ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી (HNGU)ના દસ્તાવેજોની ચકાસણીમાં ખુલાસો થયો છે. જ્યાં વેબસાઈટ પર નકલી કોલેજ ઊભી કરી દીધી હતી. આટલું જ નહીં, નકલી કોલેજમાં BBA-MBAનો અભ્યાસ કરી સર્ટિફિકેટ આપી દેવાયા હતા.

કોલેજમાં પ્રવેશ મેળવો તો યુનિવર્સિટી અને કોલેજ ચેક જરૂર કરી લેજો. કેમ કે, પાટણમાં નકલી કોલેજનો પર્દાફાશ થયો છે. જ્યાં




નકલી કોલેજ, નકલી સર્ટિ આપી છાત્રો સાથે ઠગાઈ કરવામાં આવી છે. વડોદરામાં પંચજન્ય ઈન્સ્ટીટ્યૂટ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ નામની કોલેજ ઓનલાઈન બતાવી વિદ્યાર્થીઓ સાથે છેતરપિંડી કરવામાં આવી છે.

ઓનલાઈન પરીક્ષા લઈ યુનિવર્સિટીના નકલી સર્ટિફિકેટ આપ્યા હોવાની વિગતો પણ સામે આવી રહી છે. નવસારીની વિદ્યાર્થિની ડોક્યુમેન્ટ વેરિફિકેશન માટે પાટણ યુનિવર્સિટીમાં આવી હતી. જ્યાં ચેક કરતા રેકર્ડમાં કોઈ આવી સંલગ્ન કોલેજ જ નથી તેવું સામે આવ્યું હતું.ઓનલાઈન પરીક્ષા લઈ યુનિવર્સિટીના નકલી સર્ટિફિકેટ આપ્યા હોવાની વિગતો પણ સામે આવી રહી છે. નવસારીની વિદ્યાર્થિની ડોક્યુમેન્ટ વેરિફિકેશન માટે પાટણ યુનિવર્સિટીમાં આવી હતી.

જ્યાં ચેક કરતા રેકર્ડમાં કોઈ આવી સંલગ્ન કોલેજ જ નથી તેવું સામે આવ્યું હતું.

વિદ્યાર્થિનીએ તેજસ મજબુદાર નામના ખાનગી ઈસમ પાસેથી નકલી ડોક્યુમેન્ટ અને ડિગ્રી સર્ટિફિકેટ મેળવ્યા હતા. ડોક્યુમેન્ટના આધારે HNGU એ B ડિવિઝન પોલીસમાં અરજી કરી છે.

## ૫ સ્વરાજી કાર્યકર્તાની ધરપકડ

# મરાઠી વિવાદ : રોકાણકાર કેડિયાની ઓફિસમાં તોડફોડ



। (એજન્સી) મુંબઈ, તા.૬ ।

કેડિયાએ સોશિયલ મીડિયા પર મરાઠી ન શીખવા અંગે પોસ્ટ કરી અને રાજ ઠાકરેને શું કરવું તે અંગે ચેતવણી આપ્યા બાદ, વરલીમાં રોકાણકાર સુશીલ કેડિયાની ઓફિસ પર હુમલો કરવા બદલ શનિવારે મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS) ના પાંચ સમર્થકોની ધરપકડ કરવામાં આવી હતી. આજે એટલે કે ૦૫ જુલાઈએ તારીખે સવારે મનસેના સમર્થકોએ કેડિયાની ઓફિસના કાચના દરવાજા પર નાળિયેર ફેંક્યા હતા અને ઠાકરે અને મરાઠીના સમર્થનમાં નારા લગાવ્યા હતા. આ ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે. વીડિયોમાં, ઘટનાસ્થળે તૈનાત સુરક્ષા કર્મચારીઓ હુમલાને નિષ્ફળ બનાવવાનો પ્રયાસ કરતા જોવા મળ્યા હતા, જ્યારે ઓફિસના કર્મચારીઓ નાળિયેરથી બચવા માટે શટર તોડવાનો પ્રયાસ કરી રહ્યા હતા. વરલી પોલીસ સ્ટેશનના એક અધિકારીએ જણાવ્યું હતું કે હુમલાના સંદર્ભમાં પાંચ મનસે સમર્થકોની અટકાયત કરવામાં આવી છે અને ઘટનાની તપાસ ચાલી રહી છે. અધિકારીએ કહ્યું કે તેમને પૂછપરછ અને વધુ કાનૂની કાર્યવાહી માટે પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યા છે. હકીકતમાં, કેડિયાએ રાજ ઠાકરેને પડકાર ફેંક્યો હતો અને કહ્યું હતું કે તેઓ મરાઠી શીખશે નહીં.

# વૈભવ સુર્યવંશીએ ઈંગ્લેન્ડમાં કરી કમાલ, પર બોલમાં સદી ફટકારી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

ભારતના સ્ટાર બેટર વૈભવ સૂર્યવંશીનું ઈંગ્લેન્ડમાં ધમાલ મચાવી છે. તેમણે ભારતીય અંડર-૧૯ ટીમ તરફથી રમતાં તેણે ઈંગ્લેન્ડ અંડર-૧૯ સામેની ચોથી યુથ વનડેમાં ૭૮ બોલમાં ૧૩ ચોગ્ગા અને ૧૦ છગ્ગા દ્વારા ૧૪૩ રન બનાવ્યા હતા. આ દરમિયાન તેનો સ્ટ્રાઈક રેટ ૧૮૩.૩૩ રહ્યો હતો. વૈભવ યુથ વનડેમાં સદી ફટકારનાર સૌથી ઝડપી બેટર બની ગયો છે. આટલું જ નહીં, તે યુથ વનડેમાં સૌથી નાની ઉંમરનો સદી બનાવનાર પણ બન્યો છે. સદી ફટકારતી વખતે તેની ઉંમર ૧૪ વર્ષ અને ૧૦૦ દિવસ હતી.

વૈભવે આ સાથે છેલ્લી મેચમાં બનાવેલો પોતાનો જ રેકોર્ડ તોડી દીધો છે. છેલ્લી વનડેમાં તે અંડર ૧૯ યૂથ વનડે એક મેચની ઈનિંગમાં સૌથી વધુ છગ્ગા લગાવનારો ભારતીય ખેલાડી બન્યો હતો. છેલ્લી વનડેમાં વૈભવે ૩૧ બોલમાં ૬ ચોગ્ગા અને ૯ છગ્ગા દ્વારા તેણે ૮૬ રનની ઈનિંગ રમી હતી. આ દરમિયાન તેનો સ્ટ્રાઈક રેટ ૨૭૭.૪૨ નો રહ્યો હતો. હવે ૧૦ છગ્ગા ફટકારીને તેણે તેનો જૂનો રેકોર્ડ પણ તોડી દીધો છે. અંડર ૧૯માં યૂથ વનડેની એક મેચની ઈનિંગમાં સૌથી વધારે છગ્ગા ફટકારવાનો ભારતીય રેકોર્ડ વૈભવ પહેલા રાજ બાવા (૬ છગ્ગા)ના નામે હતો. તેણે ૨૦૨૨માં યુગાંડા સામે આવું કર્યું હતું. પરંતુ વૈભવે પહેલા તેનો રેકોર્ડ તોડ્યો અને હવે પોતાનો જ રેકોર્ડ તોડ્યો છે. ઈંગ્લેન્ડ અંડર ૧૯ ટીમને કેપ્ટન થોમસ રિયૂએ ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. આયુષ મ્હાત્રેના નેતૃત્વ હેઠળની ભારતીય ટીમ સીરિઝ ૨-૧ થી આગળ છે. ટીમ ઈન્ડિયાની પહેલા બેટિંગ કરતી વખતે ઓપનિંગ સારી નહોતી. કેપ્ટન મ્હાત્રે પાંચ રન બનાવીને આઉટ થઈ ગયો હતો. જોકે, એ પછી વૈભવે તેનો કમાલ શરુ કરી ચોગ્ગા અને છગ્ગાનો વરસાદ કર્યો. તેણે કોઈ પણ ઈંગ્લેન્ડ બોલરને છોડ્યો નહીં અને પર બોલમાં સદી પૂરી કરી. વૈભવે ૭૮ બોલમાં ૧૪૩ રનની તોફાની ઈનિંગ રમી અને જોસેફ મૂર્સના હાથે બેન મેયસના હાથે કેચ આઉટ થયો. આઉટ થતાં સુધીમાં તેણે ધૂમ મચાવી દીધી હતી. વૈભવને આવનારા ભવિષ્યનો શ્રેષ્ઠ બેટર માનવામાં આવે છે. તેણે આઈપીએલ ૨૦૨૫માં અનેક રેકોર્ડ પણ તોડી ચૂક્યો છે.

# કોઝવે પર પાણી ફરી વળતા નાની ચીખલીને જોડતો રસ્તો બંધ થયો

। (એજન્સી) તાપી,તા.૬ ।

તાપીના વ્યારામાં ભારે વરસાદના પગલે વ્યારાથી નાની ચીખલીને જોડતો રસ્તો બંધ થયો છે. ભારે વરસાદના પગલે કોઝવે પર પાણી ફરી વળતા રસ્તો બંધ થયો છે. નાની ચીખલી, ચોરવાડનો સંપર્ક તૂટ્યો છે. લોકો જોખમી રીતે કોઝવે ક્રોસ કરવા મજબૂર બન્યા છે.હવામાન વિભાગની આગાહી મુજબ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. તાપીના વ્યારામાં ધોધમાર વરસાદ પડ્યો છે. ધોધમાર વરસાદના પગલે રસ્તાઓ પર પાણી ફરી વળ્યા છે. ભારે વરસાદના પગલે કોઝવે પર પાણી ફરી વળતા લોકોને હાલાકી ભાગવવાનો વારો આવ્યો છે. નાની ચીખલી, ચોરવાડનો સંપર્ક તૂટ્યો છે. લોકો જોખમી રીતે કોઝવે ક્રોસ કરવા મજબૂર બન્યા છે.હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલની વરસાદને લઈ આગાહી સામે આવી છે, અમદાવાદ-ગાંધીનગરમાં આજે વરસાદની સંભાવના રહેલી છે, તો મધ્ય ગુજરાતના કેટલાક ભાગોમાં ભારે વરસાદ થવાની આગાહી અંબાલાલ પટેલે કરી છે, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની સંભાવના રહેલી છે.

## ૧૧ હજાર લોકો સાથે છેતરપિંડી

# સુરત અને રાજકોટમાં કરોડો રૂપિયાની ક્રિપ્ટોકરન્સીનું કૌભાંડ સામે આવ્યું

### આરોપીઓએ લોકો પાસેથી ૭% થી ૧૧% માસિક વ્યાજ આપવાનું વચન આપીને રોકાણ કરાવ્યું હતુ

। (એજન્સી) સુરત,તા.૬ ।

સુરત ક્રાઈમ બ્રાન્ચ અને સાયબર સેલે એક વિશાળ ક્રિપ્ટોકરન્સી અને મલ્ટી લેવલ માર્કેટિંગ (MLM) કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. જેમાં અત્યાર સુધીમાં રૂ. ૨૩૫ કરોડથી વધુના ટ્રાન્ઝેક્શન થયાના પુરાવા મળ્યા છે. આ કૌભાંડ સુરત અને રાજકોટ જેવા શહેરોમાં ફેલાયેલું હતું અને તેમાં ૧૧,૦૦૦થી વધુ લોકોને ઊંચા વળતરની લાલચ આપી છેતરપિંડી કરાઈ હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે. ''ઈનોવેટિવ ટ્રેડિંગ'' નામની કંપનીમાં દરોડા પાડવામાં આવ્યા અને આ દરોડા બાદ ચોંકાવનારી હકીકતો સામે આવી છે.૨૧ જૂન, ૨૦૨૫ના રોજ સુરતના ઉત્તરાણ વિસ્તારમાં આવેલા પ્રગતિ આઈટી પાર્ક ખાતે આવેલી ''ઈનોવેટિવ ટ્રેડિંગ'' નામની કંપનીમાં ડીસીબી ભાવેશ રોઝીયાની આગેવાનીમાં સાયબર સેલે દરોડો પાડ્યો હતો. આ કંપની અને તેની જોડાયેલી ઓર્ગેનાઈઝેશનો જેમ કે ''આઈવી ટ્રેડ'' અને ''સ્કાય ગ્રોથ વેલ્થ મેનેજમેન્ટ'' દ્વારા લોકો પાસેથી



મોટી રકમની લાલચ આપી રોકાણ કરાવતું MLM નેટવર્ક ચલાવવામાં આવતું હતું.

આરોપીઓએ લોકો પાસેથી ૭% થી ૧૧% માસિક વ્યાજ આપવાનું વચન આપીને રોકાણ કરાવ્યું હતું.

કેટલાક કેસમાં વચન આપવામાં આવ્યું હતું કે ૧ લાખના રોકાણ સામે વર્ષમાં ૧૦૦%થી પણ વધુ રિટર્ન મળશે. રોકાણ માટે ૧૮ મહિના સુધી કોન્ટ્રાક્ટ બેસાડવામાં આવતો હતો અને રોકાણકર્તાઓને વિવિધ કેટેગરીમાં વહેંચવામાં આવતા હતા.

આ કૌભાંડના મુખ્ય આરોપીઓમાં અલ્પેશ વઘાસિયા, વિશાલ, અને ઝરીન ગોસ્વામી સહિત રાજકોટના ડેનિશ, તેના પિતા નવીનભાઈ, અને ભાઈનો પણ સમાવેશ થાય છે. તેઓ રિંગરોડ વિસ્તારમાંથી ઓફિસ ચલાવતા હતા. જયસુખ પટોલિયા અને યશ રામજીભાઈ પટોલિયા નામના શખ્સોએ ડમી એકાઉન્ટ ખોલાવીને કરોડો રૂપિયાની હેરફેર કરી હતી.દ્વઝઝઈ્ દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ સ્કીમ સામે ૨૬ જેટલા રાજ્યોમાં ફરિયાદો દાખલ કરવામાં આવી છે. બેંકિંગ રેકોર્ડની તપાસમાં ૨૩૫ કરોડથી વધુના ટ્રાન્ઝેક્શન મળી આવ્યા છે. ઉપરાંત, આંગડિયા માધ્યમથી ૧૦૦ કરોડથી વધુની રોકડ હેરફેર પણ થયાનું બહાર આવ્યું છે.

પોલીસના જણાવ્યા પ્રમાણે કેટલાક મુખ્ય આરોપીઓ દુબઈ નાસી ગયા હોવાની શક્યતા છે. આરોપીઓની ધરપકડ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે પગલાં લેવામાં આવી રહ્યા છે.

સાયબર સેલ અને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કૌભાંડમાં સંડોવાયેલા તમામ વ્યક્તિઓ વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી ચાલુ છે અને નાણાકીય રિકવરી માટે પણ પગલાં લેવામાં આવી રહ્યા છે. આ સાથે જ દેશભરના પીડિતોનો સંપર્ક સાધી તેમના નિવેદનો લેવાઈ રહ્યા છે.

## વ્યાજખોરોનો વધ્યો આતંક

# મહેરવાડા ગામના યુવાને ઝેરી દવા ગટગટાવી આત્મહત્યાનો પ્રયાસ કર્યો

। (એજન્સી) મહેસાણા,તા.૬ ।

મહેસાણામાં વ્યાજખોરોનો આતંકની વધુ એક ઘટના સામે આવી છે. ઊંઝાના મહેરવાડામાં ગામના એક યુવકે ઝેરી દવા પી આત્મહત્યાનો પ્રયાસ કર્યો. આ યુવાને વ્યાજખોરોના ત્રાસથી ઉધઈ મારવાની દવા પીધી હોવાનું સામે આવ્યું છે. યુવાન અત્યારે હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યો છે. આ ઘટનાની જાણ થતાં જ પોલીસે સમગ્ર મામલે તપાસ હાથ ધરી. વ્યાજખોરોમાં કાયદાનો કોઈ ડર જોવા મળતો નથી. જરૂરિયાતમંદ લોકોને નાણાં આપ્યા બાદ તેમની પાસેથી કડક ઉઘરાણી કરવા લાગે છે. દરમિયાન અનેક વખત એવું જોવા મળ્યું છે કે લોકો વ્યાજખોરોને પૈસા આપ્યા બાદ પણ તેમની પાસે પૈસા માગતા રહે છે. મહેરવાડા ગામના યુવાને ઝેરી દવા ગટગટાવતા હાલત વધુ ગંભીર બનતા હોસ્પિટલમાં દાખલ કરાયો છે. યુવક મહેશ સોલંકી દ્વારા વ્યાજખોરો સામે ફરિયાદ કરવામાં આવી. પોલીસ પૂછપરછમાં યુવકે જણાવ્યું કે આર્થિક સંકડામણ હોવાથી જરૂરિયાતને લઈને મેં ૬ લોકો પાસેથી નાણાં ઉધાર લીધા હતા. વ્યાજખોરો પાસેથી ૫ થી ૧૦ ટકા વ્યાજે નાણાં લીધા બાદ તેમને સમય-સમયે મારી આર્થિક શક્તિ મુજબ



પરત પણ કર્યા. આપઘાતના પ્રયાસ કરનાર સોલંકી નામના યુવકે કહ્યું કે મેં મૂડી કરતા વધુ પૈસા આપ્યા છતાં તેઓ ઉઘરાણી કરતા હતા. વ્યાજખોરોએ મારી પાસે કોરા ચેક લખાવી દીધા હતા. અને આ કોરા ચેક બેંકમાં ભરવાની ધમકી આપતા હતા. મેં મહામહેનતે બચત કરી હતી અને આ લોકો મારી પાસેથી પૈસા પડાવવાનો કારસો રચ્યો હતો. મૂડી આપ્યા બાદ પણ વધુ ઉઘરાણી કરતા આખરે મારી બચત ખાલી થઈ જવાના ડરે મેં આ અંતિમ પગલું ભર્યું. ફરિયાદી મહેશ સોલંકીએ વ્યાજખોરો સામે ફરિયાદ કરી. પોલીસે ૬ શખ્સો સામે વિરૂદ્ધ ગુનો નોંધવતા પોલીસે તપાસ હાથ ધરી. અગાઉ પણ મહેસાણામાં વ્યાજખોરોના ત્રાસથી ઈલેક્ટ્રિકની દુકાન ધરાવતા એક વેપારીએ આત્મહત્યા કરી હતી.

### ઘૂંટણસમા પાણી ભરાતા વાહનચાલકો પરેશાન

# ધોધમાર વરસાદે આખા ભરુચ શહેરને જળબંબાકાર કરી દીધું

## ભારે વરસાદને કારણે ભરૂચ શહેરના સેવાશ્રમ માર્ગ સહિતના નીચાણવાળા વિસ્તારોમાં ઘૂંટણસમાં પાણી ભરાયા

। (એજન્સી) ભરૂચ, તા.૬ ।

ગુજરાતભરમાં મેઘરાજાની ધમાકેદાર બેટિંગ ચાલી રહી છે, ત્યારે ભરૂચ શહેર અને જિલ્લામાં મેહુલિયો મન મુકીને વરસી રહ્યો છે. ગત મોડી રાતથી શરૂ થયેલા ધોધમાર વરસાદે આખા શહેરને જળબંબાકાર કરી દીધું છે. ભારે વરસાદને કારણે શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાયા છે, જેના પગલે જનજીવન પર ગંભીર અસર પડી છે. વધુમાં આજે સવારથી જ કાળા ડિબાંગ વાદળો છવાયા છે. ભારે વરસાદને કારણે ભરૂચ શહેરના સેવાશ્રમ માર્ગ સહિતના નીચાણવાળા વિસ્તારોમાં ઘૂંટણસમાં પાણી ભરાયું હોવાનું જોવા મળ્યું છે, જેના કારણે વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ઘણા વાહનચાલકો રસ્તા વચ્ચે અટવાઈ ગયા છે, જ્યારે રિક્ષાચાલકો પોતાની રિક્ષાઓને ધક્કો મારીને આગળ લઈ જતા જોવા મળી રહ્યા છે. ઠેરઠેર જળબંબાકારના દ્રશ્યોથી શહેરની સ્થિતિ ચિંતાજનક બની રહી છે. ભરૂચ શહેરમાં ભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાયા છે. જેના કારણે ખાસ કરીને ટુ-વ્હિલર ચાલકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. લોકોના બાઈક-સ્કૂટર બંધ પડી જતા, તેઓ પોતાના વાહનોને ધક્કો મારીને પાણીમાંથી બહાર કાઢવા મજબૂર બન્યા છે. ભારે વરસાદને કારણે કામ ધંધાની વાત તો દૂર લોકો જરૂર કામ માટે પણ બહાર નીકળી શકતા નથી. ખાસ કરીને શહેરના બાયપાસ રોડ પરની સોસાયટીઓમાં પાણી ભરાવાની વિકટ સમસ્યાને લઈને સ્થાનિક રહેવાસીઓએ ચિંતા વ્યક્ત કરી છે. આ ઉપરાંત ભરૂચ જિલ્લાના અન્ય તાલુકાઓમાં પણ સમયાંતરે વરસાદ વરસી રહ્યો છે. વરસાદના આંકડાઓ પર નજર મારીએ તો, ગઈકાલેથી લઈ આજે (૬ જુલાઈથી ૭ જુલાઈ) છેલ્લા ૨૪ કલાકમાં ભરૂચ શહેરમાં ૧.૨ ઈંચ જેટલો, જ્યારે હાંસોટ તાલુકામાં ૨.૯૯ ઈંચ અને વાલિયામાં ૨.૭૨ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત, અંકલેશ્વર, વાગરા, જંબુસર અને નેત્રંગમાં પણ વરસાદે અસર કરી છે. માત્ર ભરૂચમાં જ નહીં રાજ્યના અનેક વિસ્તારોમાં બારે મેઘ ખાંગા કરીને વરસાદ વરસી રહ્યો છે. જેના કારણે છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં સૌથી વધુ વરસાદ અરવલ્લીના ભીલોડામાં ૬.૬ ઈંચ નોંધાયો છે, જે બાદ બીજા નંબરે તાપીના વ્યારામાં ૫.૫૫ ઈંચ નોંધાયો છે. જેના કારણે અનેક વિસ્તારોમાં જનજીવન પર અસર પડી છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આજે પણ ભરૂચ જિલ્લાના છૂટાછવાયા વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે.

### ૩૨ વર્ષ જૂનો કેસ, થ્રિલર ફિલ્મ જેવી છે કહાની

# ૩૨ વર્ષ જૂના હત્યા કેસમાં આરોપીને પકડી પાડવામાં પોલીસને સફળતા

## મલખાનસિંગ તેની મહિલા મિત્રની ગળું દબાવી અને હત્યા કરી મૃતદેહ ને ત્યાં જ મૂકી અને ફરાર થઈ ગયો હતો

। (એજન્સી) વલસાડ, તા.૬ ।

કહેવાય છે કાનૂન કે હાથ લંબે હોતે હૈ. ગુનેગારો ગમે તેટલા ચાલાક હોય અને ગમે ત્યાં છુપાય પરંતુ એક દિવસ પોલીસના હાથે લાગી જ જાય છે ત્યારે વલસાડ સીટી પોલીસે ૩૨ વર્ષથી નાસ્તા ફરતા હત્યાના કેસના એક આરોપીને છેક ઉત્તર પ્રદેશથી દબોચી લીધો છે. ૩૨ વર્ષ જૂના આ હત્યા કેસના આરોપીને ઝડપવા વલસાડ સીટી પોલીસે જે યુક્તિ અને જે કામગીરી કરી છે તે થ્રિલર ફિલ્મથી કમ નથી. કોણ હતો આ હત્યારો. જે ૩૨ વર્ષથી પોલીસને ચકમો આપી રહ્યો હતો. પરંતુ આખરે હવે હવાલાતની હવા ખાવાનો વારો આવ્યો છે.

વલસાડ શહેરમાં વર્ષ ૧૯૯૪ માં. શહેરના આઝાદ રોડ પર એક ધનમાઈ એપાર્ટમેન્ટ નામની બિલ્ડીંગ નો કન્સ્ટ્રક્શન ચાલી રહ્યું હતું.. આ કોન્ટ્રાક્ટરે આ બિલ્ડીંગના દેખરેખ માટે મલખાન સિંગ ભૂરાસિંગ કુછવાહા નામના એક વોચમેનને નોકરીએ રાખ્યો હતો મૂળ ઉત્તર પ્રદેશનો મલખાનસિંગ કુછવાહા કન્સ્ટ્રક્શન સાઈટ પર ચોકીદારી કરતો હતો . જોકે થોડા સમય બાદ તેની સાથે તેની એક મહિલા મિત્ર રહેવા આવી હતી અને બંને આ કન્સ્ટ્રક્શન સાઈટ પર સાથે રહેતા હતા. જોકે એક દિવસ આ મહિલા મિત્રએ મલખાનસિંગ પાસે ૨૦ હજાર રૂપિયા ની માંગ કરી હતી..આથી બંને વચ્ચે વિવાદ થયો હતો.

મલખાન ને તેની મહિલા મિત્ર અન્ય પુરુષો સાથે પણ સંપર્કમાં હોવાની આશંકા ગઈ હતી. આ મામલે બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થતા મામલો ગરમાયો હતો. આથી આવેશમાં આવી મલખાનસિંગ તેની મહિલા મિત્રની ગળું દબાવી અને નિર્મમ હત્યા કરી મૃતદેહ ને ત્યાં જ મૂકી અને ફરાર થઈ ગયો હતો. વર્ષ ૧૯૯૪ માં બનેલી આ ઘટના બાદ આરોપી મલખાન સિંગ ફરાર થઈ ગયો હતો. જે ને ઝડપવા વલસાડ જિલ્લા પોલીસ દ્વારા અવારનવાર ૩૨ વર્ષથી પ્રયાસો કરવામાં આવી રહ્યા હતા. જોકે આખરે વલસાડ સીટી પોલીસે આરોપીને છેક ઉત્તર પ્રદેશથી દબોચી અને વલસાડ લાવી સળિયા પાછળ ધકેલી દીધો છે.

૩૨ વર્ષથી ફરાર હત્યારો વોચમેન મલખાન સિંહ ઝડપાયા બાદ આ કેસની વિગતો સામે આવી રહી છે. જોકે ૩૨ વર્ષ જૂના કેસના હત્યારા આરોપીને ઝડપવા વલસાડ સીટી પોલીસે જે મહેનત કરી છે અને જે યુકતી અજમાવી છે તે કોઈ ફિલ્મી કહાની થી કમ નથી. આરોપીને ઝડપવા વલસાડ પોલીસે આરોપીના ગામ અને આજુબાજુના ગામ ની મતદાર યાદી મેળવી અને મતદાર યાદીમાં મલખાનસિંગના પરિવારજનોના નામો તારવી તેમાંથી તેમના સરનામા અને મોબાઈલ નંબર મેળવ્યા હતા. ત્યારબાદ કેટલાક મોબાઈલ નંબર પર અને ટ્રેસ કરી તેના પર સતત વોચ રાખી હતી..

## અમદાવાદ શહેરના અનેક વિસ્તારોમાં વરસાદ વરસ્યો

। અમદાવાદ, તા.૬ ।

હવામાન વિભાગની ભારે વરસાદની આગાહી વચ્ચે આજે અમદાવાદ શહેરના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ શરુ થયો છે. શહેરના પ્રહલાદનગર ગાર્ડન, એસજી હાઈવે, સરખેજ, ઈસ્કોન અને ચાંદખેડા વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. બપોર બાદ આકાશમાં કાળા ડિંબાગ વાદળો જોવા મળ્યા હતા. અમદાવાદ શહેરમાં આજે વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે. અમદાવાદના શેલા અને બોપલ વિસ્તારમાં પણ વરસાદ વરસી રહ્યો છે. બોપલમાં ધોધમાર વરસાદ શરુ છે. બોપલમાં મેઘરાજાએ ધડબડાટી બોલાવી છે. બોપલની સોસાયટીઓમાં પાણી ભરવાની શરૂઆત થઈ છે. બોપલના BRTS રુટ ઉપર પણ પાણી ભરાવા લાગ્યા હતા. ઈન્ડિયા કોલોની, શ્યામવૃંદ ટેનામેન્ટ, અભિષેક સોસાયટીના માર્ગો પર પાણી ભરાયા હતા. ભાવનગર શહેરના ભીડભંજન ચોક, જશોનાથ સર્કલ, કાળાનાળા, નવાપરા, ઘોઘા ગેઈટ સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. ભારે પવન સાથે વરસાદનું આગમન થયું છે. લાંબા સમય બાદ વરસાદ વરસતા લોકો પણ ખુશખુશાલ થયા છે. ધોધમાર વરસાદ શરૂ થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. ભારે વરસાદને લઈ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની શરુઆત થઈ ગઈ છે. સુરત શહેરમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. ભારે વરસાદને પગલે સુરત શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાયા છે. ભેસ્તાન વિસ્તારમાં ભારે વરસાદને લઈ પાણી ભરાવાની સ્થિતિ થઈ છે. અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદને પગલે પાણી ભારાય છે. સુરત શહેરમાં ફરી એક વખત પ્રશાસનના પાપે સુરતના નાગરિકો મુશ્કેલીમાં મૂકાયા છે. સુરત શહેરના માર્ગો પર જળબંબાકારની સ્થિતિ છે. વરસાદી પાણી ભરાતા ભેસ્તાન-સચિન માર્ગ બંધ છે. મુખ્ય માર્ગ પાસેની સોસાયટીઓ પાણીમાં ગરકાવ થઈ છે. સુરત શહેરના રસ્તાઓ પર પાણી ફરી વળ્યા છે. ૨ ઈંચથી વધારે વરસાદમાં જ સુરત શહેરમાં જળબંબાકારની સ્થિતિ જોવા મળી રહી છે.

### દીકરાના જન્મ દિવસે જ હોસ્પિટલની બહાર પિતાની હત્યા કરી આ ત્રણેય શખ્સો ફરાર થઈ ગયા હતા

# મિત્રનું ખૂન કરી ભાગેલા શખ્સો આવ્યા પોલીસના સકંજામાં

। અમદાવાદ, તા.૦૬ ।

શહેરના ખોખરામાં આવેલી સંજીવની હોસ્પિટલ બહાર બનેલી હત્યાનો ભેદ પોલીસે ગણતરીના દિવસોમાં ઉકેલી નાંખ્યો છે. મિત્રનું જ ખુન કરીને ભાગી છુટેલા ત્રણ શખ્સોને પોલીસે આખરે સકંજામાં લઈ લીધા છે. દીકરાના જન્મ દિવસે જ હોસ્પિટલની બહાર પિતાની હત્યા કરી આ ત્રણેય શખ્સો ફરાર થઈ ગયા હતા. પરિવારમાં દીકરાના ઘરે દીકરો જન્મ થતા પરિવારમાં ખુશી હતી તેવામાં નવજાતના પિતાની હત્યાની ઘટના બનતા પરિવારમાં માતમ છવાયો હતો. હાલ પોલીસે આ ત્રણેય શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે. અમદાવાદમાં ખોખરા વિસ્તારમાં સંજીવની હોસ્પિટલની બહાર રવિ ખટીક નામના શખ્સની જાહેરમાં છરીના ઘા ઝીકીને હત્યા કરતા સનસનાટી મચી હતી. વસ્ત્રાલ ગામમાં રહેતો રવિ ખટિકની પત્ની ગર્ભવતી હતી. ખોખરામાં સંજીવની હોસ્પિટલમાં એડમિટ કરી હતી. ૧ જુલાઈના રોજ દીકરાનો જન્મ થયો હતો. દીકરાના જન્મની ખુશીઓ થોડીક ક્ષણમાં જ પરિવારમાં માતમ છવાયો હતો. રવિ ખટિક પત્નીને મળવા હોસ્પિટલમાં આવ્યો હતો અને દીકરાને રમાડીને હોસ્પિટલની બહાર નીકળ્યો ત્યારે તેના ત્રણ મિત્રો હાર્દિક ઉર્ફે મોદી શુક્લ, નિખિલ બીસ્ટ અને સાગર રાજાવત ઈકોસ્પોર્ટ ગાડી લઈને આવ્યા હતા. રવિ પર લાકડીઓ અને છરીથી હુમલો કરીને મોતને ઘાટ ઉતારીને ફરાર થઈ ગયા હતા. હાલ પોલીસે આ ત્રણેય શખ્સોને પકડી તપાસ શરુ કરી છે. એસસીએસટી સેલના એસીપી દીપ પટેલે જણાવ્યું કે, ત્રણેય આરોપીની ખોખરા પોલીસે ધરપકડ કરી છે. આ ત્રણેય મિત્રોને રવિ સાથે ધંધામાં કંઈક અદાવત થઈ હતી. પૈસા લેવડ દેવડ બાબતે તકરાર થઈ હતી. ત્યારથી રવિ સાથે મતભેદ ચાલતા હતા તેમજ ઘણીવાર જપાજપી થયેલી છે. એક વર્ષ અગાઉ નીખીલ બિસ્ટને ત્યાં દીકરીનો જન્મ થયો ત્યારે રવિ તેને મારવા હોસ્પિટલ ગયો હતો. હવે ફેસબુકથી રવિના ઘરે દીકરાનો જન્મ થયો તે જાણવા મળતા આ ત્રણેય આરોપી હોસ્પિટલ રવિને મારવા પહોંચી ગયા હતા. આ આરોપીઓ ગાડી લે વેચનો ધંધો કરતા હતા. આ આરોપીઓ સામે પ્રોહિબીશન એક્ટ અને જુગારના ગુના નોંધાયેલા છે. નિખીલ બિસ્ટ છે તેની સામે પ્રોહિબિશનના ગુના છે તે લીસ્ટેડ બુટલેગર છે. હાર્દીક સામે આર્મસ એક્ટના ગુના નોંધાયેલા છે તેના સામે રેપનો ગુનો પણ નોંધાયેલો છે. સાગર રાજવાત સામે પ્રોહીબીશનના ગુના નોંધાયેલા છે. હવે તેમની ધરપકડ કરી હથિયારો સહિત તમામ વસ્તુ મેળવવા માટે રિમાન્ડની પ્રોસીઝર કરી રહ્યાં છીએ.

## બનાસકાંઠા-આણંદમાં વીજ કરંટથી પાંચ લોકોના મોત

। (એજન્સી)બનાસકાંઠા, તા.૬ ।

ગુજરાતમાં વરસાદી માહોલ જામ્યો છે,ત્યારે કોઈપણ ઈલેક્ટ્રિક ઉપકરણોને હાથ અડાડતા પહેલા થોડું સાવધ રહેવાની પડે છે. આ દરમિયાન બનાસકાંઠાથી વીજ કરંટની ચોંકાવનારી ઘટના સામે આવી છે. જ્યા ધરાધરા ગામે વીજ કરંટ લાગવાથી એક પરિવારના ત્રણ લોકોના મોત નિપજ્યાં છે. માતા-પિતા અને પુત્ર ખેતરમાં બોરવેલ ચાલુ કરવા ગયા હતા, જ્યાં તેમને વીજ કરંટ લાગ્યો હતો. હાલ મૃતક પરિવારના મૃતદેહને વાવ ખાતેની સરકારી હોસ્પિટલમાં પીએમ અર્થે ખસેડવામાં આવ્યાં છે. બીજી તરફ આણંદના ઉમરેઠમાં વીજ કંરટ લાગતા બે યુવકના મોત નિપજ્યાં છે.

મળતી માહિતી અનુસાર, વાવ તાલુકાના ધરાધરા ગામે વહેલી સવારે જેઠા મકવાણા, રખુંબેન મકવાણા અને પુત્ર પથુ મકવાણા ખેતરમાં બોરવેલ ચાલુ કરવા ગયા હતા. આ દરમિયાન તેમને જોરદાર વીજ કરંટ લાગ્યો હતો. ઘટનાની જાણ થતાં પરિવાર ઘટનાસ્થળો દોડી આવ્યો હતો. હાલ મૃતદેહને પીએમ અર્થ ખસેડાયા હતાં. ત્યારબાદ આ સમગ્ર ઘટના બાદ ગામમાં શોકનો માહોલ છે. બીજી તરફ આણંદના ઉમરેઠ પાસેના બેચરી ગામે વીજ કંરટ લાગતા બે યુવકના મોત થયા છે. મહોરમ નિમિત્તે કતલની રાત્રીએ તાજીયા રમતા વીજ્ કરંટ લાગ્યો હતો. જેમાં મોહસીનખાન અને હુસેનખાનના મોત નિપજ્યા. નોંધનીય છે કે, તાજીયા રમતા તાજીયા વીજ વાયરને અડી જતાં બન્ને યુવક મોતને ભેટયા હતા.

### ભુજ-નખત્રાણા-લખપત રાજ્ય ધોરીમાર્ગ બંધ

# કચ્છમાં સાંબેલાધાર વરસાદ; અનેક ગામનો સંપર્ક કપાયો

## રાપરના રામવાવ, ભીમાસર, આડેસર, વાગડ સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે

। (એજન્સી) કચ્છ, તા.૬ ।

ગુજરાતમાં ભારે વરસાદની આગાહી વચ્ચે કચ્છ જિલ્લામાં સાંબેલાધાર વરસાદ વરસ્યો છે. કચ્છના અલગ- અલગ તાલુકાઓમાં ક્યાંક ધીમીધારે તો ક્યાંક ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. કચ્છ જિલ્લાના માંડવીના ગ્રામ્ય વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ વરસ્યો છે. અબડાસામાં આવેલા બારા ગામનો સંપર્ક કપાયો છે. ગામની નદીમાં ઘોડાપૂર આવતાં બન્ને કાંઠાનો સંપર્ક કપાયો છે. ગામને જોડતો એક માત્ર રસ્તો પણ બંધ થતાં વાહનવ્યવહાર ખોરવાયો હતો. રાપર, અબડાસા અને નખત્રાણામાં મેઘરાજા મન મુકીને વરસ્યા છે. રાપરના રામવાવ, ભીમાસર, આડેસર, વાગડ સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે. અબડાસાના બાલાપર, રાયધણજર, ચિયાસર, અરજણપર સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ વરસતા ખેતરો વરસાદી પાણીથી તરબોળ થયા હતા. નખત્રાણાના ઉખેડા, જાડાય, જીયાપરા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં પવન સાથે વરસાદ વરસતા ખેડૂતો પણ ખુશખુશાલ જોવા મળ્યા હતા. કચ્છ જિલ્લામાં મેઘરાજાની તોફાની બેટિંગ જોવા મળી હતી. નખત્રાણા, રાપર, માંડવી, અબડાસા, મુંદ્રામાં ધોધમાર વરસાદ વરસ્યો છે. ધોધમાર વરસાદથી નખત્રાણા પાણી પાણી થયું છે. ભુજ-નખત્રાણા-લખપત રાજ્ય ધોરીમાર્ગ બંધ થયો હતો. સુખપર રોહા ગામની બજારમાં નદીની માફક પાણી વહેતા થયા હતા. સલાયા અને નાની ભાડાઈ ગામમાં વરસાદ વરસ્યો છે. મુન્દ્રાના ખાખર, ભુજપુર, ગુંદાળા, દેશલપર, કંઠી સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસતા રોડ-રસ્તા પાણી પાણી થયા હતા. કચ્છ જિલ્લામાં બપોર બાદ ધોધમાર વરસાદ વરસ્યો છે. કચ્છના અબડાસામાં ભારે વરસાદને કારણે નદીઓ બે કાંઠે થઈ છે. અબડાસા તાલુકાની વેલડી નદી બે કાંઠે થઈ છે. નદી બે કાંઠે વહેતી થતા ખેડૂતો ખુશખુશાલ થયા છે. દક્ષિણ ગુજરાત સહિત રાજ્યમાં ધમાકેદાર વરસાદ પડ્યો છે. ગુજરાતમાં પડેલા વરસાદની વાત કરીએ તો સુરત, તાપી, નવસારી, ડાંગમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. તાપીમાં સતત બીજા દિવસે મેઘાની તોફાની બેટિંગ કરી હતી. તાપીના ડોલવણમાં વરસ્યો ૫.૫ ઈંચ, સુરતના બારડોલીમાં પોણા ૫ ઈંચ, સુરતના પલસાણામાં પણ ૪.૨૫ ઈંચ વરસાદ વરસ્યો છે. ડાંગના સુબીરમાં પોણા ૪, વ્યારામાં ૩.૫ ઈંચ વરસાદ, નવસારીના વાંસદામાં ૩.૨૫ ઈંચ વરસાદ વરસ્યો છે.

# સુરતમાં ધોધમાર વરસાદ, રસ્તાઓ પર ફરી જળબંબાકાર

। (એજન્સી) સુરત, તા.૬ ।

હવામાન વિભાગની વરસાદની આગાહીને લઈ આજે વહેલી સવારથી જ સુરત શહેરમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. ભારે વરસાદને પગલે સુરત શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાયા છે. ભેસ્તાન વિસ્તારમાં ભારે વરસાદને લઈ પાણી ભરાવાની સ્થિતિ થઈ છે. અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદને પગલે પાણી ભારાય છે. સુરત શહેરમાં ફરી એક વખત પ્રશાસનના પાપે સુરતના નાગરિકો મુશ્કેલીમાં મૂકાયા છે. સુરત શહેરના માર્ગો પર જળબંબાકારની સ્થિતિ છે. વરસાદી પાણી ભરાતા ભેસ્તાન-સચિન માર્ગ બંધ છે. મુખ્ય માર્ગ પાસેની સોસાયટીઓ પાણીમાં ગરકાવ થઈ છે. સુરત શહેરના રસ્તાઓ પર પાણી ફરી વળ્યા છે. ૨ ઈંચથી વધારે વરસાદમાં જ સુરત શહેરમાં જળબંબાકારની સ્થિતિ જોવા મળી રહી છે. વરસાદી પાણીના કારણે જનજીવનને અસર થઈ છે. મેઘરાજાએ ફરી સુરત મહાનગરપાલિકાની પ્રીમોનસૂન કામગીરીની પોલ ખોલી છે. રાજ્યમાં એક સાથે ત્રણ-ત્રણ વરસાદી સિસ્ટમ સક્રિય થઈ છે. હવામાન વિભાગે આગામી સાત દિવસ સુધી રાજ્યમાં ધોધમાર વરસાદની આગાહી વ્યક્ત કરી છે. હવામાન વિભાગે સાત દિવસ રાજ્યભરમાં વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગ મુજબ આગામી સાત દિવસ રાજ્યના અલગ-અલગ જિલ્લામાં ક્યાંક ભારે તો ક્યાંક હળવો વરસાદ વરસી શકે છે. ભારે વરસાદની આગાહી વચ્ચે માછીમારોને દરિયો ન ખેડવા માટે સૂચના આપવામાં આવી છે. આજે ૧૨ જિલ્લા અને બે સંઘ પ્રદેશ દમણ અને દાદરાનગર હવેલીમાં વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે ૧૬ જિલ્લામાં વરસાદનું યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. અમરેલી, ભાવનગર, નવસારી, વલસાડની સાથે દમણ અને દાદરાનગર હવેલીમાં વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે રાજકોટ, બોટાદ, ગીર સોમનાથ, દીવ, આણંદ, ભરૂચ, સુરત, તાપી, ડાંગમાં વરસાદનું યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. રાજ્યમાં હાલ ત્રણ સિસ્ટમ સક્રિય હોવાથી સાર્વત્રિક વરસાદ નોંધાઈ રહ્યો છે. સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો છે.

